પાક્કો ગુજરાત
ગુજરાતનું વિશ્વસનિય દૈનિક
RNI NO. : GUJGUJ/2016/67425

29
APRIL, 2026
WEDNESDAY

પેજ 2

ઈમાનદારીની સજા? 50 વર્ષથી અડીખમ રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટર થયા 'બ્લેકલિસ્ટ'!

પેજ 3

કેસરિયો ગઢ ગણાતા વોર્ડમાં પહેલીવાર ભાજપના તમામ ઉમેદવારની હાર

પેજ 7

વાવ થરાદની 28 વર્ષીય દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી

પેજ 5

કર્મચારી મિત્રો ને શ્રદ્ધાંજલી -મિત્રાંજલી માટે સહકર્મીઓ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન

I Pakkogujarat/ I VOL : 12 I Issue : 44 I Page : 8 I Price : 1.00/- Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN •MO : 9662420070 •E-Mail : pakkogujarat7@gmail.com

## 6 પાકિસ્તાની સૈનિકોના મોત બાદ જવાબી હુમલો

# પાકિસ્તાનનો અફઘાનિસ્તાન પર મિસાઈલ હુમલો, 7ના મોત:75 ઘાયલ

### ઘાયલોમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, બાળકો અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે

• કાબુલ/ઈસ્લામાબાદ

અફઘાનિસ્તાનના પૂર્વીય પ્રાંત કુનારમાં સોમવારે થયેલા હુમલાઓમાં ઓછામાં ઓછા 7 લોકોના મોત થયા, જ્યારે 75થી વધુ લોકો ઘાયલ થયા હોવાનું જણાવાઈ રહ્યું છે. ઘાયલોમાં યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ, બાળકો અને સામાન્ય નાગરિકોનો સમાવેશ થાય છે.બીબીસી મુજબ સ્થાનિક અધિકારીઓએ જણાવ્યું કે રાજધાની અસદાબાદમાં ઘરોની સાથે-સાથે સૈયદ જમાલુદ્દીન અફઘાની યુનિવર્સિટીને પણ નિશાન બનાવવામાં આવી હતી. તાલિબાન સરકારના ઉપ પ્રવકતા હમદુલ્લાહ ફિતરતે આરોપ લગાવ્યો છે કે આ હુમલા પાકિસ્તાન તરફથી કરવામાં આવ્યા હતા.

તેમનું કહેવું છે કે સોમવારે બપોરે લગભગ 2 વાગ્યે શરૂ થયેલા આ હુમલાઓમાં મોર્ટાર અને રોકેટ હુમલા કરવામાં આવ્યા હતા. જ્યારે બીજી તરફ પાકિસ્તાને આ આરોપોને સંપૂર્ણપણે નકારી કાઢ્યા છે. પાકિસ્તાનના સૂચના મંત્રાલયનું કહેવું છે કે યુનિવર્સિટી અને રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવાની વાત સંપૂર્ણપણે ખોટી છે.આ પહેલા



રવિવારે અફઘાનિસ્તાનના કંધાર વિસ્તારમાં પાકિસ્તાન સાથેની સરહદ પર ફરી હિંસક અથડામણની ઘટના બની હતી. ખામા પ્રેસે સૂત્રોને ટાંકીને દાવો કર્યો હતો કે સ્પિન બોલ્ડક વિસ્તારમાં રાત્રિ દરમિયાન બંને પક્ષો વચ્ચે ફાયરિંગ થયું હતું.જેમાં પાકિસ્તાનના 6 સૈનિકો માર્યા ગયા. તાલિબાની લડવૈયાઓ એક સૈનિકને બંધક બનાવીને લઈ ગયા. પાકિસ્તાની સૈનિકોના હથિયારો પણ લઈ ગયા.જોકે, આ દાવાઓની હજુ પુષ્ટિ થઈ નથી. કહેવામાં આવી રહ્યું છે કે મોડી રાત્રે પાકિસ્તાન તરફથી સરહદ પાર ફાયરિંગ થયું, જેમાં એક સ્થાનિક બાળકનું મોત થયું. આ પછી તાલિબાને જવાબી હુમલો કર્યો.બંને દેશો વચ્ચે પહેલેથી જ તણાવ પ્રવર્તી રહ્યો છે. પાકિસ્તાને માર્ચમાં રાજધાની કાબુલમાં એક નશા મુક્તિ કેન્દ્ર પર પણ હુમલો કર્યો હતો, જેમાં 400થી વધુ લોકોના મોતનો દાવો કરવામાં આવ્યો હતો.બંને દેશો વચ્ચે માર્ચમાં યુદ્ધવિરામ થયો હતો, જેનાથી ઘણા અઠવાડિયાથી ચાલી રહેલી લોહિયાળ અથડામણો અટકી હતી, પરંતુ હવે સ્થિતિ ફરી બગડતી જોવા મળી રહી છે. ચીન ઉપરાંત તુર્કી, કતાર, સંયુક્ત આરબ અમીરાત અને સાઉદી અરબ પણ આ વિવાદનો અંત લાવવાનો પ્રયાસ કરી ચૂક્યા છે.અફઘાનિસ્તાનની રાજધાની કાબુલ પર પાકિસ્તાની હુમલા બાદના ફૂટેજ. ફોટો 17 માર્ચનો છે.પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિ પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમાં આ વર્ષે સંઘર્ષની શરૂઆત 22 ફેબ્રુઆરીએ થઈ હતી. પાકિસ્તાને અફઘાનિસ્તાનના સરહદી વિસ્તારોમાં એરસ્ટ્રાઈક કરી હતી.પાકિસ્તાનના નાયબ ગૃહમંત્રી તલાલ ચૌધરીએ દાવો કર્યો હતો કે સરહદી વિસ્તારોમાં TTPના ઠેકાણાઓ પર કાર્યવાહીમાં ઓછામાં ઓછા 70 લડવૈયાઓ માર્યા ગયા. બાદમાં પાકિસ્તાની અખબાર ડોને આ સંખ્યા 80 સુધી પહોંચવાનો દાવો કર્યો હતો. તેના જવાબમાં અફઘાનિસ્તાને 27 ફેબ્રુઆરીએ પાકિસ્તાન પર હુમલો કર્યો.અફઘાન રક્ષા મંત્રાલયે કહ્યું હતુ કે પાકિસ્તાનને 'યોગ્ય સમયે સખત જવાબ' આપવામાં આવશે. મંત્રાલયે આ હુમલાઓને દેશની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું હતું.પાકિસ્તાન લાંબા સમયથી અફઘાનિસ્તાનની તાલિબાન સરકાર પર દબાણ કરતું રહ્યું છે કે તે પોતાની જમીનનો ઉપયોગ કોઈ પણ આતંકવાદી સંગઠનને ન કરવા દે.ઈસ્લામાબાદનો આરોપ છે કે TTP અફઘાનિસ્તાનથી કાર્યરત છે, જ્યારે તાલિબાન સરકાર આ આરોપોનો સતત ઈનકાર કરતી રહી છે.2001માં અમેરિકાના અફઘાનિસ્તાન પર હુમલા પછી પાકિસ્તાને અમેરિકાનો સાથ આપ્યો. આનાથી TTP નારાજ થઈ ગયું, તે તેને ઈસ્લામ વિરુદ્ધ માનતું હતું.TTPનું માનવું છે કે પાકિસ્તાન સરકાર સાચા ઈસ્લામને માનતી નથી, એટલે તે તેની વિરુદ્ધ હુમલો કરે છે.TTPનો અફઘાન તાલિબાન સાથે ગાઢ સંબંધ છે. બંને જૂથ એકબીજાને સમર્થન આપે છે.2021માં અફઘાન તાલિબાન સત્તામાં આવ્યા પછી પાકિસ્તાને TTPને નિશાન બનાવીને અફઘાનિસ્તાનમાં હુમલા કર્યા.અફઘાન ક્રિકેટરો કાબુલ એરસ્ટ્રાઈક પર ભડક્યા: નવીને કહ્યું-પાકિસ્તાન અને ઈઝરાયલમાં કોઈ ફરક નથી; રાશિદે કહ્યું- અમે ફરીથી બેઠા થઈશુંપાકિસ્તાને સોમવારે રાત્રે ફરી એકવાર અફઘાનિસ્તાન પર એરસ્ટ્રાઈક કરી હતી. પાકિસ્તાની એરફોર્સના ફાઈટર પ્લેનોએ રાજધાની કાબુલના અનેક વિસ્તારોને નિશાન બનાવ્યા.

## ઈરાન પહેલીવાર હોર્મુઝ ખોલવા તૈયાર:અમેરિકાને પણ નાકાબંધી હટાવવા કહ્યું, ટ્રમ્પે ઓફર ઠુકરાવી

### ટ્રમ્પ આ પ્રસ્તાવ માનવા તૈયાર નથી. CNN અનુસાર અમેરિકાનું માનવું છે

ઈરાન પહેલીવાર હોર્મુઝ ખોલવા તૈયાર થઈ ગયું છે. ઈરાને અમેરિકાને દરિયાઈ નાકાબંધી હટાવવાની પણ અપીલ કરી છે. ન્યૂયોર્ક ટાઈમ્સે ત્રણ ઈરાની અધિકારીઓને ટાંકીને આ માહિતી આપી છે.

રિપોર્ટ અનુસાર, ઈરાને અમેરિકાને વાતચીત માટે રવિવારે એક નવો પ્રસ્તાવ આપ્યો. તેમાં કહેવામાં આવ્યું છે કે પહેલા હોર્મુઝ સ્ટ્રેટ ખોલવામાં આવે જેથી યુદ્ધ સમાપ્ત કરવાનો રસ્તો બનશે. આ પછી પરમાણુ મુદ્દે વાતચીત કરવામાં આવશે.

જોકે, ટ્રમ્પ આ પ્રસ્તાવ માનવા તૈયાર નથી. CNN અનુસાર અમેરિકાનું માનવું છે કે જો પરમાણુ કાર્યક્રમ સંબંધિત પ્રશ્નો ઉકેલ્યા વિના હોર્મુઝ ખોલી દેવામાં આવે, તો વાતચીતમાં અમેરિકાની એક મોટી તાકાત નબળી પડી જશે. ખાસ કરીને યુરેનિયમ સંવર્ધન અને બોમ્બના નજીકના સ્તર સુધી જમા કરાયેલા સ્ટોક જેવા મુદ્દાઓ હજુ પણ વણઉકેલ્યા છે.

છેલ્લા કેટલાક અઠવાડિયાથી ઈરાન અને અમેરિકા વચ્ચે પાકિસ્તાન જેવા મધ્યસ્થી દેશો દ્વારા પ્રસ્તાવોની



આપ-લે થઈ રહી છે, પરંતુ પરમાણુ કાર્યક્રમ સાથે જોડાયેલા મહત્વના મુદ્દાઓ પર હજુ સુધી સહમતિ બની શકી નથી.

અમેરિકાની માંગ હતી કે ઈરાન 20 વર્ષ સુધી પોતાનો પરમાણુ કાર્યક્રમ રોકી દે અને પોતાની પાસે રહેલું 440 કિલો સમૃદ્ધ યુરેનિયમ સોંપી દે. ઈરાને આ માંગણીઓને ખૂબ વધારે અને અયોગ્ય ગણાવીને માનવાનો ઈનકાર કરી દીધો હતો.

## ન્યૂઝ બ્રિફ

### અમેરિકાનો વિરોધ નિષ્ફળ! UNમાં ઈરાનને મળી મોટી જવાબદારી, પરમાણુ મુદ્દે જામ્યું વાકયુદ્ધ

સંયુક્ત રાષ્ટ્રમાં સોમવારે પરમાણુ કાર્યક્રમ અને પરમાણુ અપ્રસાર સંધિ (NPT) મામલે ઈરાન અને અમેરિકાના અધિકારીઓ સામસામે આવી ગયા હતા. તેહરાનના પરમાણુ કાર્યક્રમ અને NPT સમીક્ષા સંમેલનના ઉપાધ્યક્ષ તરીકે ઈરાનની પસંદગી થતા અમેરિકાએ આકરો વિરોધ નોંધાવ્યો હતો. જેના કારણે બંને પક્ષો વચ્ચે તીખી શાબ્દિક ટપાટપી જોવા મળી હતી.

અમેરિકી હથિયાર નિયંત્રણ બ્યુરોના સહાયક સચિવ ક્રિસ્ટોફર યૉએ ઈરાન પર પ્રહારો કરતા કહ્યું કે, ઈરાને પોતાની આંતરરાષ્ટ્રીય પ્રતિબદ્ધતાઓ પૂર્ણ કરી નથી. તેમણે વધુમાં જણાવ્યું કે, ઈરાન આંતરરાષ્ટ્રીય પરમાણુ ઉર્જા એજન્સી (IAEA) ને સહયોગ આપવામાં નિષ્ફળ રહ્યું છે. આવા મહત્વના પદ પર ઈરાનની નિમણૂક કરવી એ એક અપમાન સમાન છે.

### ઓડિશામાં બહેનનું હાડપિંજર લઈને બેંક પહોંચ્યો ભાઈ:ખભે લઈને 3 કિમી ચાલ્યો

ઓડિશાના ક્યોંઝરમાં સોમવારે એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો. આદિવાસી વ્યક્તિ જીતુ મુંડા પોતાની મૃત બહેનનું હાડપિંજર લઈને બેંક પહોંચી ગયો. હાડપિંજર જોઈને બેંકમાં અફરાતફરી મચી ગઈ.ખરેખરમાં, જીતુ પોતાની બહેન કલારા મુંડાના ખાતામાંથી 20 હજાર રૂપિયા કાઢવા માંગતો હતો, આ માટે તે ઘણી વાર બેંક પણ ગયો. પરંતુ કર્મચારીઓએ ખાતાધારકને લાવવાનું કહ્યું.જીતુ બેંકમાં પહેલાથી જ કલારાના મૃત્યુની જાણકારી આપી ચૂક્યો હતો. તેમ છતાં તેને કોઈ મદદ ન મળી, આનાથી પરેશાન થઈને તેણે કબરમાંથી હાડપિંજર કાઢીને બેંકમાં રજૂ કર્યું.બહેનનું હાડપિંજર ખભા પર લઈને જીતુ લગભગ 3 કિમી પગપાળા ચાલ્યો. પછી મલ્લિપસીમાં બનેલી ઓડિશા ગ્રામીણ બેંક બ્રાન્ચના વરંડામાં હાડપિંજરને મૂકી દીધું. આ જોઈને ત્યાં હાજર લોકો આશ્ચર્યચકિત થઈ ગયા.પોલીસ અનુસાર, જીતુ અભણ છે અને કાનૂની પ્રક્રિયાથી અજાણ હતો.

### સિક્કિમમાં મોદી બાળકો સાથે ફૂટબોલ રમ્યા:મોદીએ કહ્યું- નાનાકડા મિત્રો સાથે રમવાની બહુ મજા આવી

પીએમ નરેન્દ્ર મોદી સિક્કિમના બે દિવસના પ્રવાસે છે. મોદી મંગળવારે સવારે ગંગટોકમાં બાળકો સાથે ફૂટબોલ રમ્યા. પીએમએ સોશિયલ મીડિયા પર રમતના ફોટા શેર કર્યા. પીએમએ ટ્વિટર પર લખ્યું, 'આ બાળકો સાથે ફૂટબોલ રમીને મને ઉર્જાથી ભરી દીધો, નાનાકડા મિત્રો સાથે રમવાની બહુ મજા આવી. 'પીએમ મોદી બે દિવસીય સિક્કિમ પ્રવાસે છે. આજે તેઓ રાજ્યના 50મા સ્થાપના દિવસ સમારોહના સમાપન કાર્યક્રમમાં ભાગ લેશે અને 4000 કરોડથી વધુના પ્રોજેક્ટ્સનો શિલાન્યાસ કરશે. ત્યારબાદ સવારે 10:30 વાગ્યે રાજધાની ગંગટોકમાં જાહેરસભા પણ કરશે.મોદી સોમવારે સિક્કિમ પહોંચ્યા હતા. ત્યારબાદ તેમણે લિબિંગ હેલિપેડથી ગવર્નર હાઉસ (લોક ભવન) સુધી રોડ શો કર્યો. 16 મે 2025ના રોજ સિક્કિમને રાજ્ય બન્યાને 50 વર્ષ પૂરા થયા હતા.

### 'પાક્કો ગુજરાત'ના ગ્રુપ એડિટર પવન માકન દ્વારા તમામ વિજેતાઓને અભિનંદન; લોકસેવા માટે એકજૂથ થઈ કામ કરવા આહવાન

# ગુજરાતમાં ભાજપનો 'મહા-વિજય': જનતાએ વિપક્ષના સૂપડા સાફ કર્યા, કેસરીયો લહેરાયો!

• અમદાવાદ

ગુજરાતની રાજનીતિમાં ફરીએકવાર ભાજપનો એકચક્રી વિજય થયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપે જે પ્રચંડ બહુમતી મેળવી છે, તેણે સાબિત કરી દીધું છે કે ગુજરાતની જનતાને માત્ર વિકાસની રાજનીતિમાં જ વિશ્વાસ છે. મતદારોએ કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (AAP) ને સદંતર નકારી કાઢીને વિપક્ષી ગઢના કાંગરા વિખેરી નાખ્યા છે.

જનતાનો અતુટ વિશ્વાસ અને ભાજપની રણનીતિ

ચૂંટણી પરિણામોમાં ભાજપનું જે રીતે 'બુલડોઝર' ચાલ્યું છે તેનાથી વિપક્ષી છાવણીમાં સન્નાટો છવાઈ ગયો છે. શહેરી વિસ્તારો હોય કે ગ્રામીણ, દરેક જગ્યાએ ભાજપે પોતાની પકડ મજબૂત કરી છે. જનતાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે તેઓ કોઈ પણ પ્રકારના લોભામણા વાયદાઓ કરતા સ્થિર શાસનને વધુ મહત્વ આપે છે.

ગ્રુપ એડિટર પવન માકનનો વિજેતાઓને ખાસ સંદેશ

આ ભવ્ય વિજય બદલ 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના ગ્રુપ એડિટર શ્રી પવન માકનજીએ તમામ વિજેતા ઉમેદવારોને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા છે.તેમણે આ જીતને લોકશાહીનો વિજય ગણાવતા જનપ્રતિનિધિઓને તેમની જવાબદારીનું ભાન કરાવ્યું છે.

પવન માકનજીનું આહવાન:

'ચૂંટણીમાં જીત મેળવવી એ ગૌરવની વાત છે, પરંતુ જનતાએ જે ભરોસો મૂક્યો છે તેના પર ખરા ઉતરવું એ સૌથી મોટો પડકાર છે. હું તમામ વિજેતા ઉમેદવારોને વિનંતી કરું છું કે હવે પક્ષ અને રાજનીતિથી ઉપર ઉઠીને માત્ર જનતાના હિતમાં અને લોકસેવા માટે એકજૂથ થઈને કાર્ય કરો. લોકોનો આ વિશ્વાસ અકબંધ રહે તે માટે પારદર્શી વહીવટ અને નિષ્ઠાપૂર્વકની કામગીરી અનિવાર્ય છે.'

એકજૂથતાથી વિકાસના પંથે આગળ વધવાનો સમય

પવન માકનજીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાતના સર્વાંગી વિકાસ માટે ચૂંટાયેલા તમામ સભ્યોએ ખભેખભા મિલાવીને ચાલવું પડશે. છેવાડાના માનવી સુધી સુવિધાઓ પહોંચે અને જનતાની સમસ્યાઓનું ત્વરિત નિરાકરણ આવે તે જ આ વિજયની સાચી સફળતા ગણાશે.

'પાક્કો ગુજરાત'નો નજરિયો

ભાજપની આ બમ્પર જીત બાદ હવે જવાબદારી વધી ગઈ છે. વિપક્ષનો સફાયો થયો છે ત્યારે શાસક પક્ષે વધુ સજાગ રહીને લોકોની અપેક્ષાઓ પૂર્ણ કરવાની રહેશે. પવન માકનજીના આહવાનને જો વિજેતા ઉમેદવારો આત્મસાત કરશે, તો ચોક્કસપણે ગુજરાતના વિકાસને નવી ઊંચાઈ મળશે.

## ચીન-પાકિસ્તાનની ઊંઘ હરામ! સંરક્ષણ પાછળ ભારતનો રેકોર્ડબ્રેક ખર્ચ

દુનિયાભરમાં સૈન્ય ખર્ચમાં થઈ રહેલા તોતિંગ વધારા વચ્ચે ભારત હવે વિશ્વમાં પાંચમો સૌથી વધુ સંરક્ષણ બજેટ ધરાવતો દેશ બની ગયો છે. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI)ના તાજેતરના અહેવાલ મુજબ, વર્ષ 2025માં ભારતે પોતાના સંરક્ષણ ખર્ચમાં 8.9 ટકાનો વધારો કર્યો છે, જેની સાથે ભારતનું કુલ સૈન્ય બજેટ 92.1 અબજ ડૉલર પર પહોંચી ગયું છે. આ યાદીમાં અમેરિકા પ્રથમ સ્થાને છે, ત્યારબાદ અનુક્રમે ચીન, રશિયા અને જર્મની આવે છે. મે 2025માં ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા ટૂંકા પરંતુ તીવ્ર સંઘર્ષને કારણે આ ખર્ચમાં ઉછાળો જોવા મળ્યો છે. ડ્રોન, મિસાઈલ અને લડાકુ વિમાનોના વધતા ઉપયોગને જોતા ભારતે પોતાની સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની ફરજ પડી હતી.ભારતની સાથે પાકિસ્તાને પણ પોતાના સૈન્ય ખર્ચમાં 11 ટકાનો વધારો કરીને તેને 11.9 અબજ ડૉલર સુધી પહોંચાડ્યો છે. પાકિસ્તાને મુખ્યત્વે ચીન પાસેથી નવા વિમાનો અને મિસાઈલોની ખરીદી માટે આ વધારાનો ખર્ચ કર્યો છે. વૈશ્વિક સ્તરે સંરક્ષણ પાછળનો કુલ ખર્ચ રેકોર્ડ 2.89 ટ્રિલિયન ડૉલર સુધી પહોંચી ગયો છે, જેમાં ટોચના પાંચ દેશો જ 58 ટકા હિસ્સો ધરાવે છે. અહેવાલ મુજબ, અમેરિકાના સૈન્ય ખર્ચમાં થોડો ઘટાડો થયો છે, પરંતુ યુરોપમાં 14 ટકા અને એશિયા-ઓશિનિયા વિસ્તારમાં 8.1 ટકાનો વધારો નોંધાયો છે.બીજી તરફ, ચીન સતત 31મા વર્ષે પોતાના સૈન્ય બજેટમાં વધારો કરી રહ્યું છે, જે આ વર્ષે 7.4 ટકા વધીને 336 અબજ ડૉલર પર પહોંચ્યું છે. ચીને સૈન્ય ખરીદીમાં ભ્રષ્ટાચાર વિરોધી અભિયાન ચલાવ્યું હોવા છતાં તેના આધુનિકીકરણ અને ખર્ચમાં કોઈ ઘટાડો થયો નથી.

## મમતા રોડ શોમાં 6 કિમી ચાલ્યા; શાહે કહ્યું- ચૂંટણી પછી 7 દિવસ સુધી ફોર્સ રહેશે

• કોલકાતા

પશ્ચિમ બંગાળમાં 29 એપ્રિલે 142 બેઠકો પર મતદાન થવાનું છે. બીજા તબક્કાના મતદાન માટેનો પ્રચાર સોમવારે સાંજે પુરો થઈ ગયો. બુધવારે થનારું મતદાન ચૂંટણીની દિશા અને સત્તાનો માર્ગ નક્કી કરશે. મમતા બેનર્જીએ પ્રચારના છેલ્લા કલાકોમાં દક્ષિણ કોલકાતામાં રોડ શો કર્યો. સુકાંત સેતુથી ગોપાલનગર ક્રોસિંગ સુધી સમર્થકોની ભીડ વચ્ચે 6 કિમી લાંબા રોડ શોમાં મમતા પગપાળા ચાલ્યા.આ તરફ, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બેહાલામાં એક જનસભામાં કહ્યું કે બંગાળમાં વિધાનસભા ચૂંટણી પછી પણ



કેન્દ્રીય દળો ઓછામાં ઓછા સાત દિવસ સુધી તહેનાત રહેશે.

તેમણે કહ્યું, '29 એપ્રિલે મતદાન કરો, ગુંડાઓથી ડરવાની જરૂર નથી. ચૂંટણી પંચે વ્યાપક સુરક્ષા વ્યવસ્થા કરી છે. ભલે ભાજપ સત્તામાં આવે, કેન્દ્રીય દળો અહીં સાત દિવસ સુધી રહેશે.'ભાજપની સૌથી મોટી આશા ઉત્તર 24 પરગના છે.

### 1981માં પણ હોટલમાં અમેરિકાના રાષ્ટ્રપતિ પર પણ ફાયરિંગ થયું હતું

## હીરોઈનને ઈમ્પ્રેસ કરવા માટે હુમલાખોરે રાષ્ટ્રપતિ રીગનને ગોળી મારી હતી

• વોશિંગ્ટન ડીસી

અમેરિકાની રાજધાની વોશિંગ્ટન ડીસીમાં શનિવારે રાત્રે વાર્ષિક વ્હાઈટ હાઉસ કોરેસ્પોન્ડન્ટ્સ ડિનર દરમિયાન ફાયરિંગ થયું. આ કાર્યક્રમમાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ પણ હાજર હતા.

આ ઘટના વોશિંગ્ટન હિલ્ટન હોટલમાં બની હતી. લગભગ 60 વર્ષ જૂની આ હોટલ તેની એમ (M) આકારની ડિઝાઈન માટે જાણીતી છે. અહીં લાંબા સમયથી વ્હાઈટ હાઉસ કોરેસ્પોન્ડન્ટ્સ ડિનર યોજાતું આવ્યું છે. આ ઉપરાંત ફર્સ્ટ લેડી લંચ અને નેશનલ પ્રેયર બ્રેકફાસ્ટ જેવા મોટા કાર્યક્રમો પણ અહીં જ યોજાય




છે.આ હોટલનો ઈતિહાસ પણ ઘણો ચર્ચિત રહ્યો છે. લગભગ 45 વર્ષ પહેલાં અહીં તત્કાલીન રાષ્ટ્રપતિ રોનાલ્ડ રીગન પર જીવલેણ હુમલો થયો હતો, જેમાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.આ હુમલો જોન ડબલ્યુ હિંકલી જુનિયરે કર્યો હતો. તેણે એક ફિલ્મ અભિનેત્રીને ઈમ્પ્રેસ કરવા માટે રાષ્ટ્રપતિ પર 1.7 સેકન્ડમાં 6 ગોળીઓ ચલાવી હતી.ઘટના 30 માર્ચ 1981ની છે. રીગન વોશિંગ્ટન ડીસીમાં એક મીટિંગમાં હાજરી આપ્યા બાદ પોતાની કાર તરફ જઈ રહ્યા હતા. તેમની આસપાસ મીડિયા અને લોકોની ભીડ હતી. અચાનક તે જ ભીડમાંથી નીકળીને એક વ્યક્તિએ રીગન પર ફાયરિંગ શરૂ કરી દીધું.રીગન પર પાંચ ગોળીઓ ચલાવવામાં આવી, પરંતુ તેઓ દરેક ગોળીથી બચી ગયા.

ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો: 9662420070

# સુરતમાં ભાજપનું પ્રચંડ 'બુલડોઝર': 120માંથી 115 બેઠકો પર કેસરીયો, 'આપ'ના ગઢના કાંગરા વિખેરાયા

### સુરતીઓએ વિપક્ષનો સફાયો કર્યો: આમ આદમી પાર્ટી માત્ર 4 અને કોંગ્રેસ માંડ 1 બેઠક પર સમેટાઈ

સુરત:ડાયમંડ સિટી સુરતમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજકીય વિશ્લેષકોને પણ ચોંકાવી દીધા છે. સુરત મહાનગરપાલિકાની 120 બેઠકો પર યોજાયેલી જંગમાં ભારતીય જનતા પાર્ટીએ અકલ્પનીય વિજય મેળવતા 115 બેઠકો પર ભગવો લહેરાવી દીધો છે. ગત ચૂંટણીમાં જે આમ આદમી પાર્ટીએ ભાજપને પરસેવો પાડી દીધો હતો, તે આ વખતે માત્ર 4 બેઠકો પર સીમિત રહી ગઈ છે, જ્યારે કોંગ્રેસનો ગજ વાગતા-વાગતા રહી ગયો અને તેને માત્ર 1 બેઠકથી સંતોષ માનવો પડ્યો છે.

સુરત બન્યું 'વિપક્ષ મુક્ત'?

પરિણામો સ્પષ્ટ દર્શાવે છે કે સુરતની જનતાએ ભાજપના શાસન અને વિકાસના મુદ્દા પર મહોર મારી છે.

* ભાજપનું એકચક્રી શાસન: 120માંથી 115 બેઠકો જીતીને ભાજપે વિપક્ષના સૂપડા સાફ કરી દીધા છે. અનેક વોર્ડમાં તો વિપક્ષી ઉમેદવારોની ડિપોઝિટ પણ ડૂલ થઈ છે.

* આપ (AAP) નું પતન: ગત વખતે 27 બેઠકો જીતીને મુખ્ય વિપક્ષ બનનારી આમ આદમી પાર્ટી આ વખતે જનતાનો ભરોસો જાળવી શકી નથી. માત્ર 4 બેઠકો મળતા પાર્ટીના ગઢ ગણાતા વિસ્તારોમાં પણ ગાબડા પડ્યા છે.

* કોંગ્રેસની દયનીય સ્થિતિ: કોંગ્રેસ લાંબા સમયથી સુરતમાં સંઘર્ષ કરી રહી છે અને આ વખતે પણ માત્ર 1 બેઠક મેળવીને પોતાની હાજરી માંડ પુરાવી શકી છે.

જીત પાછળના કારણો:

1. પેજ સમિતિનું નેટવર્ક: ભાજપના પાયાના કાર્યકરો અને પેજ સમિતિના મજબૂત મેનેજમેન્ટ સામે વિપક્ષી રણનીતિ ટકી શકી નહીં.

2. મોદી મેજિક અને વિકાસ: કેન્દ્ર અને રાજ્ય સરકારની યોજનાઓ તેમજ સુરતમાં મેટ્રો જેવી મોટી પરિયોજનાઓને જનતાએ આવકારી છે.

3. વિપક્ષી જૂથવાદ: આપ અને કોંગ્રેસ વચ્ચે મતોનું વિભાજન થતા તેનો સીધો ફાયદો ભાજપને મળ્યો છે.

# રાજપીપલા નગરપાલિકામાં વોર્ડ 3માં અપક્ષોએ અપસેટ સર્જયો

• રાજપીપલા તા 28

રાજપીપલા નગરપાલિકામાં વોર્ડ 3માં અપક્ષોએ અપસેટ સર્જયો 3 બેઠકો અપક્ષ ને ફાળે અને અને 1 બેઠક ભાજપાને ફાળે ગઈ વસાવા દામિની બેન મહેશભાઈ (અપક્ષ )દિશા બેન મનોજભાઈ માછી (અપક્ષ ),વિપુલભાઈ શનાભાઈ માછી (ભાજપા )અને ઈલ્મુદીન બક્ષી (અપક્ષ )જીત્યા વોર્ડ 3માંભાજપાની પીછે હઠ થઈ છે જેમાં 3અપક્ષો મેદાન મારી ગયાહતાં. આ વોર્ડમાં 3 ભાજપાના ઉમેદવારોને હારનો સામનો કરવો પડ્યો હતો.જેમાં પૂર્વ પ્રમુખ મહેશ વસાવાની દીકરી દામિની વસાવા અપક્ષ માંથી જીત્યા હતા તો તો બીજી તરફ પૂર્વ પ્રમુખ અને ભરતભાઈ વસાવા ના પત્ની ભાજપા ના ઉમેદવાર ભારતીબેન વસાવા હારી જતા ભાજપા માટે મોટા આંચકા સમાન ચોકાવનારું પરિણામ જોવા મળ્યું હતું.

હાઈવોલ્ટેજ

### કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ બિનજરૂરી રીતે હેરાન કરી રહી છે

# અમદાવાદમાં મતગણતરી કેન્દ્ર પર હાઈવોલ્ટેજ ડ્રામા: પોલીસ અધિકારી અને ભાજપના કાર્યકરો વચ્ચે ઉગ્ર બબાલ

### ગુજરાત કોલેજ પાસે પોલીસની કડકાઈ સામે કાર્યકરોનો હંગામો; ઘર્ષણને પગલે ચુસ્ત પોલીસ બંદોબસ્ત તૈનાત

• અમદાવાદ:

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોને લઈને અમદાવાદની ગુજરાત કોલેજ મતગણતરી કેન્દ્ર પર આજે ભારે ઉત્તેજના અને તણાવભર્યા દ્રશ્યો જોવા મળ્યા હતા. મતગણતરી દરમિયાન કેન્દ્રની બહાર પોલીસ અધિકારી અને ભાજપના કાર્યકરો વચ્ચે કોઈ કારણોસર ઉગ્ર બોલાચાલી થતા મામલો બિચક્યો હતો. બંને પક્ષો વચ્ચે થયેલી આ બબાલને કારણે પરિસરમાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બબાલ વધતા જ ગણતરી કેન્દ્ર પર હાજર અન્ય પોલીસ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મામલો વધુ ન વણસે તે માટે વધારાનો પોલીસ કાફલો બોલાવવામાં આવ્યો હતો અને કાર્યકરોને સમજાવીને મામલો શાંત પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચૂંટણીના માહોલમાં ગરમાવો પરિણામો જાહેર થઈ રહ્યા હોય ત્યારે કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ક્યારેક આક્રોશ જોવા મળતો હોય છે,પરંતુ પોલીસ સાથેની આ સીધી અથડામણે ચર્ચા જગાડી છે.આ ઘટનાને પગલે ગુજરાત કોલેજ વિસ્તારમાં લોખંડી



પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે જેથી ગણતરીની પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે.

શું હતી સમગ્ર ઘટના?

મળતી માહિતી મુજબ, ગુજરાત કોલેજ મતગણતરી કેન્દ્ર પર જ્યારે મતગણતરીની પ્રક્રિયા ચાલી રહી હતી, ત્યારે કેન્દ્રની બહાર મોટી સંખ્યામાં રાજકીય પક્ષોના કાર્યકરો એકઠા થયા હતા. સુરક્ષા વ્યવસ્થાના ભાગરૂપે પોલીસ દ્વારા જ્યારે કાર્યકરોને અમુક મર્યાદાથી આગળ વધતા રોકવામાં આવ્યા, ત્યારે ભાજપના કાર્યકરો અને ફરજ પરના પોલીસ અધિકારી વચ્ચે બોલાચાલી થઈ હતી.

* ઘર્ષણનું કારણ: પ્રાથમિક અહેવાલો મુજબ, પાસ અથવા એન્ટ્રી મુદ્દે પોલીસ દ્વારા કરવામાં આવેલી કડકાઈને લઈને કાર્યકરો નારાજ થયા હતા.

* ઉગ્ર દલીલો: કાર્યકરોએ આક્ષેપ કર્યો હતો કે પોલીસ બિનજરૂરી રીતે હેરાન કરી રહી છે, જ્યારે પોલીસનું કહેવું હતું કે તેઓ ચૂંટણી પંચના નિયમોનું પાલન કરી રહ્યા છે.

ઉચ્ચ અધિકારીઓ દોડી આવ્યા

બબાલ વધતા જ ગણતરી કેન્દ્ર પર હાજર અન્ય પોલીસ કર્મચારીઓ અને ઉચ્ચ અધિકારીઓ તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મામલો વધુ ન વણસે તે માટે વધારાનો પોલીસ કાફલો બોલાવવામાં આવ્યો હતો અને કાર્યકરોને સમજાવીને મામલો શાંત પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. ચૂંટણીના માહોલમાં ગરમાવો પરિણામો જાહેર થઈ રહ્યા હોય ત્યારે કાર્યકરોમાં ભારે ઉત્સાહ અને ક્યારેક આક્રોશ જોવા મળતો હોય છે, પરંતુ પોલીસ સાથેની આ સીધી અથડામણે ચર્ચા જગાડી છે.આ ઘટનાને પગલે ગુજરાત કોલેજ વિસ્તારમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે જેથી ગણતરીની પ્રક્રિયામાં કોઈ ખલેલ ન પહોંચે.

### વડોદરાથી સુરત અને રાજકોટ સુધી દિગ્ગજો હાર્યા

# સ્થાનિક સ્વરાજ્યના સંગ્રામમાં 'દિગ્ગજો'ના ગઢ ધરાશાયી જનતાના મિજાજ સામે મોટા માથાઓની પછડાટ!

પછડાટ!

### પૂર્વ IPS અને સેલિબ્રિટીઝના સંતાનોને પણ જનતાએ નકાર્યા

ગુજરાત: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજ્યના રાજકીય માંધાતાઓને ચોંકાવી દીધા છે.આ વખતે જનતાએ પક્ષના કદ કે વ્યક્તિના નામને જોયા વગર પરિવર્તન અને કામના આધારે મહોર મારી હોય તેમ જણાય છે. અનેક બેઠકો પર એવા દિગ્ગજ ચહેરાઓનો પરાજય થયો છે જેઓ પોતાની જીત માટે સો ટકા નિશ્ચિત હતા. આ પરિણામોએ સાબિત કરી દીધું છે કે લોકશાહીમાં જનતા જ ખરેખર ભાગ્યવિધાતા છે.ક્યાં કયા 'મહારથીઓ' પરાજિત થયા?

1. વડોદરામાં કોંગ્રેસને ફટકો:

વડોદરાના રાજકારણમાં વર્ષોથી સક્રિય અને મજબૂત મહિલા નેતા અમીબેન રાવતની હાર થઈ છે. કોંગ્રેસ માટે આ એક મોટો આઘાત માનવામાં આવે છે.

2. પૂર્વ IPS અધિકારીની હાર:

અરવલ્લીના ઓડ બેઠક પરથી ચૂંટણી લડનારા પૂર્વ IPS અધિકારી મનોજ નિનામાને પણ હારનો સામનો કરવો પડ્યો છે. ખાખી છોડીને ખાદી ધારણ કરનારા નિનામા જનતાનો ભરોસો જીતવામાં નિષ્ફળ રહ્યા.

3. સુરતમાં 'આપ'ના સ્ટાર નેતાઓ પછડાયા:

સુરતમાં આમ આદમી પાર્ટીને મોટું નુકસાન થયું છે. પાર્ટીના દિગ્ગજ નેતા મનોજ સોરઠિયા અને ગત ટર્મમાં ચર્ચામાં રહેલા પાયલ સાકરિયાની હાર થઈ છે. સુરતીઓએ આ વખતે 'આપ'ના આ અગ્રણી ચહેરાઓને જાકારો આપ્યો છે.

4. માયાભાઈ આહિરની પુત્રીની હાર:

લાઠી તાલુકા પંચાયતમાં લોકસાહિત્યકાર માયાભાઈ આહિરની પુત્રીએ નસીબ અજમાવ્યું હતું, પરંતુ જનતાએ તેમને પણ વિજયી બનાવ્યા નથી. સેલિબ્રિટી કાર્ડ અહીં કામ ન આવ્યું.

5. રાજકોટ અને ભેંસાણમાં ઉલટફેર:

રાજકોટમાં કોંગ્રેસના ઉમેદવાર આર.જે. આભાની હાર થઈ છે. જ્યારે ભેંસાણ જિલ્લા પંચાયત બેઠક પર પક્ષપલટો કરીને ભાજપમાં આવેલા ભૂપત ભાયાણીને મતદારોએ ઘરભેગા કર્યા છે.

હારના મુખ્ય કારણો પર એક નજર:

*વ્યક્તિગત છબી વિરુદ્ધ પક્ષનો પવન: અનેક જગ્યાએ ઉમેદવાર મજબૂત હોવા છતાં પક્ષ વિરુદ્ધના મોજામાં તેઓ તણાઈ ગયા.

* પક્ષપલટાનો રોષ: ભૂપત ભાયાણી જેવા નેતાઓની હાર સ્પષ્ટ કરે છે કે જનતા હવે પક્ષપલટુઓને સ્વીકારવા તૈયાર નથી.

* નવા ચહેરાઓ પર પસંદગી: મતદારોએ જૂના અને જાણીતા ચહેરાઓ કરતા નવા અને ઉત્સાહી ઉમેદવારો પર વધુ વિશ્વાસ મૂક્યો છે.

રાજકીય વિશ્લેષણ

આ પરિણામો આગામી વિધાનસભાની ચૂંટણીઓ માટે પક્ષો માટે લાલબત્તી સમાન છે. જે નેતાઓ પોતાને અજય માનતા હતા, તેમને જનતાએ અરીસો બતાવી દીધો છે.

હવે આ દિગ્ગજોએ આત્મમંથન કરવાનો સમય પાકી ગયો છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજ્યના રાજકીય માંધાતાઓને ચોંકાવી દીધા છે.

આ વખતે જનતાએ પક્ષના કદ કે વ્યક્તિના નામને જોયા વગર પરિવર્તન અને કામના આધારે મહોર મારી હોય તેમ જણાય છે. અનેક બેઠકો પર એવા દિગ્ગજ ચહેરાઓનો પરાજય થયો છે જેઓ પોતાની જીત માટે સો ટકા નિશ્ચિત હતા.

આ પરિણામોએ સાબિત કરી દીધું છે કે લોકશાહીમાં જનતા જ ખરેખર ભાગ્યવિધાતા છે.ક્યાં કયા 'મહારથીઓ' પરાજિત થયા?

# ઈમાનદારીની સજા? 50 વર્ષથી અડીખમ રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટર થયા 'બ્લેકલિસ્ટ'!

### પુણેનો જંગલી મહારાજ રોડ: 1970માં બન્યો, આજે પણ નથી એક ખાડો કે તિરાડ; ભ્રષ્ટ તંત્રનો જીવતો જાગતો પુરાવો

પુણે: આજના ડિજિટલ યુગમાં જ્યારે કરોડોના ખર્ચે બનતા રસ્તાઓ માત્ર એક જ ચોમાસામાં ધોવાઈ જાય છે, ત્યારે પુણેનો એક રસ્તો સિવિલ એન્જિનિયરિંગ અને ઈમાનદારીની મજબૂત મિસાલ બનીને ઊભો છે.આ છે પુણેનો પ્રખ્યાત 'જંગલી મહારાજ રોડ' (JM Road).નવાઈની વાત એ છે કે આ રસ્તો છેલ્લા 50 વર્ષથી એક પણ ખાડા કે તિરાડ વગર અડીખમ છે, પરંતુ તેનાથી પણ વધુ ચોંકાવનારી વાત આ રસ્તો બનાવનાર કોન્ટ્રાક્ટર સાથે જોડાયેલી છે.અડધી સદી પછી પણ જાળવણીની જરૂર નથી 1970ના દાયકામાં જ્યારે આ રસ્તાનું નિર્માણ કરવામાં આવ્યું, ત્યારે ગુણવત્તાના એવા માપદંડો જાળવવામાં આવ્યા હતા કે આજે 2026માં પણ આ રસ્તા પર પેચવર્ક કરવાની જરૂર પડી નથી.એન્જિનિયરો માટે આ સંશોધનનો વિષય છે કે આટલા દાયકાઓ સુધી ભારે ટ્રાફિક અને અનેક ચોમાસાઓ છતાં રસ્તો જેવો હતો તેવો જ કેમ રહ્યો?કોન્ટ્રાક્ટરોને કેમ 'બ્લેકલિસ્ટ' કરવામાં આવ્યા?આ ઘટના પાછળની



કડવી હકીકત એ છે કે આટલો મજબૂત રસ્તો બનાવનારા કોન્ટ્રાક્ટરોને ભવિષ્યમાં ક્યારેય બીજા કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા નહીં અને તેમને 'બ્લેકલિસ્ટ' કરી દેવામાં આવ્યા. જેની પાછળના મુખ્ય કારણો ચર્ચામાં છે: * ભ્રષ્ટાચારની ચેઈન તૂટી: જો રસ્તો વર્ષો સુધી તૂટે જ નહીં, તો નવી ટેન્ડર પ્રક્રિયા કેવી રીતે થાય? જો રસ્તો બને જ નહીં, તો ભ્રષ્ટ અધિકારીઓ અને નેતાઓને કમિશન ક્યાંથી મળે? * સિસ્ટમનું 'નુકસાન': આ કોન્ટ્રાક્ટરોએ રોડની મજબૂતીમાં બધો જ માલ-સામાન વાપરી નાખ્યો અને સિસ્ટમમાં 'વહિવટ' કરવાનું ટાળ્યું. પરિણામે, તંત્રએ તેમને સાઈડલાઈન કરી દીધા જેથી ફરી કોઈ આવી ટકાઉ વસ્તુ ન બનાવે. આધુનિક એન્જિનિયરિંગ માટે લપડાક પુણેનો આ રોડ એ વાતની સાબિતી છે કે જો દાનત સાફ હોય અને ઈમાનદારીથી કામ કરવામાં આવે, તો રસ્તાઓ પેઢીઓ સુધી ટકી શકે છે. સ્માર્ટ સિટીના નામે દર વર્ષે રસ્તાઓ રિપેરિંગમાં જે હજારો કરોડ રૂપિયા સ્વાહા થાય છે, તે આ જંગલી મહારાજ રોડ સામે એક મોટો સવાલ ઉભો કરે છે.

# થરાદ નગરપાલિકામાં ૨૮ માંથી ૧૯ સીટ ભાજપ ને ૮ કોંગ્રેસ અને ૧ અપક્ષ ને ફાળે ગઇ

### ભાજપ ની બોડી બનતાં કાર્યકર્તાઓ મોં મીઠું કરાવી જશ્ન મનાવ્યો

• અહેવાલ : રાજેશભાઈ જોષી - થરાદ

થરાદ નગરપાલિકાની તાજેતરની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટીએ બહુમતી મેળવી શક્તિશાળી જીત નોંધાવી છે. કુલ ૨૮ બેઠકોમાંથી ભાજપે ૧૯ બેઠકો જીતી સ્પષ્ટ બહુમતી હાંસલ કરી છે. જ્યારે કોંગ્રેસને ૮ બેઠકો મળી છે અને ૧ બેઠક અપક્ષ ઉમેદવારના ફાળે ગઈ છે..બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ મળેલી બેઠકોને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં વધુ સક્રિય રીતે કામ કરવાની વાત કરી છે.આ રીતે થરાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની બહુમતી સાથે નવી બોડી રચાવા જઈ રહી છે, જેને લઈને શહેરના વિકાસ માટે નવી આશાઓ ઉભી થઈ છે.થરાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી, કાર્યકર્તાઓમાં ઉજવણીનો માહોલ

આ પરિણામોથી નગરપાલિકામાં ભાજપની બોડી રચાશે તે નિશ્ચિત બન્યું છે. જીતના સમાચાર મળતા જ ભાજપના કાર્યકર્તાઓમાં ખુશીની લહેર ફરી વળી હતી. કાર્યકર્તાઓએ એકબીજાને મોં મીઠું કરાવી જીતનો જશ્ન મનાવ્યો હતો. શહેરના વિવિધ વિસ્તારોમાં ભાજપ સમર્થકો દ્વારા ઉજવણી, ફટાકડા અને શુભેચ્છાઓનો માહોલ જોવા મળ્યો હતો.

સ્થાનિક નેતાઓએ આ જીતને જનતાનો વિશ્વાસ ગણાવી વિકાસના કામોને વધુ ગતિ આપવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી. બીજી તરફ કોંગ્રેસ પક્ષે પણ મળેલી બેઠકોને ધ્યાનમાં રાખીને આગામી સમયમાં વધુ સક્રિય રીતે કામ કરવાની વાત કરી છે.આ રીતે થરાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપની બહુમતી સાથે નવી બોડી રચાવા જઈ રહી છે, જેને લઈને શહેરના વિકાસ માટે નવી આશાઓ ઉભી થઈ છે.થરાદ નગરપાલિકાની ચૂંટણીમાં ભાજપને સ્પષ્ટ બહુમતી, કાર્યકર્તાઓમાં ઉજવણીનો માહોલ

# ભાલેજમાં કોંગ્રેસનો પંજો મજબૂત:નશીમબાનૂ ખલીફાનો તાલુકા પંચાયત બેઠક પર વિજય



• આણંદ

આણંદ જિલ્લાની ભાલેજ તાલુકા પંચાયત-૨ બેઠક પર યોજાયેલી ચૂંટણીમાં કોંગ્રેસના ઉમેદવાર નશીમબાનૂ ફારૂકભાઈ ખલીફા વિજેતા જાહેર થયા છે. મતગણતરીના અંતે કોંગ્રેસ પક્ષે આ બેઠક પર સફળતા હાંસલ કરી છે. નશીમબાનૂ ફારૂકભાઈ ખલીફા ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (INC) ના ઉમેદવાર તરીકે ચૂંટાયા છે. આ વિજયથી પક્ષના કાર્યકરોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. વિજય બાદ નશીમબાનૂ ખલીફાએ મતદારોનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે આ જીત જનતાના વિશ્વાસ અને પક્ષના સેવાકાર્યોનું પરિણામ છે.પરિણામ જાહેર થતાં જ તેમના સમર્થકોએ તેમને ફૂલહાર પહેરાવી અભિનંદન પાઠવ્યા હતા. ભાલેજ પંથકમાં આ વિજયની ઉજવણી કરવામાં આવી હતી.

### ભૂપત ભાયાણી અગાઉ 'આપ'માંથી જીત્યા બાદ ભાજપમાં જોડાયા હતા

# ઈટાલિયાના ગઢમાં 'કમળ' કરમાયું: ભૂપત ભાયાણીની હાર પાછળના 5 મુખ્ય કારણો, શું પક્ષપલટો નડ્યો?

• સુરત/ભાવનગર:

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોએ રાજ્યના રાજકારણમાં ગરમાવો લાવી દીધો છે. સૌથી વધુ ચર્ચા જે બેઠકની થઈ રહી છે તે છે આમ આદમી પાર્ટીના સ્ટાર પ્રચારક ગોપાલ ઈટાલિયાનો ગઢ. અહીં ભાજપે પૂર્વ ધારાસભ્ય અને પક્ષપલટું નેતા ભૂપત ભાયાણી પર દાવ ખેલ્યો હતો, પરંતુ જનતાએ આ દાવને નકારી કાઢ્યો છે. ગોપાલ ઈટાલિયાના પ્રભુત્વવાળા વિસ્તારમાં ભૂપત ભાયાણીની પછડાટ પાછળ અનેક રાજકીય સમીકરણો જવાબદાર માનવામાં આવી રહ્યા છે. નિષ્ણાતોના મતે, 'આ માત્ર એક વ્યક્તિની હાર નથી, પરંતુ જનતાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે લોકશાહીમાં મતદારોને હળવાશથી ન લઈ શકાય. પક્ષપલટાની રાજનીતિ હવે ગુજરાતમાં મોંઘી પડી રહી છે.

હારના 5 મોટા કારણો:

1. પક્ષપલટાની છબી જનતાને ન રુચી:

ભૂપત ભાયાણી અગાઉ 'આપ'માંથી જીત્યા બાદ ભાજપમાં જોડાયા હતા. મતદારોમાં એવી છાપ પડી કે તેમણે જનતાના વિશ્વાસ સાથે દ્રોહ કર્યો છે.પક્ષપલટો કરનાર નેતાઓને પાઠ ભણાવવાની પરંપરા આ ચૂંટણીમાં પણ જોવા મળી છે.

2. ગોપાલ ઈટાલિયાનું ગ્રાઉન્ડ કનેક્શન:

ગોપાલ ઈટાલિયાએ આ વિસ્તારમાં પોતાના કાર્યકરોનું મજબૂત નેટવર્ક ઊભું કર્યું છે. ઈટાલિયાની આક્રમક શૈલી અને સ્થાનિક પ્રશ્નો પરની પકડ સામે ભાજપનું સંગઠન આ વખતે નબળું સાબિત થયું.

3. ભાજપમાં અંદરોઅંદરનો અસંતોષ:

ભૂપત ભાયાણીને ટિકિટ મળતા જ સ્થાનિક ભાજપના જૂના કાર્યકરોમાં નારાજગી હતી. 'આયાતી' ઉમેદવારને સ્વીકારવા બાબતે પક્ષમાં રહેલો આંતરિક વિખવાદ હારનું મુખ્ય કારણ બન્યો હોય તેમ જણાય છે.

4.પાટીદાર મતોનું ધ્રુવીકરણ:

આ વિસ્તારમાં પાટીદાર મતદારોનો દબદબો છે. ગોપાલ ઈટાલિયાએ પાટીદાર યુવાનોમાં પોતાની લોકપ્રિયતા જાળવી રાખી છે, જ્યારે ભૂપત ભાયાણી મતોના આ ગણિતને ઉકેલવામાં નિષ્ફળ રહ્યા.

5. વિકાસના વાયદા અને જમીની હકીકત:

જનતાએ ભાજપના મોટા વાયદાઓ કરતા વિપક્ષના 'વિકલ્પ' પર વધુ ભરોસો મૂક્યો. ખાસ કરીને મોંઘવારી અને બેરોજગારી જેવા મુદ્દાઓ પર 'આપ'ની રજૂઆત લોકોને વધુ સ્પર્શી ગઈ.

રાજકીય વિશ્લેષકોનું શું કહેવું છે?

નિષ્ણાતોના મતે, 'આ માત્ર એક વ્યક્તિની હાર નથી, પરંતુ જનતાએ સ્પષ્ટ સંકેત આપ્યો છે કે લોકશાહીમાં મતદારોને હળવાશથી ન લઈ શકાય. પક્ષપલટાની રાજનીતિ હવે ગુજરાતમાં મોંઘી પડી રહી છે.'

# અમદાવાદ મનપા ચૂંટણી : કેસરિયો ગઢ ગણાતા વોર્ડમાં પહેલીવાર ભાજપના તમામ ઉમેદવારની હાર

અમદાવાદમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભાજપનો વર્ષો જૂનો અભેદ્ય ગઢ ધરાશાયી થયો છે. ખાડિયામાં કોંગ્રેસની ઐતિહાસિક ક્લિન સ્વિપ કર્યું છે. અમદાવાદ મનપાની ચૂંટણીમાં ખાડિયા વોર્ડના પરિણામોએ સૌને ચોંકાવી દીધા છે. ઘણાં વર્ષો પછી ખાડિયામાં પહેલીવાર ભાજપની આખી પેનલ હારી ગઈ છે.

કોંગ્રેસના વિજેતા ઉમેદવારો

ખાડિયાની પ્રજાએ કોંગ્રેસની આખી પેનલને ભવ્ય વિજય અપાવ્યો છે, જે ચારેય ઉમેદવારના નામ નીચે પ્રમાણે છે.

મીના નાયક

બિરજુબેન ઠક્કર

ધ્રુવ કલાપી

મોહમ્મદ ઈલિયાસ પઠાણ



ભાજપની હારના 3 મુખ્ય કારણો

'ખાડિયા બચાવો આંદોલન'

ખાડિયામાં આડેધડ વધી રહેલા કોમર્શિયલ બાંધકામો સામે સ્થાનિકોમાં ભારે રોષ હતો. આ મુદ્દે ખાડિયા બચાવો આંદોલન ચલાવતા આગેવાને અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી હતી. ભાજપે પૂર્વ ડેપ્યુટી મેયર જેવા દિગ્ગજોને મોકલી તેમને મનાવવા પ્રયાસ કર્યા, પણ નિષ્ફળતા મળી, જે ભાજપને ભારે પડ્યું.

ઐતિહાસિક પોળો ધરાવતો આ વિસ્તાર કોમર્શિયલ બાંધકામોને કારણે પોતાની અસલ ઓળખ ગુમાવી રહ્યો છે. પરિવારો મોટા થતા અને સમસ્યાઓ વધતા મૂળ અમદાવાદીઓ (ભાજપની પરંપરાગત વોટબેંક) અહીંથી સ્થળાંતર કરી ગયા છે. એસઆઈઆર બાદ અહીંથી અંદાજે 25,000 જેટલા મતદારોના નામ કમી થયા, જે હારનું નિર્ણાયક કારણ બન્યું.

ભાજપે આ વખતે પણ વિકાસના મુદ્દે મત માંગ્યા હતા, પરંતુ સ્થાનિકો માટે હેરિટેજ મકાનોની જાળવણી અને આડેધડ કોમર્શિયલ બાંધકામ રોકવા એ મુખ્ય મુદ્દો હતો. કોંગ્રેસ અને અપક્ષોએ આ જ નસો પકડીને ભાજપના ગઢમાં ગાબડું પાડ્યું છે.

## નર્મદા જિલ્લા પંચાયતના મજબૂત ભાજપના ઉમેદવાર સંજય વસાવાની ભૂંડી હાર

• રાજપીપલા, તા 28

નર્મદા જિલ્લા પંચાયતના મજબૂત ભાજપના ઉમેદવાર સંજય વસાવાની ભૂંડી હાર થઈ છે. ડેડીયાપાડામાં વજનદાર ગ્લાસ નો કાચ તૂટ્યો હતો. ડેડીયાપાડા ખાતે એટીવીટીની બેઠકમાં તાલુકાપંચાયત પ્રમુખ સંજય વસાવા પર કાચનો ગ્લાસ છુટ્ટો ડેડીયાપાડા આપના ધારાસભ્ય ચૈતર વસાવાએ મારી હુમલો કરવાની પોલીસ ફરિયાદ થઈ હતી જેની સામે ધારાસભ્યની ધરપકડ થઈ હતી અને ત્રણ મહિના જેલમાં જવુ પડ્યું હતું ગ્લાસ મારી હુમલો કરવાનો કોઈ વિડિઓ ફૂટેજ કે પુરાવા રજૂ ન કરી શકનાર ભાજપની ફરિયાદને કારણે ચૈતર વસાવાને એક વર્ષ સુધી ડેડીયાપાડા મત વિસ્તારમાં ન ફરવાનું ફરમાન કર્યું હતું.

સિંદૂર

ભારતનો સંરક્ષણ ખર્ચ અને ઓપરેશન સિંદૂર

# ભારત દુનિયાનો 5મો સૌથી મોટો સૈન્ય ખર્ચ કરતો દેશ બન્યો, ઓપરેશન સિંદૂર બાદ સૈન્ય પાછળનો ખર્ચ વધ્યો

### સિપરી (SIPRI)ના આંકડા દર્શાવે છે કે, ભારતના પાડોશી દેશોએ પણ પોતાની સેના પર ખર્ચ વધાર્યો છે

અમદાવાદ : વર્ષ 2025માં દુનિયાભરમાં પોતાની સેનાઓ પર સૌથી વધુ ખર્ચ કરનારા દેશોની યાદીમાં ભારત પાંચમા સ્થાને રહ્યું છે. વૈશ્વિક સૈન્ય ખર્ચમાં ભારતની હિસ્સેદારી 3.2% રહી છે. પાકિસ્તાન આ મામલે ભારતની આસપાસ પણ ઊભેલું દેખાતું નથી. સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (SIPRI) દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રિપોર્ટ અનુસાર, અમેરિકા (USA), ચીન, રશિયા અને જર્મની આ લિસ્ટમાં ટોપ 4 દેશો છે. ત્યારબાદ ભારત 5મા નંબર પર છે. 2025માં ભારતનો સૈન્ય ખર્ચ 92.1 અબજ ડોલર રહ્યો, જે અગાઉના વર્ષની સરખામણીમાં 8.9% વધુ છે. આ વધારાનું એક મોટું કારણ પાકિસ્તાન વિરુદ્ધ ચલાવવામાં આવેલું ઓપરેશન સિંદૂર હતું. આ સૈન્ય અભિયાન દરમિયાન સેનાને યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર રાખવા સશસ્ત્ર દળોએ તાત્કાલિક ધોરણે હથિયારો અને સાધનસામગ્રીની ઘણી



મહત્વપૂર્ણ ખરીદીઓ કરી હતી.

સિપરી (SIPRI)ના આંકડા દર્શાવે છે કે, ભારતના પાડોશી દેશોએ પણ પોતાની સેના પર ખર્ચ વધાર્યો છે. દુનિયામાં બીજો સૌથી મોટો સૈન્ય ખર્ચ કરતો દેશ ચીન છે. તેણે પોતાના સંરક્ષણ બજેટમાં 7.4% નો વધારો કર્યો છે, જેનાથી તેનો કુલ ખર્ચ 336 અબજ ડોલર થઈ ગયો છે. જ્યારે પાકિસ્તાને આર્થિક પડકારો હોવા છતાં સૈન્ય ખર્ચમાં 11% નો વધારો જોવા મળ્યો છે. માત્ર 11.9 અબજ ડોલરના ખર્ચ સાથે પાકિસ્તાન આ 40 દેશોની યાદીમાં 31મા સ્થાને છે. સૈન્ય પાછળ ખર્ચ કરનાર ટોચના ત્રણ દેશોમાં અમેરિકા, ચીન અને રશિયા મળીને વૈશ્વિક સૈન્ય ખર્ચનો 51% હિસ્સો કવર કરે છે. આ ત્રણેય દેશોએ કુલ 1,480 અબજ ડોલરનો ખર્ચ કર્યો છે. વર્ષ 2025માં આખી દુનિયાનો સૈન્ય ખર્ચ વધીને 2,887 અબજ ડોલરના રેકોર્ડ સ્તરે પહોંચી ગયો છે.

વૈશ્વિક સ્તરે ખર્ચ વધવાનું સૌથી મોટું કારણ યુરોપ રહ્યું, જ્યાં સૈન્ય ખર્ચમાં 14% નો વધારો (કુલ 864 અબજ ડોલર) થયો છે. રશિયા-યુક્રેન યુદ્ધના ચોથા વર્ષમાં પ્રવેશવા અને નાટો (NATO) દેશો દ્વારા શસ્ત્રસજ્જ થવાની કોશિશોને કારણે શીત યુદ્ધ (Cold War) પછી યુરોપમાં આ સૌથી ઝડપી વાર્ષિક વધારો છે.

હથિયારોની આયાતમાં ભારત અને રશિયા પર ઘટતી નિર્ભરતા માર્ચમાં પ્રકાશિત સિપરીના અન્ય એક રિપોર્ટ 'ટ્રેન્ડ્સ ઈન ઈન્ટરનેશનલ આર્મ્સ ટ્રાન્સફર્સ' અનુસાર, 2016-20 અને 2021-25ના સમયગાળા વચ્ચે ભારતની હથિયારોની આયાતમાં 4% નો ઘટાડો આવ્યો છે. આયાતમાં સ્થાન: ઘટાડા છતાં, ભારત હજુ પણ સૈન્ય હાર્ડવેરની આયાત કરતો દુનિયાનો બીજો સૌથી મોટો દેશ (Importer) છે. વૈશ્વિક હથિયાર આયાતમાં તેનો હિસ્સો 8.2% છે. તેનું મુખ્ય કારણ ચીન અને પાકિસ્તાન સાથે સરહદ પર ચાલી રહેલો તણાવ છે. જો કે, છેલ્લા એક દાયકામાં ભારતે પોતાની ખરીદ નીતિમાં મોટો ફેરફાર કર્યો છે. ભારત હવે રશિયાને બદલે પશ્ચિમી દેશો (ખાસ કરીને ફ્રાન્સ, ઈઝરાયલ અને અમેરિકા) તરફ વળી રહ્યું છે. ભારતની કુલ હથિયાર આયાતમાં રશિયાનો હિસ્સો 2011-15 માં 70% હતો, જે 2016-20 માં ઘટીને 51% અને 2021-25 માં 40% રહી ગયો છે. આમ છતાં, વર્તમાનમાં ભારતને સૈન્ય હાર્ડવેર પૂરા પાડતા ટોચના ત્રણ દેશો રશિયા, ફ્રાન્સ અને ઈઝરાયલ જ છે. ઓપરેશન સિંદૂરની પૃષ્ઠભૂમિ અને વર્તમાન પડકારોને ધ્યાનમાં રાખીને, ભારત સરકારે 1 ફેબ્રુઆરીએ રજૂ કરેલા 2026-27 ના કેન્દ્રીય બજેટમાં સંરક્ષણ ક્ષેત્ર માટે મસમોટી રકમ ફાળવી છે. સંરક્ષણ બજેટમાં 15% થી વધુનો વધારો કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ ક્ષેત્ર માટે કુલ રૂ. 7.85 લાખ કરોડ ફાળવવામાં આવ્યા છે. તેમાંથી રૂ. 2.19 લાખ કરોડનો મૂડી ખર્ચ (Capital Outlay) રાખવામાં આવ્યો છે. આ ફંડનો ઉપયોગ સીધી રીતે સશસ્ત્ર દળોની ક્ષમતા વધારવા માટે થશે. જેમાં નવા ફાઈટર જેટ, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ, હેલિકોપ્ટર, યુદ્ધજહાજ, સબમરીન, આર્ટિલરી ગન, સ્માર્ટ હથિયારો, મિસાઈલો, રોકેટ અને અનેક પ્રકારની માનવરહિત (ડ્રોન) સિસ્ટમની ખરીદી સામેલ છે.

### શું આમ આદમી પાર્ટીના દિગ્ગજો કેસરીયો ધારણ કરશે?

# 'આપ'માં ભંગાણના એંધાણ? કેલાસદાન ગઢવીના દાવાઓએ ગુજરાતના રાજકારણમાં મચાવ્યો ખળભળાટ!

ખળભળાટ! ગઢવીના ધડાકાથી નેતૃત્વના હોશ ઉડ્યા; ગુજરાતમાં મોટા રાજકીય ઉલટફેરના સંકેત

• અમદાવાદ:

ગુજરાતનું રાજકારણ અત્યારે ગરમાયેલું છે, અને તેમાં પણ ખાસ કરીને આમ આદમી પાર્ટી (AAP) માટે ચિંતાના વાદળો ઘેરાયા હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં કેલાસદાન ગઢવી દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા દાવાઓએ પ્રદેશ રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. ગઢવીના આ નિવેદનોએ એ પ્રશ્ન ઊભો કર્યો છે કે, શું ગુજરાતમાં 'આપ'નું અસ્તિત્વ જોખમમાં છે અને શું પાર્ટીના મજબૂત સ્તંભો હવે ભાજપ તરફ પ્રયાણ કરી રહ્યા છે?

કેલાસદાન ગઢવીના 'રાજકીય બોમ્બ' પાછળનું સત્ય?

કેલાસદાન ગઢવીએ કરેલા વિશ્લેષણ અને દાવાઓ માત્ર હવામાં નથી, પણ તેના પાછળ અનેક કડવી હકીકતો છુપાયેલી હોઈ શકે છે:

* આંતરિક અસંતોષ: પાર્ટીના અનેક જુના અને પાયાના કાર્યકરો વર્તમાન પ્રદેશ નેતૃત્વની કાર્યશૈલીથી નારાજ છે.

* ભાજપના સંપર્કમાં નેતાઓ: દાવા મુજબ, 'આપ'ના અનેક મોટા ચહેરાઓ અને હાલમાં ચૂંટાયેલા કેટલાક પ્રતિનિધિઓ પડદા પાછળ ભાજપના નેતાઓ સાથે સંપર્કમાં છે.

* વિચારધારાનું પતન: કાર્યકરોમાં એવી ચર્ચા છે કે પાર્ટી પોતાની મૂળ વિચારધારાથી ભટકી રહી છે, જેના કારણે 'સેફ પેસેજ' તરીકે ભાજપ તેમને વધુ આકર્ષક લાગી રહ્યો છે.

શું 'આપ'નો ગઢ ધરાશાયી થશે?

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પરિણામોમાં ભાજપે જે રીતે પ્રચંડ બહુમતી મેળવી છે, ત્યારબાદ વિપક્ષી છાવણીમાં ફફડાટ છે. કેલાસદાન ગઢવીના દાવા જો સાચા સાબિત થાય, તો આગામી દિવસોમાં ગુજરાતમાં મોટું 'ઓપરેશન લોટસ' જોવા મળી શકે છે. રાજકીય પંડિતો માની રહ્યા છે કે જો એકવાર પક્ષપલટાનો સિલસિલો શરૂ થશે, તો તેને રોકવો નેતૃત્વ માટે અશક્ય બની જશે.

ભાજપની 'વેઈટ એન્ડ વોચ'ની રણનીતિ

બીજી તરફ, ભારતીય જનતા પાર્ટી આ આખી ઘટના પર અત્યારે શાંતિથી નજર રાખી રહી છે. ભાજપ હંમેશા મજબૂત વિપક્ષી નેતાઓને પોતાના પક્ષમાં ભેળવીને વિપક્ષને નબળો પાડવાની રણનીતિમાં માહેર છે. કેલાસદાન ગઢવી જેવા અનુભવી નેતાના આ દાવાઓ ભાજપ માટે રસ્તો વધુ સરળ બનાવી રહ્યા હોય તેવું જણાય છે.

રાજકારણમાં કશું પણ કારણ વગર નથી હોતું. કેલાસદાન ગઢવીનો અનુભવ જોતા તેમના દાવાઓને હળવાશથી લઈ શકાય તેમ નથી.

1. નેતૃત્વ માટે કસોટી: ઈસુદાન ગઢવી અને અન્ય ટોચના નેતાઓ માટે હવે પોતાના ધારાસભ્યો અને કાઉન્સિલરોને એકજૂથ રાખવા એ સૌથી મોટો પડકાર છે.

2. કાર્યકરોનો વિશ્વાસ: જો ગ્રાઉન્ડ લેવલના કાર્યકરો ભાજપ તરફ આકર્ષાય, તો તે 'આપ'ના સંગઠનની મોટી નિષ્ફળતા ગણાશે.

3. ભવિષ્યનું ચિત્ર: શું ગુજરાત ફરીથી 'ટુ-પાર્ટી' (ભાજપ વિરુદ્ધ કોંગ્રેસ) સિસ્ટમ તરફ જઈ રહ્યું છે? આ પ્રશ્ન અત્યારે કેન્દ્રસ્થાને છે.

કેલાસદાન ગઢવીના દાવાઓએ માત્ર 'આપ'ને જ નહીં, પણ ગુજરાતના મતદારોને પણ વિચારતા કરી દીધા છે. આ માત્ર પદ માટેનો મોહ છે કે વિચારધારાનો અંત? પાક્કો ગુજરાત આ રાજકીય હિલચાલની દરેક પળ પર પોતાની તીક્ષ્ણ નજર રાખશે. ગુજરાતનું રાજકારણ અત્યારે ગરમાયેલું છે, અને તેમાં પણ ખાસ કરીને આમ આદમી પાર્ટી (AAP) માટે ચિંતાના વાદળો ઘેરાયા હોય તેવું લાગી રહ્યું છે. તાજેતરમાં કેલાસદાન ગઢવી દ્વારા કરવામાં આવેલા ચોંકાવનારા દાવાઓએ પ્રદેશ રાજકારણમાં ભૂકંપ સર્જ્યો છે. ગઢવીના આ નિવેદનોએ એ પ્રશ્ન ઊભો કર્યો છે કે, શું ગુજરાતમાં 'આપ'નું અસ્તિત્વ જોખમમાં છે અને શું પાર્ટીના મજબૂત સ્તંભો હવે ભાજપ તરફ પ્રયાણ કરી રહ્યા છે?

# ગુજરાત હાઈકોર્ટે સુરતની મેજિસ્ટ્રેટ કોર્ટનો હુકમ રદ કર્યો

### કસ્ટડીમાં આરોપીને માર મારવાના કેસમાં DCP રાજદીપસિંહ નકુમ અને PI ગોજીયા વિરુદ્ધ સમન્સ નીકળ્યું હતું

• અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટે સુરતના DCP રાજદીપસિંહ નકુમ અને PI આર.બી. ગોજીયા વિરુદ્ધ નીચલી અદાલતે કાઢેલ સમન્સ રદ કરવાનો આદેશ આપ્યો છે. BNSSની જોગવાઈઓનો હવાલો આપતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ સરકારી અધિકારી વિરુદ્ધ કાયદાકીય પગલાં ભરતા પહેલા તેમના ઉપરી અધિકારીનો રિપોર્ટ મેળવવો અને અધિકારીને સાંભળવા જોઈએ. આ ઘટનાની વિગતો મુજબ સુરતના કુખ્યાત આરોપી મનીષ કુકરી અને તેના સાગરીતોની હત્યાની કોશિશના ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન મનીષ કુકરીએ સુરતની કોર્ટમાં એવો આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કસ્ટડી દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન ઈન્ચાર્જ DCP રાજદીપસિંહ નકુમ હાલ SOG DCP અને વરાછાના પૂર્વ પીઆઈ આર.બી. ગોજીયા સહિતના સ્ટાફે તેને માર માર્યો છે. આ આક્ષેપોને ગંભીરતાથી લઈને સુરતની મેજિસ્ટ્રેટ



કોર્ટે 13 જૂન, 2025 ના રોજ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ 115 અને 54 મુજબ ગુનો નોંધી સમન્સ જારી કર્યા હતા. સુરત કોર્ટના આ આદેશને પડકારતા DCP અને PI દ્વારા ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા. અરજદારો તરફથી એડવોકેટ દ્વારા રજૂઆત કરતા જણાવ્યું હતું કે, નીચલી અદાલતે નવા અમલી બનેલા કાયદા BNSSની કલમનું અનુસરણ કર્યું નથી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે કોઈ જાહેર સેવક પોતાની સત્તાવાર ફરજ બજાવતો હોય, ત્યારે તેની વિરુદ્ધ સીધી રીતે ગુનાની નોંધ લઈ શકાય નહીં. આ કેસની સુનાવણી બાદ જસ્ટિસ હાઈકોર્ટે નોંધ્યું હતું કે, CRPC અને નવી BNSS વચ્ચે પાયાનો તફાવત છે. હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું કે મેજિસ્ટ્રેટે ગુનો નોંધતા પહેલા જે-તે અધિકારીના ઉપરી અધિકારી પાસેથી ઘટનાનો સત્યતા અંગેનો રિપોર્ટ મંગાવવો જરૂરી હતો. કાયદા મુજબ જે-તે પોલીસ કર્મીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈએ, જે સુરત કોર્ટે આપી નહોતી. હાઈકોર્ટે સુરત મેજિસ્ટ્રેટનો આદેશ રદ કર્યો છે અને નવેસરથી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપી છે.

# 145 પેસેન્જરનો શ્વાસ રુંધાયો : ટેક ઓફ પહેલાં કોચીની ફ્લાઈટમાં AC બંધ

### સુરક્ષાના કારણોસર પાઈલટે ફ્લાઈટ રન-વે પરથી પાછી વાળવી પડી

અમદાવાદ : અમદાવાદથી કોચી જતી ઈન્ડિગોની ફ્લાઈટમાં ટેકઓફ પહેલા એસી બંધ થઈ જતા ગરમીમાં શ્વાસ રૂંધાવા લાગ્યો હતો. પાયલોટે સુરક્ષાના કારણોસર ફ્લાઈટને રન-વે પરથી પાછી વાળવી પડી હતી. આમ ફ્લાઈટમાં સવાર 145 પેસેન્જરોને શ્વાસ લેવામાં તકલીફ પડી હતી. જ્યારે ફ્લાઈટ જમીન પર હોય છે, ત્યારે કુલિંગ માટે ઓક્સિલરી પાવર યુનિટ વપરાય છે. ગરમીમાં આ સિસ્ટમ્સ વધુ ગરમ થઈ શકે અને ક્યારેક ઓવરલોડ કે ટ્રિપ થઈ જાય છે.\થોડા દિવસ પહેલા ફ્લાય દુબઈ એરલાઇનની અમદાવાદથી દુબઈ જતી ફ્લાઈટને વહેલી સવારે ટેકઓફ વખતે બર્ડહિટ થયું હતું. માઈનર બર્ડહિટ હોવાથી ફ્લાઈટને દોઢ કલાક બાદ રવાના કરાયું હતું.

ફ્લાઈટ નિર્ધારિત સમયે ટેકઑફ માટે ટેક્સિંગ કરી મુખ્ય રન-વે પર જાય તે પહેલા એસી કામ કરતું બંધ થઈ ગયું હતું જેના કારણે સવાર પેસેન્જરોનો શ્વાસ રૂંધાય તે પહેલા પાઈલોટે એર ટ્રાફિક કંટ્રોલરનો સંપર્ક કરી ટેકઓફ રિજેક્ટ કરી તાત્કાલિક રનવે પરથી પાછી વાળવી પડી હતી. ટેકનિશિયનોએ એરક્રાફ્ટને રિપેરિંગ કરતા બપોરે 1.16 કલાકે એટલે કે અઢી કલાકના વિલંબ બાદ રવાના કરતા પેસેન્જરોએ રાહત અનુભવી હતી.

આ કારણોસર એસીમાં ખામી સર્જાય છે

જ્યારે ફ્લાઈટ જમીન પર હોય છે, ત્યારે કુલિંગ માટે ઓક્સિલરી પાવર યુનિટ વપરાય છે. ગરમીમાં આ સિસ્ટમ્સ વધુ ગરમ થઈ શકે અને ક્યારેક ઓવરલોડ કે ટ્રિપ થઈ જાય છે.\થોડા દિવસ પહેલા ફ્લાય દુબઈ એરલાઇનની અમદાવાદથી દુબઈ જતી ફ્લાઈટને વહેલી સવારે ટેકઓફ વખતે બર્ડહિટ થયું હતું. માઈનર બર્ડહિટ હોવાથી ફ્લાઈટને દોઢ કલાક બાદ રવાના કરાયું હતું.

## રાજપીપલા વિજય સરઘસમાં તાલુકા પંચાયતના ભાજપાના ઉમેદવારે જાહેરમાં નોટોનો વરસાદ વરસાવ્યો



• રાજપીપલા, તા 28

રાજપીપળા ખાતે જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતના પરિણામો ધીમે ધીમે જાહેર થઈ રહ્યા હતા..તેમાં ભાજપ આગળ છે કોંગ્રેસે પણ ખાતું ખોલાવ્યું છે. આમ આદમી પાર્ટીના ઉમેદવારો પણ વિજેતા થયા છે. જેમાં વિજેતાઓના સરઘસો ધીમે ધીમે રાજપીપળા નગરના મુખ્ય માર્ગો પરથી પસાર થતા લોક આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા જેમાં સૌથી વધુ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું ગામકુવા તાલુકા પંચાયતના ભાજપના ઉમેદવાર રૂપિયા 50ની નોટોની થપ્પી હાથમાં લઈ જાહેરમાં નોટોનો વરસાદ વરસાવતા નજરે પડ્યા હતા.50 ની નોટો ઉડાવતા લોકો એને લેવા માટે પાપડી કરતા પણ જોવા મળ્યા હતા.ભાજપના આ વિજેતા ઉમેદવારે રૂપિયાનો વરસાદ વરસાવતા લોકોમાં પણ આશ્ચર્ય સર્જાયું હતું.

### ભાજપ અને AAP વચ્ચે કાંટાની ટક્કર બાદ 'ચિઠ્ઠી' ઉછળી અને નસીબે ભાજપને આપ્યો દગો!

# કેશોદમાં ભાજપના હાથમાં આવેલો કોળિયો છીનવાયો: 'ટાઈ' પડી છતાં કમળ કેમ કરમાયું?

• કેશોદ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં સૌરાષ્ટ્રના કેશોદમાં એક એવી ઘટના બની જેણે ક્રિકેટની સુપર ઓવર જેવો રોમાંચ જગાવ્યો હતો. અહીં ભાજપ અને આમ આદમી પાર્ટી (AAP) વચ્ચે જબરદસ્ત જંગ ખેલાયો હતો. મતોની ગણતરીના અંતે જ્યારે બંને પક્ષોને સરખા મતો મળ્યા, ત્યારે મામલો 'ટાઈ' પર આવીને અટક્યો હતો. જોકે, આ હાઈવોલ્ટેજ ડ્રામાના અંતે ભાજપના નસીબે સાથ ન આપ્યો અને આમ આદમી પાર્ટીનો વિજય થયો.

કેવી રીતે સર્જાયો હાર-જીતનો ખેલ?

કેશોદની આ બેઠક પર મતગણતરીના છેલ્લા રાઉન્ડ સુધી ભારે રસાકસી જોવા મળી હતી. ગણતરી પૂરી થતા ભાજપના ઉમેદવાર અને 'આપ'ના ઉમેદવાર બંનેના મતો એકસમાન નીકળ્યા હતા. ચૂંટણીના નિયમો મુજબ, જ્યારે બે ઉમેદવારો વચ્ચે ટાઈ પડે ત્યારે હાર-જીતનો નિર્ણય 'લોટરી' અથવા 'ચિઠ્ઠી' ઉછાળીને કરવામાં આવે છે.

ચિઠ્ઠીમાં કોનું નસીબ ચમક્યું?

ચૂંટણી અધિકારીની હાજરીમાં બંને ઉમેદવારોના નામની ચિઠ્ઠીઓ બનાવીને એક પાત્રમાં રાખવામાં આવી હતી. આખા વિસ્તારની નજર એ ડબ્બા પર હતી કે તેમાંથી કોનું નામ નીકળશે. જ્યારે ચિઠ્ઠી ખોલવામાં આવી ત્યારે તેમાં આમ આદમી પાર્ટીના ઉમેદવારનું નામ નીકળ્યું હતું.

* ભાજપની કમનસીબી: ભાજપે સત્તાના જોરે અને સંગઠનની તાકાતે પૂરો જોર લગાવ્યો હતો, પરંતુ કુદરતે છેલ્લી ઘડીએ 'આપ' પર મંજૂરીની મહોર મારી.

* નિયમનો ફટકો: જો એક પણ મત આમતેમ થયો હોત તો ચિત્ર અલગ હોત, પણ સરખા મતો બાદ નસીબના ખેલમાં ભાજપે હાર સ્વીકારવી પડી.

ભાજપની હારના મુખ્ય કારણો:

1. મતદારોનું વિભાજન: આ બેઠક પર મતોનું એટલું સચોટ વિભાજન થયું કે કોઈ સ્પષ્ટ વિજેતા બની શક્યું નહીં.

2. AAPની મજબૂત પકડ: ભાજપના ગઢમાં ઘૂસીને મતોને સરખા સ્તર પર લાવી દેવા એ 'આપ'ની રણનીતિની સફળતા ગણાય.

3. ભીતરઘાતની આશંકા: સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યું છે કે ભાજપના જ કેટલાક મતો અન્યત્ર ડાયવર્ટ થતા આ સ્થિતિ સર્જાઈ હતી.

રાજકીય માહોલ ગરમાયો

ચિઠ્ઠી દ્વારા મળેલી આ જીત બાદ આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, જ્યારે ભાજપ છાવણીમાં સોપો પડી ગયો હતો. આ ઘટનાએ સાબિત કરી દીધું કે લોકશાહીમાં ક્યારેક એક મત તો ઠીક, પણ નસીબની એક ચિઠ્ઠી પણ આખી બાજી પલટી શકે છે.

# જેતપુર-ધોરાજી ચૂંટણી જાહેરનામાના ધજાગરા જેતપુર અને ધોરાજીમાં પ્રતિબંધ છતાં રાજકીય સરઘસોની ધૂમ

## જિલ્લા મેજિસ્ટ્રેટના કલમ-૧૬૩ના આદેશની ઐસીતૈસી, તંત્ર મૌન



જેતપુરઃ રાજકોટ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીને લઈ વહીવટી તંત્ર સજ્જ બન્યું છે, પરંતુ બીજી તરફ રાજકીય ઉત્સાહમાં કાયદાનું પાલન થતું હોય તેવું દેખાતું નથી. જેતપુર અને ધોરાજી પંથકમાં જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. ઓમ પ્રકાશના જાહેરનામાનો સરેઆમ ભંગ કરી અનેક જગ્યાએ સરઘસો કાઢવામાં આવ્યા હોવાની ઘટનાઓ સામે આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ૨૬ એપ્રિલે મતદાન યોજાનાર છે. આ પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થાય તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા તા. ૦૪/૦૪/૨૦૨૬ થી ૩૦/૦૪/૨૦૨૬ સુધી સમગ્ર રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં સભા અને સરઘસ પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. હુકમ મુજબ અધિકૃત અધિકારીની પૂર્વ પરવાનગી વગર ૪ થી વધુ વ્યક્તિઓએ એકઠા થવું ગુનો બને છે. જેતપુર અને ધોરાજીના ગ્રામ્ય વિસ્તારોમાં જે રીતે વરઘોડા કે સ્મશાન યાત્રા સિવાયના રાજકીય મેળાવડાઓ જોવા મળ્યા છે, તે જોતા પોલીસ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે. જાહેરનામામાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે આ હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ હેઠળ ગુનો નોંધી જે-તે પોલીસ સ્ટેશનના ASI કે તેથી ઉપરના અધિકારીએ ફરિયાદ કરવાની રહેશે. હવે જોવાનું એ રહે છે કે, કાયદો તોડનારા આ 'મોટા માથાઓ' સામે ખાખી વરદી કડક હાથે કામ લેશે કે પછી કાગળ પરના આદેશો માત્ર કાગળ પર જ રહી જશે?

# આણંદની વિદ્યાર્થિની જાનવી સોલંકીએ મેળવી પેટન્ટ ગેસ યુઝ કંટ્રોલિંગ મીટર ડિવાઈસ' માટે નોંધાવી સિદ્ધિ

• આણંદ

આણંદ સ્થિત સ. વ. પટેલ ઉચ્ચ પ્રાથમિક શાળા (ખેતીવાડી) ની વિદ્યાર્થિની જાનવી ધર્મેશભાઈ સોલંકીએ વિજ્ઞાન અને સંશોધન ક્ષેત્રે મહત્વની સિદ્ધિ મેળવી છે. તેણે 'ગેસ યુઝ કંટ્રોલિંગ મીટર ડિવાઈસ' નામનું એક ઉપકરણ તૈયાર કર્યું છે, જેના માટે તેને પેટન્ટ મળી છે. ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત 'આઈપી સેલ' પ્રોજેક્ટ હેઠળ જાનવીએ આ વિશિષ્ટ ઉપકરણ વિકસાવ્યું છે. આ શોધ માટે પેટન્ટ રજિસ્ટર કરવામાં આવી છે, જે જાનવી અને તેની શાળા માટે એક નોંધપાત્ર સિદ્ધિ છે. આ સિદ્ધિ બદલ શાળા પરિવાર અને ચરોતર એજ્યુકેશન સોસાયટી દ્વારા જાનવીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

સૂપડા સાફ

### કોંગ્રેસ મુક્ત થતા ધારાસભ્ય મુકેશ પટેલનું સ્વપ્નું સાકાર થયું

# ઓલપાડ તાલુકામાં કોંગ્રેસ અને 'આપ' ઉપર ભાજપનું સ્ટીમ રોલર ફરતા બંન્ને પક્ષના સૂપડા સાફ

## તા.પં.ની ૨૪-જિ.પં.ની ૦૫ સીટ પર ભાજપનો ભગવો લહેરાયો-તાલુકામાં ફરી ક્લીન સ્વીપથી કોંગ્રેસ મુક્ત

• ઓલપાડ,તા.૨૮



ઓલપાડ તાલુકામાં કોંગ્રેસ અને 'આપ' ઉપર ભાજપનું સ્ટીમ રોલર ફરતા બંન્ને પક્ષના સૂપડા સાફ થતા ઓલપાડ તાલુકો ફરી વખત કોંગ્રેસ મુક્ત થતા ધારાસભ્ય મુકેશ પટેલનું સ્વપ્નું સાકાર થયું છે.ઓલપાડ તા.પં.ની કુલ ૨૪ સીટ પૈકી ૧૩ બિનહરીફ બાદ બાકીની ૧૧ સીટની ચૂંટણીના મતની ગણતરી દરમ્યાન આ બેઠકો ઉપર પણ ભાજપનો ભગવો લહેરાતા ક્લીન સ્વીપના કારણે ઓલપાડ તા.પં.માં ભાજપે ફરી સત્તા કબજે કરી છે.જ્યારે તાલુકામાં સમાવિષ્ટ જિ.પં.ની ૦૫ સીટ પૈકી ૦૩ બિનહરીફ બાદ બાકીની ૦૨ સીટની ચૂંટણીના મતની ગણતરી દરમ્યાન પિંજરત સીટના ભાજપ ઉમેદવાર હેમંત ઈશ્વરભાઈ પટેલ સુ.જિ.પં.સામાન્ય ચૂંટણીના ઈતિહાસમાં ૧૪,૪૬૫ સૌથી વધુ લીડ મતથી વિજય બની અગાઉના વિજેતા ઉમેદવારોનો રેકડ તોડ્યો છે.જ્યારે આપ પાર્ટીના ઉમેદવારોને તાલુકાના મતદારોએ નકારતા તમામ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઈ છે.આ ઉપરાંત તા.પં.ની મોર સીટના કોંગ્રેસ ઉમેદવાર અને ઓલપાડ તાલુકા કોંગ્રેસ સંગઠનના કાર્યકારી પ્રમુખ હેમલ કાંતિ પટેલ સહિત,કીમ-૨,દાંડી અને આપના ઉમેદવાર જતિન શંકર પટેલ સીટ મળી કુલ ૦૪ ઉમેદવારોની ડિપોઝીટ ડુલ થઈ છે.જ્યારે જિ.પં.ની ઓલપાડ અને પિંજરત સીટ મળી કુલ ૧,૦૨૪ મતદારોએ તથા તા.પં.ની ૧૧ સીટ ઉપર કુલ ૧,૨૦૪ મતદારોએ પોતાના મતદાન સમયે નોટાનો ઉપયોગ કરી તમામ ઉમેદવારોને નકાર્યા હતા.ઓલપાડ તાલુકામાં સમાવિષ્ટ સુ.જિ.પં.ની ૦૫ સીટ પૈકી ભલભલા રાજકીય નેતાઓને માથું ખંજવાળતા કરી દે તેવી સૌથી સ્ફોટક ગણાતી સાયણ સીટ ઉપર કોંગ્રેસ મોવડી મંડળે કોંગ્રેસના મજબુત નેતા દર્શન નાયકનું પત્તુ કાપી ભાજપ સાથે રહી ચુકેલા સાયણના મુકેશ નાથુભાઈ પટેલને ટીકીટ આપી હતી.જો કે કોંગ્રેસી ઉમેદવાર મુકેશ પટેલ પાણીમાં બેસી જતા આ બેઠક ઉપર ધારાસભ્ય મુકેશ પટેલના જમણા હાથ ગણાતા તાલુકા ભાજપ સંગઠનના પૂર્વ પ્રમુખ બ્રિજેશ ભગવતીભાઈ પટેલ બિનહરીફ વિજેતા થયા હતા.જ્યારે કીમ સીટ ઉપર કોંગ્રેસ અને અપક્ષના મૂરતિયાએ ઉમેદવારી ખેંચી લેતા ભાજપના અનુબેન જયેશભાઈ દેસાઈ બિનહરીફ વિજેતા થયા હતા. તે જ રીતે મોર જિ.પં.સીટ ઉપર કોંગ્રેસના ઉમેદવાર નિલમબેન સંદિપભાઈ પટેલે ઉમેદવારી પરત ખેંચતા ભાજપના ભાવનાબેન રાકેશ પટેલ બિનહરીફ વિજેતા થતા ભાજપે મતદાન પહેલા જ ત્રણ બેઠકો કબજે કરી હતી.જ્યારે કાંઠાની પિંજરત સીટ ઉપર કોંગ્રેસને તાલુકાનો ઉમેદવાર ન મળતા ચોર્યાસી તાલુકાના મલગામા ગામના ભરત હરજીવન પટેલને ટીકીટ આપી હતી.જેથી આયાતી ઉમેદવારને પિંજરત સીટના મતદારોએ નકારતા તેને માત્ર ૨,૫૮૧ મત મળ્યા હતા. જ્યારે આમ આદમી પાર્ટીના બાબુ છગનભાઈ પટેલને ૬૨૧ મત મળતા તેની ડિપોઝીટ ડુલ થઈ હતી.જેના પગલે ત્રિપાંખિયા જંગવાળી પિંજરત સીટ ઉપર ભાજપના ઉમેદવાર હેમંત ઈશ્વરભાઈ પટેલનો ૧૪,૪૬૫ મતની લીડથી ભવ્ય વિજય થયો હતો.જ્યારે ઓલપાડ ટાઉન મા આનંદ કહાર ની ટીમે વિકાસ કામો મા રંગ લાવી ઓલપાડ ટાઉન ની બન્ને સીટે ભવ્ય વિજય થયો અને તાલુકા મથકની ઓલપાડ સીટ ઉપર ચૂંટણી લડી તાલુકા કોંગ્રેસ સંગઠનના પૂર્વ પ્રમુખ અતુલ હરજીવન પટેલને માત્ર ૪,૪૮૪ મત તથા ઓલપાડ તાલુકા આમ આદમી પાર્ટીના પ્રમુખ જતિન શંકરભાઈ પટેલ(એડવોકેટ) ને માત્ર ૭૦૯ મત મળતા તેમની ડિપોઝીટ ડુલ થઈ હતી.જેથી આ સીટ ઉપર ઓલપાડ તા.પં.ના પૂર્વ ઉપપ્રમુખ અને ભાજપના ઉમેદવાર કિરણ જ્યંતિભાઈ પટેલનો ૭,૬૨૪ મતથી વિજય થયો હતો.

### ડભોઈ નગરપાલિકામાં ભલે સત્તાપલટો થયો

# ડભોઈ તાલુકા પંચાયતમાં ભાજપનું 'કેસરિયું' વાવાઝોડું: ૨૦માંથી ૧૭ બેઠકો પર ભવ્ય વિજય

ભવ્ય વિજય

## જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૧૭ બેઠકો કબજે કરીને વિરોધ પક્ષના સૂપડા સાફ કરી દીધા છે




ડભોઈઃ ડભોઈ નગરપાલિકામાં ભલે સત્તાપલટો થયો હોય, પરંતુ ગ્રામીણ વિસ્તારમાં ભાજપે પોતાની તાકાત બતાવી દીધી છે. ડભોઈ તાલુકા પંચાયતની ૨૦ બેઠકોના આજે જાહેર થયેલા પરિણામોમાં ભાજપે ૧૭ બેઠકો કબજે કરીને વિરોધ પક્ષના સૂપડા સાફ કરી દીધા છે, જ્યારે કોંગ્રેસ માત્ર ૩ બેઠકો પર સમેટાઈ ગઈ છે. વડોદરા જિલ્લા પંચાયતની ડભોઈ હસ્તકની ચારેય બેઠકો પર પણ ભાજપે જીતનો ઝંડો લહેરાવીને વિપક્ષને જોરદાર પછડાટ આપી છે.તાલુકા પંચાયતઃ ક્યાં કોનો વિજય?

વહેલી સવારથી જ કોલેજ ગ્રાઉન્ડ ખાતે ગ્રામીણ વિસ્તારના કાર્યકરોનો ભારે મહેરામણ ઉમટી પડ્યો હતો. ૨૦ બેઠકો પૈકી ભાજપના ૧૭ ઉમેદવારો વિજેતા બન્યા છે. જેમાં મુખ્ય વિજેતાઓ:

* ભાજપ વિજેતાઃ મનોજ ધરમદાસ પટેલ (વણાદરા), સ્નેહાબેન પટેલ (નડા), કૃણાલ મહેશ પટેલ-દાજી (વસાઈ), શોભનાબેન દિવ્યેશ પટેલ (તેનતલાવ), તુષાર ગીરીશભાઈ પટેલ (વડજ), રાજુભાઈ વસાવા (કરનેટ), ભાસ્કરભાઈ પટેલ (મંડાળા), જ્યોત્સનાબેન મહેતા (કાયાવરોહણ-૨), હેતલબેન રોહિત (ઢોલાર), ભીખીબેન રબારી (ચનવાડા), પ્રવીણભાઈ બારીયા (કરનાળી), રેવાબેન કનુભાઈ (ચાંદોદ), અને રમેશભાઈ રાઠવા (પણીલી).

* કોંગ્રેસ વિજેતાઃ રેખાબેન વસાવા (અંગુઠણ), જીનલબેન બ્રહ્મભટ્ટ (થુવાવી) અને અલ્પાબેન પાટણવાડીયા (સાઠોદ)એ જીત મેળવી કોંગ્રેસનું અસ્તિત્વ ટકાવી રાખ્યું છે. નોંધનીય છે કે ૨ બેઠકો અગાઉ જ બિનહરીફ જાહેર થઈ હતી.

જિલ્લા પંચાયતમાં ભાજપનો ક્લીન સ્વીપ

વડોદરા જિલ્લા પંચાયતની ડભોઈ તાલુકાની ચારેય બેઠકો ભાજપે આંચકી લીધી છે.

૧. સિમળીયા બેઠકઃ હર્ષિલભાઈ અશ્વિનભાઈ પટેલ

૨. ચાંદોદ બેઠકઃ લત્તાબેન રાકેશભાઈ અંબાલીયા

૩. કાયાવરોહણ બેઠકઃ રાકેશભાઈ ઠાકોર

૪. થુવાવી બેઠકઃ ભાવેશભાઈ સતિષભાઈ પટેલ

ગામડાઓમાં કેસરિયો માહોલ

પરિણામો જાહેર થતા જ ગામડાઓમાંથી આવેલા સમર્થકોએ ફટાકડા ફોડી અને ગુલાલ ઉડાડીને વિજય ઉત્સવ મનાવ્યો હતો. નગરપાલિકામાં મળેલી હારનો બદલો ભાજપે તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતમાં વ્યાજ સાથે લીધો હોય તેમ જણાય છે. જિલ્લા પંચાયતની ચારેય બેઠકો જીતીને ભાજપે પંચાયતી રાજમાં પોતાની પકડ વધુ મજબૂત બનાવી છે.

# ડભોઈમાં ભાજપના ગઢમાં ગાબડું: કોંગ્રેસનો ભવ્ય 'પંજા' સર્જ્યો સત્તાપલટો

## ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૨ માં જોવા મળ્યો હતો



ડભોઈઃ ડભોઈ નગરપાલિકાના રાજકારણમાં આજે વર્ષો બાદ એવો વળાંક આવ્યો છે જેની કદાચ ભાજપના દિગ્ગજોએ કલ્પના પણ નહીં કરી હોય. 'પરિવર્તનનો પવન' માત્ર ફૂંકાયો જ નથી, પણ ભાજપના વર્ષો જૂના સાશને ઉખેડીને ફેંકી દીધું છે. ડભોઈ નગરપાલિકાની ૩૬ બેઠકોની ચૂંટણીમાં જનતાએ કોંગ્રેસને ૨૧ બેઠકો સાથે સ્પષ્ટ બહુમતી આપી સત્તાનું સુકાન સોંપ્યું છે, જ્યારે ભાજપ ૧૫ બેઠકો સાથે વિપક્ષમાં બેસવા મજબૂર બન્યું છે.

આ ચૂંટણીમાં સૌથી મોટો ઉલટફેર વોર્ડ નંબર ૨ માં જોવા મળ્યો હતો. ભાજપના કદાવર નેતા અને માજી પ્રમુખ બિરેન શાહને જનતાએ જાકારો આપતા તેમની હાર થઈ છે. જેની સામે કોંગ્રેસના સુભાષ ભોજવાણીએ શાનદાર દેખાવ કર્યો હતો. ભાજપના ગઢ ગણાતા વિસ્તારોમાં જ કમળ કરમાઈ જતાં પક્ષના આંતરિક સમીકરણો પણ હવે જોખમાયા છે. વહેલી સવારથી કોલેજ ગ્રાઉન્ડ ખાતે મતગણતરી શરૂ થતા જ 'કભી ખુશી કભી ગમ' જેવો માહોલ સર્જાયો હતો. એક તરફ કોંગ્રેસી કાર્યકરો અબીલ-ગુલાલની છોળો ઉડાડતા હતા, તો બીજી તરફ ભાજપના છાવણીમાં નિરાશા વ્યાપેલી જોવા મળી હતી.

જનતાએ ભાજપના 'વિકાસ'ના પોકળ દાવાઓને નકારીને કોંગ્રેસની આક્રમક રણનીતિ પર મહોર મારી છે. શહેરના પાયાના પ્રશ્નો, ગંદકી અને વહીવટી શિથિલતાથી કંટાળેલી ડભોઈની પ્રજાએ આ વખતે પરિવર્તનનો મિજાજ દેખાડ્યો છે.

હવે શું?સત્તા પરિવર્તન બાદ હવે ડભોઈમાં કોંગ્રેસના પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી પર સૌની નજર છે. શું કોંગ્રેસ પ્રજાના અટકેલા કામો પૂરા કરી શકશે? શું ડભોઈના વિકાસનો નવો સૂર્યોદય થશે? આ તમામ પ્રશ્નોના જવાબ આગામી સમયના ગર્ભમાં છે, પણ હાલ તો ડભોઈમાં 'પંજા'નું જોર સાફ દેખાઈ રહ્યું છે.

# જેતપુરમાં ઘરભેદુ ત્રાટક્યા? કબાટનું લોકર ચાવીથી ખોલી 40 હજારની રોકડની ચોરી

## જાગૃતિનગરમાં રહેતા યુવકે સોનાના દાગીના ગીરે મૂકી મેળવેલી લોનની રકમ ચોરાઈ

• જેતપુર, તા. 27

જેતપુરના ધોરાજી રોડ પર આવેલા જાગૃતિનગર વિસ્તારમાં એક રહેણાક મકાનમાંથી કોઈ અજાણ્યા તસ્કરે કબાટના લોકરની ચાવી વડે તાળું ખોલી તેમાં રાખેલા આશરે 80,000ની રોકડ રકમની ચોરી કરી હોવાની ફરિયાદ પોલીસ મથકે નોંધાઈ છે. મહત્વની વાત એ છે કે, કબાટમાં સોનાના દાગીના હોવા છતાં તસ્કરે માત્ર રોકડ રકમ પર જ હાથ સાફ કર્યો હતો, જેથી આ ગુનામાં કોઈ ઘરભેદુ કે જાણભેદુ સામેલ હોવાની પ્રબળ શંકા વ્યક્ત કરવામાં આવી છે.

વિગત મુજબ, જેતપુરના જાગૃતિનગર, ગરબી ચોક પાસે રહેતા અને વિશાલ ટ્રાવેલ્સમાં નોકરી કરતા લખધીરભાઈ દાદભાઈ કાળીયાએ જેતપુર સીટી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદીએ આશરે દોઢ મહિના પહેલા પત્નીને સાડીનો વ્યવસાય શરૂ કરવા માટે ફેડરલ બેંકમાં સોનાના દાગીના ગીરે મૂકી 91,100ની ગોલ્ડ લોન લીધી હતી. આ રકમ અને પગારના 12,000 મળી કુલ રકમ ઘરના કબાટમાં રાખવામાં આવી હતી. તેમાંથી ઘરખર્ચ બાદ કરતા અંદાજે 80,000ની રોકડ બચી હતી. ગઈકાલે રાત્રે જ્યારે ફરિયાદીએ આ રકમ બેંકમાં જમા કરાવવા માટે કબાટનું લોકર ખોલ્યું ત્યારે અંદરથી રોકડ રકમ ગાયબ જણાઈ હતી. તપાસ કરતા માલુમ પડ્યું હતું કે કબાટનું લોક કે તાળું તૂટ્યું નહોતું, પરંતુ કોઈએ ચાવીનો ઉપયોગ કરીને જ લોકર ખોલ્યું હતું. નવાઈની વાત એ છે કે લોકરમાં રોકડની બાજુમાં જ સોનાના દાગીના પડેલા હતા, જેને તસ્કરે અડ્યા સુદ્ધાં નહોતા. આ મામલે લખધીરભાઈએ પોતાના જ પરિવારના કોઈ સભ્ય કે જાણભેદુ ઉપર શંકા વ્યક્ત કરતા જેતપુર પોલીસે અજાણ્યા શખ્સ વિરુદ્ધ BNS (ભારતીય ન્યાય સંહિતા) ની કલમ 305(a), 331(3) અને 331(4) મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કેસની તપાસ ASI મિલનકુમાર જીવાભાઈ ડોડિયા ચલાવી રહ્યા છે.

# જટોલી શિવ મંદિર: જ્યાં પથ્થરોમાંથી સંભળાય છે ડમરુનો નાદ, વિજ્ઞાન માટે વણઉકેલાયેલું રહસ્ય

હિમાચલ પ્રદેશની દેવભૂમિમાં અનેક એવા સ્થાનો છે જ્યાં કુદરત અને શ્રદ્ધાનો અનોખો સંગમ જોવા મળે છે, પરંતુ સોલન જિલ્લામાં આવેલું 'જટોલી શિવ મંદિર' તેની સ્થાપત્યકલાની સાથે સાથે એક



અદ્ભૂત રહસ્ય માટે જાણીતું છે. આ મંદિરના પ્રાચીન પથ્થરો પર જ્યારે હળવી થપથપાવવામાં આવે છે, ત્યારે તેમાંથી પથ્થરના ટકરાવ જેવો અવાજ આવવાને બદલે ભગવાન શિવના પ્રિય વાદ્ય 'ડમરુ' જેવો પવિત્ર નાદ સંભળાય છે. પથ્થરોમાં સમાયેલો આ સંગીતમય પડઘો શ્રદ્ધાળુઓ માટે ભોલેનાથની સાક્ષાત ઉપસ્થિતિનો પુરાવો છે, તો બીજી તરફ આધુનિક વૈજ્ઞાનિકો માટે આ એક જટિલ પ્રશ્ન બની રહ્યો છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી અનેક નિષ્ણાતોએ આ પથ્થરોની તપાસ કરી છે કે શું તેમાં કોઈ ખાસ પ્રકારની ધાતુનું મિશ્રણ છે અથવા અંદરથી પોલાણ છે? પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આ પથ્થરો દેખાવમાં સામાન્ય પથ્થરો જેવા જ નક્કર છે. ભૂસ્તરશાસ્ત્રીઓ પણ હજુ સુધી એ સમજાવી શક્યા નથી કે પથ્થરના બંધારણમાં એવું કયું તત્વ છે જે તેને ડમરુના સંગીતમાં રૂપાંતરિત કરે છે. શ્રદ્ધાળુઓ માને છે કે આ સ્થાન પર વર્ષો સુધી ઋષિ-મુનિઓએ ઘોર તપસ્યા કરી હતી, જેના કારણે આખા વિસ્તારની ઉર્જા શિવમય બની ગઈ છે અને આજે પણ અહીંના પથ્થરોમાં ૐકાર અને ડમરુનો નાદ ગુંજી રહ્યો છે.

### જિલ્લાની ૧૯૮ બેઠકોના પરિણામ જાહેરઃ 'આપ' બીજા ક્રમે ઉભરી, કોંગ્રેસના સૂપડા સાફ

# રાજકોટ જિલ્લાની ૧૧ તાલુકા પંચાયતોમાં ભગવો લહેરાયો: ભાજપનો ભવ્ય વિજય



રાજ્ય ચૂંટણી આયોગના આદેશાનુસાર રાજકોટ જિલ્લામાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી-૨૦૨૬ના પરિણામો આજે જાહેર થયા છે. ૧૧ તાલુકા પંચાયતોની કુલ ૧૯૮ બેઠકો પર યોજાયેલા જંગમાં ભારતીય જનતા પાર્ટીએ મોટાભાગની બેઠકો અંકે કરી પોતાનો દબદબો સાબિત કર્યો છે. જ્યારે આમ આદમી પાર્ટીએ અનેક તાલુકાઓમાં મજબૂત એન્ટ્રી કરીને કોંગ્રેસ પાસેથી વિપક્ષનું સ્થાન છીનવી લીધું હોય તેવો ઘાટ સર્જાયો છે.

સૌરાષ્ટ્રના રાજકારણના આ મહત્વના કેન્દ્રોમાં ભાજપે શાનદાર દેખાવ કર્યો છે. ગોંડલની ૨૧ બેઠકોમાંથી ભાજપે ૧૭ પર વિજય મેળવ્યો છે, જ્યારે 'આપ'ને ૪ બેઠકો મળી છે. જેતપુરમાં ૧૯ પૈકી ૧૫ બેઠકો ભાજપને ફાળે ગઈ છે. જામકંડોરણામાં ભાજપે ૧૬ માંથી ૧૫ બેઠકો જીતીને વિરોધ પક્ષોને લગભગ નેસ્તનાબૂદ કર્યા છે.

જસદણ તાલુકા પંચાયતની ૨૨ બેઠકોમાં ભાજપ ૧૫ બેઠકો સાથે વિજેતા બન્યું છે, જ્યારે અહીં 'આપ' ને ૬ બેઠકો મળી છે. વિંછીયામાં ભાજપે ૧૪ અને કોંગ્રેસે ૪ બેઠકો પર જીત મેળવી છે.

ઉપલેટામાં રસાકસીભર્યો જંગ જોવા મળ્યો હતો, જ્યાં ૧૮ બેઠકોમાંથી ભાજપને ૯ અને કોંગ્રેસને ૮ બેઠકો મળી છે. ધોરાજીમાં ૧૫ બેઠકોમાંથી ૧૧ બેઠકો પર ભાજપે કબ્જો કર્યો છે.

રાજકોટ તાલુકા પંચાયતની ૨૧ બેઠકો પૈકી ૧૮ ભાજપને અને ૩ 'આપ' ને મળી છે. લોધીકામાં ૧૧ બેઠકો ભાજપને મળી છે, જ્યારે ૧ બેઠક અપક્ષના ફાળે ગઈ છે. પડધરીમાં ૧૬ માંથી ૧૨ બેઠકો ભાજપને અને ૪ કોંગ્રેસને મળી છે.

તાલુકા પંચાયતની કુલ ૪ બેઠકો પર ચૂંટણી પૂર્વે જ બિનહરીફ વરણી થઈ હતી, જેમાં:૧. ૦૭-ગઢડા ૨.૦૪-દાળીયા ૩.૧૧-મેવાસા ૪.૦૧-ભાદાજાળીયાનો સમાવેશ થાય છે.આજે પરિણામો જાહેર થતાની સાથે જ વિજેતા ઉમેદવારોના સમર્થકોએ વિજયોત્સવ મનાવવામાં આવ્યો હતો.

# કર્મચારી મિત્રો ને શ્રદ્ધાંજલી -મિત્રાંજલી માટે સહકર્મીઓ દ્વારા ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન



જેટકો કંપનીના સ્વર્ગસ્થ કર્મચારી મિત્રો (સ્વ. નિતિન સાવલીયા, સ્વ. સહદેવસિંહ જાડેજા, સ્વ. ડી સી પટેલ, સ્વ. રોહિત વસવેલીયા, સ્વ. શશી વસાવા , સ્વ. રાજુ ગોસાઈ) ને શ્રધ્ધાંજલી -મિત્રાંજલી આપવા તેમજ રમતગમત ક્ષેત્રે વિશેષ યોગદાન આપનાર નિવૃત્ત થનાર રમતવીરો ને સન્માનિત કરવાના ઉદ્દેશ્ય થી લિજેન્ડ્સ મેમોરિયલ ચેમ્પિયન ટ્રોફી ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન તા ૧૯/૪/૨૦૨૬ ના રોજ સહકર્મચારી મિત્રો દ્વારા કરવામાં આવેલ. આ ટુર્નામેન્ટ ગુજરાતભર ના કર્મચારી મિત્રો થી બનેલ પાંચ ક્રિકેટ ટીમો (કોર્પોરેટ જાયન્ટ્સ, કચ્છ કિંગ્સ, સૌરાષ્ટ્ર લાયન્સ , એલાઈટ લિજેન્ડ્સ વોરિયર્સ અને ગુજરાત રોયલ્સ) વચ્ચે લીગ અને નોક આઉટ સ્ટેજ માં ડે-નાઈટ માં યોજવામાં આવેલ .જેમાં ૧૦૦ થી વધુ કર્મચારી- ક્રિકેટર મિત્રો એ ભાગ લીધેલ . આ ટુર્નામેન્ટ માં ટ્રોફીઓનું અનાવરણ એડી. જનરલ મેનેજર (એચઆર) શ્રી કિશોર પરમાર સાહેબ , શ્રી જેનીશ મેકવાન સાહેબ (આસી સેક્રેટરી),

પૂર્વ નાયબ ઈજનેર શ્રી સુનીલ પંડ્યા , પૂર્વ નાયબ ઈજનેર શ્રી જીગર પંડ્યા , શ્રી યતીનભાઈ પંડ્યા , શ્રી દિલાવરસિંહ તેમજ અન્ય અધિકારીઓ દ્વારા કરવામાં આવેલ .

આ ટુર્નામેન્ટ ની ફાઈનલ મેચ કોર્પોરેટ જાયન્ટસ-વડોદરા અને સૌરાષ્ટ્ર લાયન્સ-રાજકોટ ની ટીમ વચ્ચે યોજાયેલ .જેમાં નાયબ ઈજનેર નીરવ બારોટ (મેન ઓફ ધી મેચ)ના ઉત્કૃષ્ટ પરફોર્મન્સ બદલ કોર્પોરેટ જાયન્ટ્સ ની ટીમ વિજેતા બનેલ .

આ ટુર્નામેન્ટ માં કચ્છ કિંગ્સ ના હિમાંશુ ને ફિટેસ્ટ ફિલ્ડર ઓફ થી ટુર્નામેન્ટ,સૌરાષ્ટ્ર લાયન્સ ના બ્રિજરાજસિંહ ઝાલા ને ઈમર્જિંગ પ્લેયર ઓફ થી ટુર્નામેન્ટ , પ્રદીપ ચંદ્રવાડિયા ને મોસ્ટ વેલ્યૂએબલ પ્લેયર ઓફ થી ટુર્નામેન્ટ , એલાઈટ લિજેન્ડ વોરિયર્સ ના એસ આર ઠાકોર ને બેસ્ટ બોલર , કોર્પોરેટ જાયન્ટના અંકિત પટેલ પ્લેયર ઓફ ધી ટુર્નામેન્ટ , કચ્છ કિંગ્સ ના જીતેન્દ્ર કાંદલેકર ને બેસ્ટ બેટ્સમેન ના એવોર્ડ થી સન્માનિત કરવામાં આવેલ .

રમતગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ યોગદાન આપનાર અધિકારી - કર્મચારી

શ્રી જીગર પંડ્યા પૂર્વ નાયબ ઈજનેર , શ્રી દિલીપસિંહ જાડેજા ,

શ્રી શાહબુદ્દીન ખાવડીયા શ્રી નલિન ગુપ્તા ને સન્માનિત કરવામાં આવેલ .

**દબદબો** કોડીનાર તા.પંચાયતમાં કોંગ્રેસના તમામ 12 ઉમેદવારને અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા

# સૌરાષ્ટ્ર-કચ્છના 12 જિલ્લાની 2,773 બેઠકનું ચિત્ર સ્પષ્ટ:મોરબી-પોરબંદર-ગોંડલમાં BJPનો દબદબો

## કોડીનાર તા.પંચાયતમાં કોંગ્રેસના ઉમેદવારોને અજ્ઞાત સ્થળે ખસેડાયા, જુઓ સંપૂર્ણ પરિણામ

સૌરાષ્ટ્ર-કચ્છના 12 જિલ્લાની સ્થાનિક સ્વરાજ્ય ચૂંટણીની સવારે 9 વાગ્યાથી મતગણતરી શરૂ થઈ હતી. જેમાં કુલ 2,773 બેઠકના ચૂંટણી પરિણામમાં ભાજપે 2,214 બેઠક (આશરે 80%) પર ભગવો લહેરાવ્યો છે. ભાજપનું વર્ચસ્વ ખાસ કરીને મહાનગરપાલિકામાં સ્પષ્ટ છે, જ્યાં તેમણે 380માંથી 349 બેઠક જીતી છે, જ્યારે જિલ્લા પંચાયતમાં પણ 335માંથી 294 બેઠક અને નગરપાલિકામાં 999માંથી 783 બેઠક મેળવી પોતાનો દબદબો જાળવી રાખ્યો છે.

ઉલ્લેખનીય છે કે, કેટલીક બેઠકો પર થયેલા ઉલટફેર અને વિરોધ પક્ષોના મજબૂત દેખાવે રાજકીય ગરમાવો લાવી દીધો છે. મોરબી, પોરબંદર અને ગોંડલમાં ભાજપની એકતરફી જીત નોંધાઈ છે, જ્યારે જૂનાગઢ અને જસદણમાં વિપક્ષોએ મજબૂત હાજરી નોંધાવી છે.

સૌરાષ્ટ્ર-કચ્છના જિલ્લા વાઈઝ પરિણામ

1.રાજકોટ 2.જામનગર 3.જૂનાગઢ 4.પોરબંદર 5.ગીર સોમનાથ 6.દેવભૂમિ દ્વારકા 7.અમરેલી 8.સુરેન્દ્રનગર 9.મોરબી 10.બોટાદ 11. ભાવનગર 12 કચ્છ

ચૂંટણી પરિણામની હાઈલાઈટ્સ

કોડીનાર તા.પંચાયતમાં કોંગ્રેસના તમામ 12 ઉમેદવારને અજ્ઞાત સ્થળે ખસેડવામાં આવ્યા



મોરબી મહાનગરપાલિકાની પ્રથમ ચૂંટણીમાં જ ભાજપે ઐતિહાસિક જીત મેળવી તમામ 52 બેઠક પર વિજેતા બની.

પોરબંદર મહાનગરપાલિકામાં ભાજપે ક્લીન સ્વીપ કર્યું. તમામ 13 વોર્ડની 52 બેઠક પર ભગવો લહેરાયો.

જામનગર મનપાની ચૂંટણીમાં ભાજપનો દબદબો રહ્યો, 16માંથી 15 વોર્ડમાં ભાજપની પેનલ વિજેતા બની. આ જીત બાદ મંત્રી રિવાબા જાડેજા અને સાંસદ પૂનમ માડમ એકબીજાને ભેટી પડ્યા. ઉલ્લેખનીય છે કે, અગાઉ બંને જાહેરમાં ઝઘડ્યા હતા.

જૂનાગઢ જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મોટો ઉલટફેર જોવા મળ્યો છે. ભાજપના દિગ્ગજ અને પૂર્વ ધારાસભ્ય ભૂપત ભાયાણીને ભેસાણ બેઠક પર આમ આદમી પાર્ટીના ઉમેદવાર દિનેશ રૂપારેલીયાએ 1700 મતથી પરાજય આપ્યો.

રાજકોટ વોર્ડ નંબર 2માં ક્રિકેટર રવીન્દ્ર જાડેજાના બહેન નયનાબા જાડેજા (કોંગ્રેસ) ને હારનો સામનો કરવો પડ્યો, ત્યાં ભાજપની આખી પેનલ વિજેતા બની.

જૂનાગઢ જિલ્લા પંચાયતની કુલ 30 બેઠકમાંથી આમ આદમી પાર્ટીએ 5 બેઠક જીતીને મજબૂત પકડ જમાવી છે, જ્યારે ભાજપને 4 બેઠક મળી છે.

જામનગર વોર્ડ નંબર 12માં આપ અને કોંગ્રેસના જે ઉમેદવારો (અસલમ ખીલજી અને અલ્તાફ ખફી) પર ગુજસીટોકનો ગુનો નોંધાયો હતો અને જેલમાં હતા, તેમનો પણ વિજય થયો.

સુરેન્દ્રનગરના પાટડીમાં ભાજપ અને કોંગ્રેસના કાર્યકરો વચ્ચે ઘર્ષણ થયું, જેમાં પોલીસકાફલો ખડકી દેવો પડ્યો હતો. પૂર્વ ધારાસભ્ય નૌશાદ સોલંકી અને પોલીસ વચ્ચે પણ તું-તું મેં-મેં થઈ હતી.

આવો જાણીએ સૌરાષ્ટ્ર-કચ્છની 7 મહાનગરપાલિકા, 12 જિલ્લા પંચાયત,

ભરૂચમાં ભાજપનો ભવ્ય વિજય

# જિલ્લા પંચાયત અને પાલિકાઓમાં કેસરીયો લહેરાયો, પાંચબત્તી ફટાકડાના ગુંજારવથી ગાજી ઉઠ્યું

**ઉજવણી** ભાજપ દ્વારા શહેરના ઐતિહાસિક પાંચબત્તી વિસ્તારમાં વિજ્યોત્સવની ભવ્ય ઉજવણી

• ભરૂચ,

ભરૂચ જિલ્લામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓના જાહેર થયેલા પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ભવ્ય વિજય પ્રાપ્ત કરી ફરી એકવાર પોતાનો ગઢ મજબૂત કર્યો છે. ભરૂચ જિલ્લા પંચાયત, ૭ તાલુકા પંચાયતો અને ૩ નગરપાલિકાઓ પર ભાજપનો ભગવો લહેરાતા જિલ્લા ભાજપ દ્વારા શહેરના ઐતિહાસિક પાંચબત્તી વિસ્તારમાં વિજ્યોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. ચૂંટણીમાં પક્ષના શાનદાર દેખાવને પગલે પાંચબત્તી ખાતે મોટી સંખ્યામાં ઉમટી પડેલા કાર્યકરોએ ફટાકડા ફોડી અને એકબીજાને મીઠાઈ ખવડાવી જીતની ખુશી વ્યક્ત કરી હતી. 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના



નારાઓ સાથે સમગ્ર વાતાવરણ ભગવામય બની ગયું હતું. આ પ્રસંગે વિજેતા ઉમેદવારોનું અભિવાદન કરવા માટે ભવ્ય વિજય સરઘસ પણ કાઢવામાં આવ્યું હતું. જિલ્લા ભાજપ પ્રમુખ પ્રકાશ મોદીએ આ ઐતિહાસિક જીતનો શ્રેય પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના સબળ નેતૃત્વ તથા કાર્યકરોની અથાગ મહેનતને આપ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, 'ગુજરાતની જનતાએ વિકાસના રાજકારણમાં અતૂટ વિશ્વાસ મૂક્યો છે. ભરૂચ જિલ્લાના મતદારો, પક્ષના આગેવાનો અને પાયાના કાર્યકરોનો અમે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.' ભરૂચના ધારાસભ્ય રમેશ મિસ્ત્રીએ મતદારો સમક્ષ નતમસ્તક થઈ વંદન કરતા જણાવ્યું હતું કે, જનતાએ જે ભરોસો મૂક્યો છે તેને અમે એળે જવા દઈશું નહીં. આગામી પાંચ વર્ષમાં બાકી રહેલા વિકાસના કામોને અગ્રતા આપીશું અને ભરૂચ જિલ્લાને વિકાસની નવી ઊંચાઈઓ પર લઈ જઈશું. આ વિજ્યોત્સવમાં જિલ્લા પ્રભારી પરાક્રમસિંહ જાડેજા, મહામંત્રીઓ જીગ્નેશ મિસ્ત્રી, મારુતિસિંહ અટોદરિયા, નિરલ પટેલ તેમજ પૂર્વ ધારાસભ્ય દુષ્યંત પટેલ, શક્તિસિંહ પરમાર, ભરતસિંહ પરમાર, યોગેશ પટેલ સહિતના વરિષ્ઠ આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા.

# વાગરા મતગણતરી મથકે મીડિયા રૂમ ગાયબ થતા વહીવટી તંત્ર સામે પત્રકારોનો બ્યૂગલફૂંક જંગ

## લોકશાહીના ચોથા સ્તંભની અવગણના

વાગરા, વાગરા વિધાનસભા બેઠકની મતગણતરી પ્રક્રિયા દરમિયાન વહીવટી તંત્રની ગંભીર અને અક્ષમ્ય બેદરકારી સામે આવતા ભારે વિવાદ સર્જાયો છે. એમ. એમ. પટેલ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી આ મહત્વપૂર્ણ પ્રક્રિયામાં લોકશાહીના ચોથા સ્તંભ સમાન મીડિયા કર્મીઓ માટે પ્રાથમિક સુવિધા સમાન મીડિયા કક્ષનો સદંતર અભાવ જોવા મળ્યો હતો. ચૂંટણી પંચના સ્પષ્ટ અને કડક દિશાનિર્દેશો હોવા છતાં, વાગરા ચૂંટણી તંત્ર દ્વારા કરવામાં આવેલી આ અવગણનાએ અનેક ગંભીર સવાલો ઉભા કર્યા છે. સામાન્ય રીતે, કોઈપણ ચૂંટણીની મતગણતરી વખતે મીડિયા માટે બેસવાની યોગ્ય વ્યવસ્થા, હાઈ-સ્પીડ ઈન્ટરનેટ, પીવાનું શુદ્ધ પાણી અને મિનિટ-ટુ-મિનિટના સચોટ આંકડાકીય અપડેટ્સ માટે અલાયદો કક્ષ ફાળવવો વહીવટી તંત્ર માટે ફરજિયાત હોય છે. જોકે, વાગરા મતગણતરી કેન્દ્ર પર આવી કોઈ જ વ્યવસ્થા જોવા ન મળતા, કાળઝાળ




ગરમી અને અફરાતફરી વચ્ચે પત્રકારોને આખો દિવસ ઉભા રહીને કવરેજ કરવાની ફરજ પડી હતી, જે તંત્રની સંવેદનહીનતા દર્શાવે છે. આધુનિક સમયમાં જ્યારે ટીવી ચેનલો અને ડિજિટલ મીડિયા દ્વારા પળેપળની વિગતો જનતા સુધી પહોંચાડવાની હોય છે, ત્યારે ઈન્ટરનેટ અને બેઠક વ્યવસ્થાના અભાવે પત્રકારોને માહિતી મોકલવામાં ભારે હાલાકી ભોગવવી પડી હતી. રાઉન્ડ વાઈઝ સત્તાવાર આંકડાકીય વિગતો મેળવવા માટે મીડિયા કર્મીઓને અધિકારીઓ પાછળ દોડવું પડ્યું હતું, જે લોકશાહીની ગરિમાને ક્યાંકને ક્યાંક ઠેસ પહોંચાડે છે. વહીવટી તંત્ર દ્વારા અગાઉ કરવામાં આવેલા 'તમામ તૈયારીઓ પૂર્ણ' હોવાના પોકળ દાવાઓની પોલ અહીં ઉઘાડી પડી ગઈ છે. જ્યારે આ બાબતે રિટર્નિંગ ઓફિસર અને જિલ્લા પુરવઠા અધિકારી પ્રશાંત ગામીતનો ટેલિફોનિક સંપર્ક કરવામાં આવ્યો, ત્યારે તેમણે 'જગ્યાનો અભાવ' હોવાનું કારણ ધરીને સંતોષકારક જવાબ આપવાને બદલે જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. પત્રકાર સંગઠનોનું માનવું છે કે, જે રાષ્ટ્રીય કામગીરીનું આયોજન મહિનાઓ અગાઉ થતું હોય તેમાં જગ્યાની અછતનું બહાનું એ તંત્રની ઘોર નિષ્ફળતા છે.

# ખોટી નંબર પ્લેટ અને "ON DUTY" બોર્ડનો ઉપયોગ કરી દારૂની હેરાફેરી કરનાર બે આરોપી ઝડપાયા

થરાદ: બનાસકાંઠા જિલ્લામાં પ્રોહિબિશન કાયદાની કડક અમલવારી વચ્ચે થરાદ પોલીસે મોટી કાર્યવાહી હાથ ધરી છે. ખોટી નંબર પ્લેટ લગાવેલી બોલેરો ગાડીમાં "ON DUTY G.E.B." તથા "ON DUTY B.S.N.L." ના બોર્ડનો દુરુપયોગ કરી દારૂની હેરાફેરી કરનાર બે ઈસમોને પોલીસે ઝડપી પાડ્યા છે.

પોલીસને મળેલી બાતમીના આધારે પીલુડા ગામ પાસે માર્કેટ યાર્ડ તરફ આવતા કાચા રસ્તા પર પેટ્રોલિંગ દરમ્યાન શંકાસ્પદ બોલેરો ગાડી (ચેસિસ નં. MA1XK2TVX-SSH27343) રોકી તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ગાડીમાંથી દારૂની બોટલો અને બિયર ટીન મળી કુલ 1851 નંગનો જથ્થો મળી આવ્યો હતો, જેની કિંમત રૂ. 4,54,759 ગણવામાં આવી છે.

પોલીસે દારૂનો જથ્થો, બોલેરો ગાડી તથા 2 મોબાઈલ સહિત કુલ રૂ. 9,74,659 નો મુદ્દામાલ કબજે કર્યો છે.

પકડાયેલા આરોપીઓ:

પુનમારામ ધુડારામ સુખરામ વિશ્નોઈ (ઉંમર 39, રહે. પુર, કેરવી, તા. સાંચોર, જી. જાલોર)

કમલેશ પુનમારામ રામકીશન વિશ્નોઈ (ઉંમર 30, રહે. પુર, કેરવી, તા. સાંચોર, જી. જાલોર)

પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે આરોપીઓએ ગાડી પર ખોટી નંબર પ્લેટ લગાવી, ડેશબોર્ડ પર "ON DUTY" ના બોર્ડ મૂકીને તેમજ વીજતારનો દેખાવ ઉભો કરીને સત્તાવાર ફરજ પર હોવાનો ભાસ ઉભો કર્યો હતો, જેથી પોલીસ ચેકિંગથી બચી શકે.

મુખ્ય આરોપી પુનમારામ સામે અગાઉ પણ ધાનેરા પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયેલો છે અને તે કેસમાં વૉન્ટેડ હતો.

આ અંગે થરાદ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબિશન એક્ટ, ભારતીય ન્યાય સંહિતા તથા મોટર વાહન અધિનિયમ હેઠળ ગુનો નોંધાવી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

# એક ફ્રેમમાં 'છાવા' અને છત્રપતિ શિવાજી: વિક્કી કૌશલ-રિતેશ દેશમુખની ખાસ મુલાકાત વાયરલ



જિયો સ્ટૂડિયોઝ અને મુંબઈ ફિલ્મ કંપનીની ફિલ્મ રાજા શિવાજી હવે રિલીઝની નજીક છે. આ વચ્ચે ફેન્સને એક ખાસ મોમેન્ટ જોવા મળ્યો, જ્યારે 'છાવા' અને છત્રપતિ શિવાજી મહારાજ એક જ ફ્રેમમાં નજર આવ્યા.વિકકી કૌશલે તાજેતરમાં રિતેશ દેશમુખ સાથે મુલાકાત કરી. રિતેશ આ ફિલ્મમાં લીડ એક્ટર હોવા સાથે ડિરેક્ટર, પ્રોડ્યુસર અને રાઈટર તરીકે પણ કામ કરી રહ્યા છેઆ મુલાકાત દરમિયાન બંને વચ્ચે ફિલ્મને લઈને રસપ્રદ ચર્ચા થઈ. રિતેશે એક સાથે અનેક જવાબદારીઓ સંભાળવાના અનુભવ અને હિન્દી-મરાઠી કલાકારોને સાથે લાવવાની વાત શેર કરી. બીજી તરફ, વિકકીએ પણ આખી ટીમને દિલથી શુભેચ્છાઓ આપી. મેકર્સે આ મુલાકાતની ઝલક શેર કરી છે અને પૂરું વીડિયો ટૂંક સમયમાં આવવાનો છે.

કોંગ્રેસના સુપડા સાફ: 'આપ' ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ; ભાજપના વિજય સરઘસમાં કાર્યકરો ગેલમાં

# વાગરામાં ભાજપનો કેસરિયો: તાલુકા પંચાયતની ૧૮માંથી ૧૫ બેઠકો અને જિલ્લા પંચાયતની તમામ બેઠકો પર ભવ્ય વિજય

• વાગરા,

ભરૂચ જિલ્લાની વાગરા તાલુકા અને જિલ્લા પંચાયતની સામાન્ય ચૂંટણીના પરિણામો જાહેર થતા જ ભારતીય જનતા પાર્ટીએ પ્રચંડ બહુમતી સાથે સત્તાના સૂત્રો સંભાળ્યા છે. 'વિકાસના કામો' પર મહોર મારતા મતદારોએ વાગરા પંથકમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીનો સફાયો કરી ભાજપમાં અતૂટ વિશ્વાસ વ્યક્ત કર્યો છે. વહીવટી તંત્રના આ ઓરમાયા વર્તન સામે પત્રકાર સંગઠનોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે અને લોકશાહીના ચોથા સ્તંભના અધિકારો પર તરાપ મારનાર અધિકારીઓ સામે કડક પગલાંની માંગ કરી છે.

વાગરા તાલુકા પંચાયતની કુલ ૧૮ બેઠકોમાંથી ભાજપે ૧૫ બેઠકો પર ભવ્ય વિજય મેળવ્યો છે, જ્યારે વિપક્ષ કોંગ્રેસ માત્ર ૩ બેઠકો પર સમેટાઈ ગઈ છે. મુખ્ય વિજેતાઓમાં વાગરા-૧ બેઠક પર રાજેન્દ્રભાઈ રાઠોડ (૨૮૧૧ મત), કેશવાણથી કપીલાબેન વસાવા (૨૩૦૮ મત) અને પહાજ બેઠક પર વિકુંજબેન સિંધા (૨૩૩૫ મત) એ જંગી સરસાઈથી જીત હાંસલ કરી છે. દહેજ-૨ માં વર્ષાબેન આહિર, ગંધારમાં નાગજીભાઈ ગોહિલ અને લખીગામમાં કાંતિભાઈ રાઠોડે ભાજપનો ગઢ અકબંધ રાખ્યો છે. બીજી તરફ, ચાંચવેલ બેઠક પર કોંગ્રેસના ગણપતભાઈ રાઠોડ વિજયી બન્યા છે.

જિલ્લા પંચાયતની બેઠકો પર પણ ભાજપનો દબદબો રહ્યો છે. ૩૧-વાગરા બેઠક પર શાહીનબાનું રાજ, ૩૪- વિલાયત પર ક્રિપાલ સિંહ યાદવ અને ૬-દહેજ બેઠક પર કુસુમબેન ગોહિલે ૫૫૦૦થી વધુ મતોની ઐતિહા સિક સરસાઈથી વિજય મેળવી કેસરિયો લહેરાવ્યો છે. જીત બાદ વાગરા ખાતે નીકળેલા વિજય સરઘસમાં મોટી સંખ્યામાં સ મર્થકો ડીજેના તાલે ઝૂમ્યા હ તા અને ફટાકડા ફોડી વિજયોત્સવ મનાવ્યો હતો.

એક તરફ ભાજપના વિજયની ખુશી હતી , ત્યારે બીજી તરફ વાગરાની શ્રીમતી એમ.એમ.એમ પટેલ હાઈસ્કૂલ ખાતે યોજાયેલી મતગણતરી માં વહીવટી તંત્રની પોલ ઉઘાડી પડી હતી. ચૂંટણી પંચના આદે શોનું ઉલ્લંઘન કરી, તંત્ર દ્વારા મીડિયા કર્મીઓ માટે કોઈ મીડિયા કક્ષ કે પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધા પણ કરવામાં આવી નહોતી.

કાળઝાળ ગરમીમાં પત્રકારો એ ઉભા રહીને કવરેજ કરવાની અને વિગતો મેળવવા અધિકા રી ઓ પાછળ દોડવાની ફરજ પડી હતી. રિટર્નિંગ ઓફિસર પ્રશાંત ગામીતે 'જગ્યાનો અભાવ' હોવાનું જણાવી જવાબદારીમાંથી હાથ ખંખેરી લીધા હતા. વહીવટી તંત્રના આ ઓરમાયા વર્તન સામે પત્રકાર સંગઠનોએ ભારે રોષ વ્યક્ત કર્યો છે અને લોકશાહીના ચોથા સ્તંભના અધિકારો પર તરાપ મારનાર અધિકારીઓ સામે કડક પગલાંની માંગ કરી છે.

# અમદાવાદના શ્યામલમાં શાંગરીલા-2 આર્કેડમાં આગ:અનેક લોકોનું રેસ્ક્યૂ કરાયું

## પાર્કિંગમાં વાહનો બળીને ખાખ, આગ કાબૂમાં; કોઈ જાનહાનિ નહી

• અમદાવાદ



અમદાવાદના શ્યામલ ચાર રસ્તા પાસે આવેલા શાંગરીલા-2 આર્કેડમાં આગ લાગવાની ઘટના બની હતી. ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કોટક મહિન્દ્રા બેન્કમાં એટીએમ પાસે આગ લાગવાની ઘટના બની હતી. જે આગ ધીમે ધીમે વિકરાળ બની અને બહારના ભાગે આવેલા પાર્કિંગમાં અને ઉપરના માળે પહોંચી ગઈ હતી. ગ્રાઉન્ડ ફ્લોરથી આગ HR ફિટનેસ નામના જિમ સુધી પહોંચી ગઈ હતી. જિમમાં 25થી 30 લોકો ફસાયેલા હતા જે તમામ લોકોને ફાયરબ્રિગેડે સહી સલામત નીચે ઉતારી લેવાયા હતા.

બનાવની જાણ થતાં જ અમદાવાદ ફાયરબ્રિગેડની 20થી વધુ ગાડીઓ અને 50 અધિકારીઓએ ઘટનાસ્થળ પર પહોંચીને પાણીનો મારો ચલાવીને આગ કાબૂમાં લઈ લીધી હતી. સમગ્ર ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી.

આગને નજરે જોનાર સિદ્ધિ દેખાઈએ જણાવ્યું હતું કે શાંગરીલા-2 આર્કેડમાં બીજા માળે આવેલી ઓફિસમાં હું નોકરી કરું છું. હું જ્યારે અહીંયા આવી ત્યારે મારું વાહન પાર્ક જ કરવા જતી હતી ત્યારે મેં આગ જોઈ એટલે હું તરત જ સાઈડમાં જતી રહી અને ત્યારબાદ મારા ઓફિસના લોકોને જાણ કરી કે આગ લાગી છે ત્યાં સુધીમાં તો આગ ખૂબ જ વધારે ફેલાઈ ગઈ હતી. બીજા બધા લોકોના વાહનો ખેંચી સાઈડમાં કર્યા હતા, પરંતુ આગ વધારે ફેલાઈ ગઈ અને ત્યારબાદ ફાયરબ્રિગેડ તેમજ પોલીસને જાણ કરતા પોલીસ સહિત પર ફાયરબ્રિગેડની ટીમ પહોંચી હતી.

આગ કાબૂમાં આવી ગયા બાદ શ્યામલ ચાર રસ્તાથી પ્રહલાદનગર તરફ જવાનો રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. પોલીસ અને એફએસએલ દ્વારા હાલમાં આગ લાગવાના કારણ અંગે તપાસ કરવામાં આવશે.

શ્યામલ ચાર રસ્તા પાસે શાંગરીલા-2 આર્કેડને ખાલી કરાવી દેવાયું છે. જ્યાં સુધી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી કોમ્પ્લેક્સ બંધ રાખવામાં આવશે.

શ્યામલ ચાર રસ્તા પાસે શાંગરીલા-2 આર્કેડને ખાલી કરાવી દેવાયું છે. જ્યાં સુધી કાર્યવાહી પૂર્ણ ન થાય ત્યાં સુધી કોમ્પ્લેક્સ બંધ રાખવામાં આવશે.શ્યામલ ચાર રસ્તાથી પ્રહલાદનગર તરફ જવાનો રોડ બંધ કરી દેવામાં આવ્યો છે. પોલીસ અને એફએસએલ દ્વારા હાલમાં આગ લાગવાના કારણ અંગે તપાસ કરવામાં આવશે.અમદાવાદ ફાયરબ્રિગેડની 20થી વધુ ગાડીઓ અને 50 અધિકારીઓ ઘટનાસ્થળ પર છે. આગ કાબૂમાં આવી ગઈ છે. કોઈ જાનહાનિ થઈ નથી.ગ્રાઉન્ડ ફ્લોરથી આગ HR ફિટનેસ નામના જિમ સુધી પહોંચી ગઈ હતી. જિમમાં 25થી 30 લોકો ફસાયેલા હતા જે તમામ લોકોને ફાયરબ્રિગેડે સહી સલામત નીચે ઉતારી લીધા છે.શાંગરીલા-2 આર્કેડના ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલી કોટક મહિન્દ્રા બેન્કમાં એટીએમ પાસે આગ લાગવાની ઘટના બની હતી. જે આગ ધીમે ધીમે વિકરાળ બની અને બહારના ભાગે આવેલા પાર્કિંગમાં અને ઉપરના માળે પહોંચી ગઈ હતી. પાર્કિંગમાં રહેલા વાહનો બળીને ખાખ

---

**રોલર** સુરત મનપામાં 59.21%, નવસારી મનપામાં 65.28% અને વાપી મનપામાં 72.29% ટકા મતદાન થયું હતું

# દક્ષિણ ગુજરાતમાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં ભાજપનું રોલર ફરી વળ્યું

## 3 મનપા, 7 નગરપાલિકા, 5 જિલ્લા અને 33 તાલુકા પંચાયતમાં ભાજપની એકતરફી જીત, કોંગ્રેસ-આપના સુપડા સાફ

વર્ષ 2027 વિધાનસભાની ચૂંટણી પહેલાની સેમીફાઈનલ ગણાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીની મતગણતરી પૂર્ણ ગઈ છે. દક્ષિણ ગુજરાતના 5 જિલ્લાની 132 બેઠક પર ભાજપ બિન હરીફ જાહેર થઈ છે, ત્યારે 26 એપ્રિલ 2026ના રોજ સુરત મનપામાં 59.21%, નવસારી મનપામાં 65.28% અને વાપી મનપામાં 72.29% ટકા મતદાન થયું હતું. આજે 28 એપ્રિલના રોજ દક્ષિણ ગુજરાતની તમામ બેઠકો પર મતગણતરી શરૂ થઈ હતી. આ ચૂંટણીના પરિણામે ભાજપને સ્પષ્ટ જીત અપાવી છે. ત્રણ મનપા સુરત, નવસારી અને વાપીમાં ભાજપે એકતરફી જીત મેળવી છે. જ્યારે સુરત, નવસારી, વલસાડ, તાપી અને ડાંગ જિલ્લા પંચાયતમાં પણ જીત મેળવી હતી.



દક્ષિણ ગુજરાતની તાલુકા પંચાયતોની ચૂંટણીના જાહેર થયેલા પરિણામોમાં કુલ 668 બેઠકોમાંથી 663 બેઠકોના જાહેર થયેલા પરિણામોમાં ભાજપે 508 બેઠકો પર કબજો જમાવી લગભગ 76 ટકા જેટલી બેઠકો અંકે કરી છે. બીજી તરફ, મુખ્ય વિરોધ પક્ષ કોંગ્રેસ 133 બેઠકો સાથે માત્ર આદિવાસી વિસ્તારો પૂરતી સીમિત રહી છે, જ્યારે આમ આદમી પાર્ટી (AAP) માત્ર 4 બેઠકો સાથે નબળા દેખાવને કારણે હાંસિયામાં ધકેલાઈ છે. અન્ય અને અપક્ષ ઉમેદવારોના ફાળે 18 બેઠકો ગઈ છે. વલસાડ જિલ્લાની સ્થાનિક સ્વરાજની ચૂંટણીની આજે યોજાયેલી મતગણતરીમાં ભાજપનો ભવ્ય વિજય થયો છે. ઉમરગામ નગરપાલિકા, વાપી મહાનગરપાલિકા, જિલ્લા પંચાયત અને જિલ્લાની તમામ 6 તાલુકા પંચાયતોમાં ભાજપે ભગવો લહેરાવીને વિરોધ પક્ષોને કારમી મ્હાત આપી છે. સમગ્ર જિલ્લામાં ભાજપનો દબદબો સ્પષ્ટપણે જોવા મળ્યો છે.

ઉમરગામ તાલુકા પંચાયતનું પરિણામ જાહેર થતા ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. કુલ બેઠકોમાંથી ભાજપે 25 બેઠકો પર જીત મેળવીને સત્તાના સૂત્રો સંભાળ્યા છે. જ્યારે કોંગ્રેસના ફાળે માત્ર 1 બેઠક આવી છે અને 4 બેઠકો પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો છે. ઉમરગામમાં ભાજપની આ જીતથી સંગઠન વધુ મજબૂત બન્યું છે.આ ચૂંટણીમાં સૌથી નોંધપાત્ર બાબત એ રહી કે આમ આદમી પાર્ટી (AAP) પોતાનું ખાતું ખોલાવવામાં પણ નિષ્ફળ રહી છે. પારડી તાલુકામાં તો સ્થિતિ વધુ કપરી જોવા મળી હતી, જ્યાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી એમ બંને પક્ષો એક પણ બેઠક જીતી શક્યા નથી. પરિણામો જાહેર થતા જ વલસાડ જિલ્લાના વિવિધ વિસ્તારોમાં ભાજપના કાર્યકર્તાઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઠેર-ઠેર ફટાકડા ફોડીને અને મીઠાઈ વહેંચીને વિજય ઉત્સવ મનાવવામાં આવ્યો હતો. 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારા સાથે સમગ્ર વાતાવરણ ગુંજી ઉઠ્યું હતું.સુરત જિલ્લા પંચાયત સહિત તમામ નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતો પર ભાજપની જીતસુરત જિલ્લામાં તાજેતરમાં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભારતીય જનતા પાર્ટીએ એકહથ્થુ શાસન સ્થાપિત કરીને વિરોધ પક્ષોના સૂપડા સાફ કરી દીધા છે. જિલ્લા પંચાયતથી માંડીને નગરપાલિકાઓ અને તાલુકા પંચાયતોમાં ભાજપે પ્રચંડ બહુમતી સાથે વિજય મેળવીને પોતાની પકડ મજબૂત કરી છે.સુરત જિલ્લા પંચાયતની કુલ 36 બેઠકોમાંથી ભાજપે 35 બેઠકો પર ભવ્ય જીત મેળવી છે. જ્યારે કોંગ્રેસના ફાળે એક પણ બેઠક આવી નથી. આમ આદમી પાર્ટી (આપ) માત્ર 1 બેઠક મેળવવામાં સફળ રહી છે. સુરત જિલ્લાના કામરેજ તાલુકાની વિહાન તાલુકા પંચાયત બેઠકની પેટાચૂંટણીમાં રવિવારે રસાકસીભર્યા જંગ બાદ ચોંકાવનારું પરિણામ સામે આવ્યું છે. આ બેઠક પર ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારને કારમી હારનો સામનો કરવો પડ્યો છે, જ્યારે અપક્ષ ઉમેદવારે મોટા અંતરથી બાજી મારી છે.આ ચૂંટણીમાં ભાજપ દ્વારા તાલુકા ભાજપના પૂર્વ મહામંત્રી હિરેન પટેલને મેદાનમાં ઉતારવામાં આવ્યા હતા. એક અનુભવી અને સંગઠનના મજબૂત નેતા ગણાતા હિરેન પટેલની હાર થતા રાજકીય આલમમાં અનેક ચર્ચાઓ જાગી છે. સ્થાનિક સ્તરે કાર્યકરો અને મતદારોમાં રહેલી નારાજગી ભાજપને ભારે પડી હોવાનું જણાય છે. વિહાન બેઠક પર અપક્ષ તરીકે ચૂંટણી લડનાર વિમલ વશીએ ભાજપના ઉમેદવારને પછાડીને શાનદાર જીત હાંસલ કરી છે.

---

# વાવ-થરાદ જિલ્લામાં ભાજપનો મજબૂત દબદબો, રાજકીય સમીકરણ બદલ્યા

## વાવ-થરાદ જિલ્લામાં યોજાયેલી જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની અને નગરપાલિકા ચૂંટણીના પરિણામોમાં ભારતીય જનતા પાર્ટીએ ફળતા મેળવી છે

• અહેવાલ પ્રધાનજી ઠાકોર

કુલ બેઠકોમાંથી ભાજપે બહુમતી બેઠકો પર વિજય મેળવીને જિલ્લામાં પોતાની મજબૂત પકડ સાબિત કરી છે. મતગણતરી દરમિયાન ભાજપના ઉમેદવારો શરૂઆતથી જ આગળ રહ્યા હતા. અનેક બેઠકો પર પ્રારંભિક રાઉન્ડથી જ લીડ જાળવી રાખીને અંતિમ પરિણામ સુધી જીતનો દોર ચાલુ રહ્યો હતો. પરિણામે જિલ્લામાં ભાજપે સ્પષ્ટ બહુમતી સાથે રાજકીય સ્થિતિ વધુ મજબૂત કરી છે. કાર્યકરોએ ઢોલ-નગારા સાથે ઉજવણી કરી અને વિજેતા ઉમેદવારોનું સ્વાગત કર્યું હતું.



સ્થાનિક વિકાસ કાર્યો અને આગામી રાજકીય ગતિશીલતા પર આ પરિણામનો સીધો પ્રભાવ પડી શકે છે.

સ્થાનિક રાજકીય વર્તુળોમાં આ પરિણામને મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે. વાવ-થરાદ વિસ્તારમાં લાંબા સમય પછી એક પક્ષે આટલી મજબૂત રીતે પરિણામ હાંસલ કર્યું હોવાની ચર્ચા છે, જેના કારણે આવનારા સમયમાં રાજકીય સમીકરણોમાં મોટા ફેરફારની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

વિજય બાદ વિવિધ વિસ્તારોમાં ભાજપના સમર્થકોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો. કાર્યકરોએ ઢોલ-નગારા સાથે ઉજવણી કરી અને વિજેતા ઉમેદવારોનું સ્વાગત કર્યું હતું.સ્થાનિક વિકાસ કાર્યો અને આગામી રાજકીય ગતિશીલતા પર આ પરિણામનો સીધો પ્રભાવ પડી શકે છે.

---

# માનવ નામના શખસે ઘરમાં આવીને ગાળાગાળી કરી માર માર્યાનું મનમાં લાગી આવતા જીવ ટૂંકાવ્યો

## 'હું ફાંસી ખાઉં છું', અમદાવાદના સગીરનો સુસાઈડ પહેલાનો VIDEO

• અમદાવાદ

અમદાવાદના મેઘાણીનગર વિસ્તારમાં 22 એપ્રિલના રોજ એક સગીરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. આ સગીરનો આપઘાત પહેલાનો બનાવેલો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે, જેમાં તેણે 'માનવ' નામના વ્યક્તિના ત્રાસને કારણે આ પગલું ભર્યું હોવાનો ગંભીર આક્ષેપ કર્યો છે. આ ઘટના અંગે સોશિયલ મીડિયામાં બુટલેગરના ત્રાસની અફવાઓ વહેતી થઈ હતી, જેનો પોલીસે સત્તાવાર ઈનકાર કર્યો છે.આ ઘટના અંગે વિગતે વાત કરતા જી-ડિવિઝનના એસીપી વી.એન. યાદવે જણાવ્યું હતું કે, 22 એપ્રિલે સગીરે પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. મેઘાણીનગર પોલીસે ઘટનાસ્થળે પહોંચી મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરાવ્યા બાદ અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી હતી.

આ દરમિયાન 26 એપ્રિલના રોજ એક વીડિયો સામે આવ્યો, જેમાં સગીરે પોતાની વેદના ઠાલવતા કહ્યું હતું કે, 'માનવ નામના વ્યક્તિએ મારી સાથે હાથચાલાકી કરી છે, મને પગમાં ઈજા પહોંચાડી છે અને હાથ પણ જામ થઈ ગયો છે. મને ઘરમાં આવીને માર માર્યો અને ગાળો બોલી, જેથી હુ કંટાળીને આ પગલું ભરું છું.'સોશિયલ મીડિયામાં વાયરલ થયેલા વીડિયો સાથે એવા મેસેજ ફરતા કરવામાં આવ્યા હતા કે સગીરે બુટલેગરના ત્રાસથી આત્મહત્યા કરી છે. આ અંગે પોલીસે સ્પષ્ટતા કરતા જણાવ્યું કે, તપાસમાં એવું કોઈ તથ્ય બહાર આવ્યું નથી કે, જેમાં 'માનવ' નામનો વ્યક્તિ દારૂના ધંધા કે કોઈ ગુનાહિત પ્રવૃત્તિ સાથે સંકળાયેલો હોય. તે કોઈ બુટલેગર નથી અને તેની સામે કોઈ ગુનાહિત ઈતિહાસ પણ નથી. સગીર સાથે તેની સામાન્ય બોલાચાલી થઈ હતી, ત્યારબાદ લાગી આવતા સગીરે આ આત્મઘાતી પગલું ભર્યું હોવાનું પ્રાથમિક તપાસમાં જણાય છે.પોલીસે મૃતકના પરિવારજનો સાથે પણ વાતચીત કરી છે. હાલમાં આત્મહત્યા દુષ્પ્રેરણા (Abetment to suicide) ના ગુના અંગે સગા-સંબંધીઓ તરફથી કોઈ ફરિયાદ આપવામાં આવી નથી કે ધાકધમકી આપવામાં આવી હોવાનું સામે આવ્યું નથી. જોકે, પોલીસે આ મામલે ગંભીરતાપૂર્વક વધુ તપાસ હાથ ધરી છે, જેથી સત્ય સામે આવી શકે.

---

## રાશીફળ (તા.29-04-2026)

| રાશિ | ફળ |
|---|---|
| મેષ (અ.લ.ઈ) | આજનો દિવસ તમારા માટે મિશ્ર ફળદાયી રહેશે. વ્યવસાયમાં મહેનત વધશે, પરંતુ સાંજ સુધીમાં આર્થિક લાભ થવાની શક્યતા છે. પરિવાર સાથેના સંબંધોમાં મધુરતા રહેશે. |
| વૃષભ (બ.વ.ઉ) | તમારે તમારી વાણી પર સંયમ રાખવો પડશે, નહીંતર બિનજરૂરી વિવાદ થઈ શકે છે. કાર્યક્ષેત્રમાં થોડી સાવધાની રાખવી. સ્વાસ્થ્ય બાબતે બેદરકારી ન રાખવી. |
| મિથુન (ક.છ.ઘ) | નવા કાર્યોની શરૂઆત કરવા માટે ઉત્તમ દિવસ છે. ભાગીદારીના કામમાં સફળતા મળશે. આવકના નવા સ્ત્રોત ઉભા થઈ શકે છે. માનસિક શાંતિનો અનુભવ થશે. |
| કર્ક (ડ.હ) | અટકેલા કામો પૂરા થવાથી રાહત મળશે. કોર્ટ-કચેરીના મામલામાં સફળતાના યોગ છે. ખર્ચ પર થોડો કાબૂ રાખવો જરૂરી છે. મિત્રોનો સહયોગ મળશે. |
| સિંહ (મ.ટ) | સંતાન પક્ષ તરફથી સારા સમાચાર મળી શકે છે. નોકરીમાં પ્રમોશન અથવા પ્રશંસા મળવાની શક્યતા છે. તમારી રચનાત્મક શક્તિમાં વધારો થશે. |
| કન્યા (પ.ઠ.ણ) | માનસિક ચિંતામાં થોડો વધારો થઈ શકે છે. મિલકત કે વાહનને લગતી બાબતોમાં ઉતાવળ ન કરવી. માતાના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. |
| તુલા (ર.ત) | તમારા આત્મવિશ્વાસમાં વધારો થશે. સામાજિક પ્રતિષ્ઠા વધશે અને ટૂંકી મુસાફરીના યોગ છે. ભાઈ-બહેનો સાથેના સંબંધો સુધરશે. |
| વૃશ્ચિક (ન.ય.) | આર્થિક દૃષ્ટિએ દિવસ સારો છે. પરિવારમાં કોઈ માંગલિક કાર્યનું આયોજન થઈ શકે છે. જૂના રોકાણથી ફાયદો થવાની સંભાવના છે. |
| ધન (ભ.ધ.ફ.ઢ) | તમારો દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. શારીરિક અને માનસિક રીતે સ્ફૂર્તિ અનુભવશો. મહત્વના નિર્ણયો લેવા માટે આજનો સમય સાનુકૂળ છે. |
| મકર (ખ.જ) | બિનજરૂરી ખર્ચથી બચવું. વિદેશ જવા ઈચ્છતા લોકો માટે કોઈ સારી તક મળી શકે છે. કામનું ભારણ વધુ રહેશે, તેથી આરામ માટે સમય કાઢવો. |
| કુંભ (ગ.શ.સ.ષ) | આકસ્મિક ધન લાભના યોગ છે. મિત્રો સાથેની મુલાકાત યાદગાર રહેશે. વેપારમાં નવી યોજનાઓ અમલમાં મૂકી શકશો. ભાગ્યનો સાથ મળશે. |
| મીન (દ.ચ.ઝ.થ) | કાર્યક્ષેત્રમાં તમારી પકડ મજબૂત બનશે. ઉપરી અધિકારીઓ તમારા કામથી સંતુષ્ટ રહેશે. સરકારી કામોમાં સફળતા મળશે. પારિવારિક સુખ જળવાઈ રહેશે. |

---

# કસ્ટડીમાં આરોપીને માર મારવાના કેસમાં DCP રાજદીપસિંહ નકુમ અને PI ગોજીયા વિરુદ્ધ સમન્સ

## સરકારી અધિકારી વિરુદ્ધ કાયદાકીય પગલાં ભરતા પહેલા તેમના ઉપરી અધિકારીનો રિપોર્ટ

ગુજરાત હાઈકોર્ટે સુરતના DCP રાજદીપસિંહ નકુમ અને PI આર.બી. ગોજીયા વિરુદ્ધ નીચલી અદાલતે કાઢેલ સમન્સ રદ્દ કરવાનો આદેશ આપ્યો છે. BNSSની જોગવાઈઓનો હવાલો આપતા હાઈકોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, કોઈપણ સરકારી અધિકારી વિરુદ્ધ કાયદાકીય પગલાં ભરતા પહેલા તેમના ઉપરી અધિકારીનો રિપોર્ટ મેળવવો અને અધિકારીને સાંભળવા જોઈએ.આ ઘટનાની વિગતો મુજબ સુરતના કુખ્યાત આરોપી મનીષ કુકરી અને તેના સાગરીતોની હત્યાની કોશિશના ગુનામાં ધરપકડ કરવામાં આવી હતી. આ દરમિયાન મનીષ કુકરીએ સુરતની કોર્ટમાં એવો આક્ષેપ કર્યો હતો કે, પોલીસ કસ્ટડી દરમિયાન ક્રાઈમ બ્રાન્ચના તત્કાલીન ઈન્ચાર્જ DCP રાજદીપસિંહ નકુમ હાલ SOG DCP અને વરાછાના પૂર્વ પીઆઈ આર.બી. ગોજીયા સહિતના સ્ટાફે તેને માર માર્યો છે. આ આક્ષેપોને ગંભીરતાથી લઈને સુરતની મેજિસ્ટ્રેટ કોર્ટે 13 જૂન, 2025 ના રોજ પોલીસ અધિકારીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ 115 અને 54 મુજબ ગુનો નોંધી સમન્સ જારી કર્યા હતા.

સુરત કોર્ટના આ આદેશને પડકારતા DCP અને PI દ્વારા ગુજરાત હાઈકોર્ટના દરવાજા ખખડાવવામાં આવ્યા હતા.



અરજદારો તરફથી એડવોકેટ દ્વારા રજૂઆત કરતા જણાવ્યું હતું કે, નીચલી અદાલતે નવા અમલી બનેલા કાયદા BNSSની કલમનું અનુસરણ કર્યું નથી. તેમણે જણાવ્યું હતું કે, જ્યારે કોઈ જાહેર સેવક પોતાની સત્તાવાર ફરજ બજાવતો હોય, ત્યારે તેની વિરુદ્ધ સીધી રીતે ગુનાની નોંધ લઈ શકાય નહીં.

આ કેસની સુનાવણી બાદ જસ્ટિસ હાઈકોર્ટે નોંધ્યું હતું કે, CRPC અને નવી BNSS વચ્ચે પાયાનો તફાવત છે. હાઈકોર્ટે ચુકાદામાં જણાવ્યું કે મેજિસ્ટ્રેટે ગુનો નોંધતા પહેલા જે-તે અધિકારીના ઉપરી અધિકારી પાસેથી ઘટનાનો સત્યતા અંગેનો રિપોર્ટ મંગાવવો જરૂરી હતો. કાયદા મુજબ જે-તે પોલીસ કર્મીને પોતાનો પક્ષ રજૂ કરવાની તક આપવી જોઈએ, જે સુરત કોર્ટે આપી નહોતી. હાઈકોર્ટે સુરત મેજિસ્ટ્રેટનો આદેશ રદ કર્યો છે અને નવેસરથી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરવા સૂચના આપી છે.

---

# ખોખરા વોર્ડમાં ભાજપનો ભવ્ય વિજયઃ ગ્રુપ એડિટર પવન માકન અને 'પાક્કો ગુજરાત' ટીમ દ્વારા નવયુક્ત કોર્પોરેટરોને હાર્દિક અભિનંદન



અમદાવાદ:તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં અમદાવાદના ખોખરા વોર્ડમાં ભારતીય જનતા પાર્ટી (BJP) ના ઉમેદવારોએ ભવ્ય જીત હાસલ કરી છે. આ વિજયને વધાવતા 'પાક્કો ગુજરાત' ન્યૂઝ પેપરના ગ્રુપ એડિટર શ્રી પવન માકન દ્વારા તમામ વિજેતા કોર્પોરેટરોને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

પવન માકનનો સંદેશ:

'ખોખરા વોર્ડના જનપ્રતિનિધિ તરીકે ચૂંટાઈ આવેલા ભાજપના તમામ કર્મઠ કોર્પોરેટરોને ખૂબ ખૂબ અભિનંદન. પ્રજાએ તમારામાં જે વિશ્વાસ મૂક્યો છે, તે વિશ્વાસને સાર્થક કરી આપ આપના વિસ્તારમાં વિકાસના કામોને નવી ઊંચાઈએ લઈ જશો તેવી અપેક્ષા અને અનેરી શુભેચ્છા.'

'પાક્કો ગુજરાત' પરિવાર આશા વ્યક્ત કરે છે કે ખોખરા વોર્ડના નવયુક્ત કોર્પોરેટરો વિસ્તારના પાયાના પ્રશ્નો જેવા કે રસ્તા, પાણી, અને સ્વચ્છતા પર વિશેષ ધ્યાન આપી, ખોખરાને એક મોડેલ વોર્ડ તરીકે પ્રસ્થાપિત કરવામાં પોતાનું અમૂલ્ય યોગદાન આપશે.

શુભેચ્છક:
પવન માકન
(ગ્રુપ એડિટર - પાક્કો ગુજરાત ન્યૂઝપેપર)
વિકાસના પંથે, જનતાની સાથે...

# શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની નવી લહેર

### સામાજીક પ્રંસગોમાં થતા ખોટા કુરિવાજો- ખર્ચા દુર કરવા ક્ષત્રિય સમાજની ભદ્રાલા ગામે યોજાયેલી બેઠકમાં બંધારણ ઘડાયું

• શહેરા,

વર્તમાન સમયમાં વધતી જતી મોંઘવારી સામે મધ્યમ અને ગરીબ વર્ગનો માણસ જ્યારે આર્થિક ભીંસ અનુભવી રહ્યો છે.પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકાના ગ્રામીણ વિસ્તારોમાં સામાજિક સુધારણાની એક અનોખી પહેલ શરૂ થઈ છે. લગ્ન અને મરણ જેવા પ્રસંગોએ થતા બિનજરૂરી ખર્ચ અને કુરિવાજો દૂર કરી 'શિક્ષિત બનો અને સંગઠિત બનો'ના સૂત્રને સાર્થક કરવા ક્ષત્રિય સમાજ દ્વારા મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે.તાલુકાના ભદ્રાલા ગામે આવેલા ખોડિયાર માતાજીના મંદિરના પ્રાંગણમાં લાભી, ભદ્રાલા, હાંસાપુર, ધાંધલપુર અને સલામપુરા એમ પાંચ ગામોના ક્ષત્રિય સમાજના અગ્રણીઓની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સામાજિક પ્રસંગોને સરળ બનાવવા અને આર્થિક બોજ ઘટાડવા માટે સર્વાનુમતે એક 'સામાજિક બંધારણ' ઘડવામાં આવ્યું છે.નવા બંધારણની મુખ્ય જોગવાઈઓ મુજબ સોના-ચાંદીના દાગીના, લગ્ન પ્રસંગે વ્યવહારમાં આપવામાં આવતા સોના-ચાંદીના દાગીનાની સંખ્યા મર્યાદિત રાખવી,ખર્ચ પર નિયંત્રણ જેવા કે ડીજે મ્યુઝિક સિસ્ટમ, મોસાળું અને કપડાંની લેવડદેવડના બિનજરૂરી ખર્ચ બંધ



કરવા, જમણવારમાં પીરસવામાં આવતી વાનગીઓની સંખ્યામાં ઘટાડો કરવો. સાથે સાથે નિયમોનુ પાલન નહી કરનારા તેમજ પ્રસંગોમાં દારૂ પીને આવનાર કે ઝઘડો કરનાર વ્યક્તિ સામે કડક દંડનીય કાર્યવાહી કરવી સહીતના નિર્ણયો લેવાયા છે.સાથે લગ્નમાં થતા ખોટા ખર્ચાથી બચવા સમુહ લગ્નોમાં સંતાનોના લગ્ન કરાવવા સુચન પણ કરાયુ હતું.

સમાજના અગ્રણી અને એડવોકેટ અનોપસિંહ સોલંકી એ જણાવ્યુ હતુ કે 'લગ્ન અને મરણ પ્રસંગે થતા ખોટા ખર્ચાઓ રોકવા આ બંધારણ નક્કી કરાયું છે. સમાજને પ્રગતિના પંથે લઈ જવા અને સામાન્ય માણસને દેવામાંથી બચાવવા માટે પાંચ ગામના આગેવાનોએ મળીને આ નિર્ણય લીધો છે, જેનો અમલ ચુસ્તપણે કરવામાં આવશે." આ બેઠકમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલા યુવાનોએ પણ આ પરિવર્તનને આવકાર્યું હતું. સમાજના દરેક વ્યક્તિને આર્થિક રીતે અનુકૂળ રહે તેવા આ સામુહિક સ્વીકારને પગલે સમગ્ર પંથકમાં આ ઝુંબેશની પ્રશંસા થઈ રહી છે. આ પગલું આગામી સમયમાં અન્ય સમાજો માટે પણ પ્રેરણારૂપ બનશે.

**ઠગાઈ** ગુજરાત ટુરિઝ્મ અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન નામે કરોડોની ઠગાઈનો મામલો

# ગાંધીનગરના મહાઠગ નીરવ દવેના નિવૃત નાયબ સચિવ પિતા અને પુત્રની આખરે ધરપકડ, પત્ની હજી પણ ભુગર્ભમાં

### ગુજરાત ટુરિઝ્મ કોર્પોરેશન અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નકલી દસ્તાવેજો બનાવી વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ

• ગાંધીનગર

ગાંધીનગરના IT હબ ગણાતા ઈન્ફોસિટી વિસ્તારમાં સરકારી ટેન્ડરોના નામે કરોડો રૂપિયાનું ફૂલેકું ફેરવનાર નીરવ દવેના કૌભાંડમાં નિતનવા ખુલાસા થઈ રહ્યા છે. ગુજરાત ટુરિઝમ કોર્પોરેશન અને સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનના નકલી દસ્તાવેજો બનાવી વેપારીઓ સાથે કરોડોની ઠગાઈ આચરનાર નીરવ દવે હાલ જેલની હવા ખાઈ રહ્યો છે ત્યારે ઈન્ફોસિટી પોલીસે આ પ્રકરણમાં તેના નિવૃત નાયબ સચિવ પિતા અને પુત્રની ધરપકડ કરી તેમને પણ સેન્ટ્રલ જેલ ભેગા કરી દીધા છે. જોકે નીરવની પત્ની હજુ પણ પોલીસને હાથતાળી આપીને ભુગર્ભમાં ઉતરી ગઈ હોવાથી ભોગ બનનાર વેપારીઓની પૈસા પરત મળવાની આશા પર પાણી ફરી વળ્યું છે.ગાંધીનગરના સેક્ટર-23માં રહેતા મહાઠગ દંપતિએ રાણકી વાવમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ, દ્વારકાના શિવરાજપુર બીચનું ડેવલપમેન્ટ, અમરેલીના રાજમહેલ કિલ્લાનું રિનોવેશન અને સુરતના તાપી રિવરફ્રન્ટના બ્યુટીફિકેશન જેવા હાઈ-પ્રોફાઈલ સરકારી પ્રોજેક્ટ્સના નકલી ટેન્ડરો બનાવી અનેક વેપારીઓને કરોડોનો ચુનો લગાવવામાં આવ્યો છે. આ પ્રકરણમાં મહાઠગ



નીરવ હાલમાં જેલની હવા ખાઈ રહયો છે તો એની પત્ની ભૂગર્ભમાં ઉતરી છે. ત્યારે ઈન્ફોસિટી પોલીસે મહાઠગના નિવૃત નાયબ સચીવ પિતા અને પુત્રની પણ ધરપકડ કરી સેન્ટ્રલ જેલ ભેગા કરી દીધા છે.અમદાવાદના વેપારી ભાવિકભાઈ પટેલ સાથે નીરવ દવેનો પરિચય વર્ષ 2004માં થયો હતો, જ્યારે નીરવ ઈન્ફોસિટીમાં એરટેલની એજન્સી ચલાવતો હતો. ત્યારે વર્ષ 2023માં નીરવે વડનગરના શર્મિષ્ઠા તળાવના મેન્ટેનન્સનું નકલી ટેન્ડર બતાવી ભાવિકભાઈ અને તેમના મિત્રો પાસેથી 1.75 કરોડનું રોકાણ કરાવી છેતરપિંડીનો પાયો નાખ્યો હતો. ત્યારબાદ આ સિલસિલો અટક્યો ન હતો. નીરવે પાટણની રાણકી વાવમાં ઈલેક્ટ્રિક લાઈટિંગ, દ્વારકાના શિવરાજપુર બીચનું ડેવલપમેન્ટ, અમરેલીના રાજમહેલ કિલ્લાનું રિનોવેશન અને સુરતના તાપી રિવરફ્રન્ટના બ્યુટીફિકેશન જેવા હાઈ-પ્રોફાઈલ સરકારી પ્રોજેક્ટ્સના નકલી ટેન્ડરો ઉભા કર્યા હતા. આ પ્રોજેક્ટ્સમાં રોકાણના નામે તેણે ભાવિક પટેલના સાળા અને અન્ય સંબંધીઓ પાસેથી કુલ 20.70 કરોડ રૂપિયા પડાવી લીધા હતા.માત્ર ભાવિકભાઈ જ નહીં પરંતુ ઈન્ફોસિટીમાં ગેસ એજન્સી ચલાવતા દર્શનભાઈ રામી પણ આ ઠગ દંપતીનો શિકાર બન્યા છે. નીરવ અને તેની પત્ની મીરાએ સુરત મહાનગર પાલિકાના 22.58 કરોડના રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો બનાવટી લેટરપેડ પર તૈયાર કરેલો વર્ક ઓર્ડર બતાવી દર્શનભાઈ પાસેથી 1.12 કરોડથી વધુની રકમ પડાવી હતી. તો નીરવની ઓફિસમાં કામ કરતા એક કર્મચારીએ પણ પોતાના મકાન વેચાણના 24 લાખ રૂપિયા આ ઠગાઈમાં ગુમાવ્યા છે.આ મામલે પોલીસ તપાસમાં સૌથી ચોંકાવનારી વિગત એ બ હા ર આવી હતી કે, આ ઠગાઈમાં નીરવનો પુત્ર યજત દવે ડિજિટલ એડિટિંગનો ઉપયોગ કરતો હતો. યજત અસલી સરકારી પત્રો મેળવી લેપટોપમાં તેમાં ફેરફાર કરી પોતાની પેઢીનું નામ લખી ખોટા વર્ક ઓર્ડર તૈયાર કરતો હતો, જેને જોઈને રોકાણકારો વિશ્વાસમાં આવી જતા હતા. નીરવના પિતા મહેન્દ્ર દવે જેઓ પોતે નિવૃત નાયબ સચિવ છે, તેમની પણ આ કૌભાંડમાં સંડોવણી હોવાના મજબૂત પુરાવા પોલીસને હાથ લાગ્યા હતા. આમ વર્ષ 2016 થી 2025 દરમિયાન આ આખા પરિવારે મળીને ટુકડે-ટુકડે કરોડો રૂપિયાની ઉચાપત કરી હતી.આ અંગે ઈન્ફોસિટી પોલીસ મથકના પીઆઈ વી. આર. ખેરે જણાવ્યું કે , નીરવ હાલમાં જેલમાં છે. જ્યારે તેની પત્ની મીરા વોન્ટેડ છે. આ પ્રકરણમાં નીરવનાં નિવૃત નાયબ સચિવ પિતા મહેન્દ્ર દવે અને પૌત્ર યજતની ભાવિક પટેલ સાથેની ઠગાઈના ગુનામાં ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા હતા. જે બંન્નેને કોર્ટે 18 માર્ચ સુધી જ્યુડિશીયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.ઉલ્લેખનીય છેકે મહાઠગ દંપતીએ નકલી ટેન્ડરોના ઓથાર હેઠળ આચરેલા કરોડોના કૌભાંડમાં હવે નિવૃત નાયબ સચિવ અને પૌત્રની પણ ધરપકડ થઈ ચૂકી છે. પરંતુ મીરા દવે હજી પણ પોલીસ ચોપડે વોન્ટેડ છે. ત્યારે ભોગ બનનાર વેપારીઓને સરકારી ટેન્ડરની લાલચમાં હાથના કર્યાં હૈયે વાગ્યા હોય એમ રાતા પાણીએ રોવાનો વખત આવ્યો છે. કેમકે પોલીસ ચોપડે માત્ર વ્હાઈટની એન્ટ્રીના રૂપિયાની ઠગાઈનો આંકડો નોંધાયો છે.

### પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય સંસ્થા વર્ષોથી પોરબંદરમાં વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર

# પોરબંદરના સુપ્રસિદ્ધ શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર ખાતે ભાવિકો માટે વોટર કૂલર અર્પણ કરાયું

**ભક્તિ અને સેવાનો સંગમ** પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય સંસ્થાના પ્રમુખ પ્રવીણભાઈ ખોરાવા પરિવાર દ્વારા પ્રશંસનીય કાર્ય

• ગોસા(ઘેડ) તા.૦૯

પોરબંદરના ભામાશા તરીકે લોકહૃદયમાં વિશેષ સ્થાન ધરાવતા જાણીતા દાતા તથા ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય એવા સાગરપુત્ર સમન્વય અને પાયોનિયર ક્લબના પ્રમુખ પ્રવીણભાઈ ખોરાવા પરિવાર દ્વારા અવારનવાર શહેરમાં સેવાકીય અને ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

આગામી સમયમાં ધગધગતા ઉનાળાની શરૂઆત થવાની હોવાથી ગરમીના સમયમાં લોકો અને ભક્તોને ઠંડુ પીવાનું પાણી સરળતાથી મળી રહે તેવા શુભ આશયથી પોરબંદર શહેરના




આસ્થાના કેન્દ્ર સમાન શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિરે વોટર કૂલર અર્પણ કરવાનો કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રસંગે પાયોનિયર ક્લબ તથા સાગરપુત્ર સમન્વયના પ્રમુખ પ્રવીણભાઈ ખોરાવા અને શ્રીમતી ઉમાબેન ખોરાવા દ્વારા ભક્તોની સુવિધા માટે અદ્યતન વોટર કૂલર ભેટ આપવામાં આવ્યો હતો.

શ્રી સિદ્ધેશ્વર મહાદેવ મંદિર પોરબંદરનું પ્રાચીન અને અતિ જાગૃત શિવાલય તરીકે ઓળખાય છે, જ્યાં દરરોજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. ઉનાળાની કાળઝાળ ગરમી દરમિયાન મંદિરે આવતા ભક્તોને ઠંડુ અને શુદ્ધ પીવાનું પાણી મળી રહે તે માટે આ સેવાકાર્ય કરવામાં આવ્યું છે.

પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય સંસ્થા વર્ષોથી પોરબંદરમાં વિવિધ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહી છે. પ્રમુખ પ્રવીણભાઈ ખોરાવા અને તેમના પરિવાર દ્વારા સમાજ ઉપયોગી કાર્યોમાં હંમેશા ઉદાર હાથે સહયોગ આપવામાં આવે છે. આ પ્રસંગે દાતા પરિવારે જણાવ્યું હતું કે મહાદેવના ચરણોમાં સેવા કરવાનો અવસર મળવો એ અમારું સદભાગ્ય છે અને ભક્તોની સુવિધા જ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.

મંદિરના ટ્રસ્ટીઓ અને પૂજારીશ્રીએ આ સેવાભાવી કાર્યની પ્રશંસા કરી હતી અને જણાવ્યું હતું કે વોટર કૂલરની સ્થાપનાથી ઉનાળાના આકરા તાપમાં દર્શનાર્થે આવતા ભક્તોને મોટી રાહત મળશે.

પાયોનિયર ક્લબ અને સાગરપુત્ર સમન્વય દ્વારા કરવામાં આવેલ આ સેવાભાવી કાર્યને સ્થાનિકો અને ભાવિકોએ પણ બિરદાવ્યું હતું.

રિપોર્ટર : વિરમભાઈ કે. અગઠ

# BRTSના બંધ પડેલા સ્વીગ ગેટને ફરી ચાલુ કરાશે 2.37 કરોડના ખર્ચે 270 ઓટોમેટિક ગેટ કાર્યરત થશે

### થોડા દિવસો પહેલા જ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજ પોતે મેદાનમાં ઉતર્યા હતા

• સુરત

સુરત મહાનગરપાલિકા દ્વારા શહેરની પરિવહન વ્યવસ્થાને વધુ સુદ્રઢ અને સુરક્ષિત બનાવવા માટે એક નિર્ણય લેવામાં આવ્યો છે. સુરતની લાઈફલાઈન ગણાતી BRTS સેવામાં છેલ્લા લાંબા સમયથી મેન્ટેનન્સના અભાવે બંધ પડેલા 270 જેટલા ઓટોમેટિક સ્વિંગ ગેટને ફરીથી શરૂ કરવા માટે પાલિકાના ટ્રાફિક અને BRTS પ્રોજેક્ટ સેલ દ્વારા કવાયત તેજ કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ માટે અંદાજે રૂપિયા 2,37,86,156ના ખર્ચનું ટેન્ડર પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

સુરત BRTS સ્ટેશનો પર મુસાફરોની સુરક્ષા અને અનધિકૃત પ્રવેશ રોકવા માટે ઓટોમેટિક સ્વિંગ ગેટ લગાવવામાં આવ્યા હતા. જોકે, યોગ્ય જાળવણીના અભાવે અને ટેકનિકલ ખામીઓને કારણે મોટાભાગના ગેટ લાંબા સમયથી બંધ હાલતમાં હતા. આ ગેટ બંધ હોવાને કારણે મુસાફરો ગમે ત્યાંથી કોરિડોરમાં પ્રવેશતા હતા, જેનાથી અકસ્માતનો ભય રહેતો હતો. હવે પાલિકાએ આ ખામી સુધારવા માટે કમર કસી છે.



ભૂતકાળમાં ગેટ રિપેર થયા બાદ ફરી બગડી જતા હોવાની ફરિયાદો ઉઠી હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે પાલિકાએ ટેન્ડરમાં કડક શરત મૂકી છે. જે એજન્સીને આ કામ સોંપવામાં આવશે, તેણે માત્ર ગેટ રિપેર નથી કરવાના, પરંતુ આગામી 5 વર્ષ સુધી તેનું સંપૂર્ણ મેન્ટેનન્સ અને જાળવણી પણ કરવાની રહેશે. આ શરતને કારણે હવે એજન્સીએ કામની ગુણવત્તા જાળવવી પડશે.

થોડા દિવસો પહેલા જ મ્યુનિસિપલ કમિશનર એમ. નાગરાજ પોતે મેદાનમાં ઉતર્યા હતા. તેમણે બીઆરટીએસ કોરિડોરમાં અચાનક વિઝિટ કરી હતી અને ગેરકાયદેસર રીતે કોરિડોરમાં વાહનો ચલાવતા ખાનગી વાહન ચાલકોને અટકાવીને સ્થળ પર જ શિસ્તના પાઠ ભણાવ્યા હતા. કમિશનરની આ કડકાઈ બાદ હવે તંત્ર હરકતમાં આવ્યું છે અને બીઆરટીએસ સિસ્ટમને સંપૂર્ણપણે સ્માર્ટ બનાવવાની દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે.

# અમદાવાદના હોક્કો કીચનની દાળ ખીચડીમાં વંદો નીકળ્યો

### એક વર્ષના બાળકે ખીચડી ખાતાં માતા-પિતામાં ભારે રોષ

• અમદાવાદ

હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજરે કહ્યું, ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરી રહ્યા છીએ. AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે. અમદાવાદના ખાણીપીણીમાં સ્વચ્છતાને લઈને ફરી એક વાર સવાલ ઉઠ્યા છે. નવરંગપુરામાં આવેલા 1944 હોક્કો કીચનમાં એક ગ્રાહકે મંગાવેલી દાળ ખીચડીમાંથી વંદો નીકળ્યો હતો. એક વર્ષના બાળકે ખીચડી ખાધી પણ હતી, રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ જેથી ગ્રાહકે રેસ્ટોરન્ટ સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. જ્યારે AMCએ તપાસ કરીને રૂ. 10 હજારની પેનલ્ટીની કાર્યવાહી કરી છે.

નવરંગપુરાના 1944 હોકો કીચનમાં એક યુવક પરિવાર સાથે જમવા ગયો હતો. યુવકે રૂ. 479ની દાલ-ખીચડી મંગાવી હતી. ખીચડી તેના એક વર્ષના દીકરાને ખવડાવતો હતો અને અચાનક તેમાં વંદો દેખાતા પરિવાર સ્તબ્ધ થઈ ગયો હતો. નાના બાળકે પણ ખીચડી ખાધી હોવાથી માતા-પિતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. ગ્રાહકે આ ઘટનાના ફોટો અને વીડિયો સોશિયલ મીડિયા પર પુરાવા તરીકે શેર કર્યા છે. ઘટનાએ રેસ્ટોરન્ટમાં જળવાતી સ્વચ્છતા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. 1994 હોક્કોકીચન મોટી બ્રાન્ડ હોવા છતાં ગ્રાહકોના સ્વાસ્થ્ય સાથે આ પ્રકારે ચેડા થઈ રહ્યાં છે. ઘટનાને પગલે ગ્રાહકે એએમસીના ફૂડ વિભાગ પાસે રેસ્ટોરન્ટ સામે તપાસ કરવાની માગ કરી છે. એટલું જ નહીં રેસ્ટોરન્ટને લાઈસન્સ રદ્દ કરી તેને દંડ ફટકારવાની પણ માંગ કરી છે.ટેલિફોનિક વાતમાં હોક્કો કીચનના આસિસ્ટન્ટ મેનેજર કેશવભાઈએ જણાવ્યું હતું કે, ઘટના બની હતી પરંતુ ક્યાંથી ભૂલ થઈ તેની તપાસ કરવામાં આવી રહી છે.કોર્પોરેશનની ટીમ પણ અમારા ત્યાં આવીને ગઈ છે.AMCના ફૂડ વિભાગના વડા ડો. તેજસ શાહે જણાવ્યું હતું કે, નવરંગપુરા વિસ્તારમાં આવેલા ચીજ વસ્તુઓમાં જીવાત નીકળી હોવા અંગેની ઓનલાઈન ફરિયાદ મળી હતી તેના આધારે ફૂડ વિભાગ દ્વારા ત્યાં તપાસ કરવામાં આવી હતી.

# વાવ થરાદની 28 વર્ષીય દુષ્કર્મ પીડિતાને ગર્ભપાતની મંજૂરી



ગુજરાત હાઈકોર્ટમાં વાવ થરાદથી 28 વર્ષીય દુષ્કર્મ પીડિતાના 08 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે અરજી આવી હતી. આરોપી સામે આગથલા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો. ગુજરાત હાઈકોર્ટે યુવતીની અરજી સંદર્ભે તેના પાલનપુર સિવિલ હોસ્પિટલમાં મેડિકલ તપાસના આદેશ આપ્યા હતા. જેમાં ગર્ભપાતમાં રહેલા જોખમ વિશે હોસ્પિટલે જણાવવાનું હતું.હોસ્પિટલના રીપોર્ટ મુજબ યુવતીને 08 સપ્તાહ અને 05 દિવસનો ગર્ભ હતો. તેનો મેડિકલી ગર્ભપાત શક્ય હતો. ગુજરાત હાઈકોર્ટે હોસ્પિટલના રીપોર્ટ બાદ ગર્ભના DNA નુ સેમ્પલ જાળવી રાખવાના આદેશ સાથે યુવતીના બનાસ મેડિકલ કોલેજમાં ગર્ભપાતના નિર્દેશ આપ્યા છે. યુવતીએ ગર્ભપાત પહેલા બાહેંધરી આપવાની રહેશે. જો બાળક જીવિત જન્મે તો તેને તમામ મેડિકલ સુવિધા આપવાની રહેશે અને આંગળાની કાર્યવાહી જુવેનાઈલ જસ્ટિસ એક્ટ મુજબ હાથ ધરાશે.વળી હાઈકોર્ટમાં અમદાવાદથી 16 વર્ષની દુષ્કર્મ પીડિતા સગીરાના 22 સપ્તાહના ગર્ભના ગર્ભપાત માટે અરજી આવી છે. જેમાં આરોપી સામે વટવા પોલીસ મથકે ગુન્હો નોંધાયો છે.

### ફાયરની પાંચ ટીમ દ્વારા કાબૂ મેળવવા પ્રયાસ

# મેટોડા GIDCમાં રબરના ગોડાઉનમાં આગ એક કિમી દૂર ધુમાડાના ગોટેગોટા દેખાયા

• રાજકોટ

રાજકોટના મેટોડા GIDC ગેઈટ નંબર-1માં આવેલા એક રબરના ગોડાઉનમાં બપોરના અચાનક ભીષણ આગ ફાટી નીકળતા દોડધામ મચી ગઈ હતી. રબરનો જથ્થો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. ફેક્ટરીમાંથી ધુમાડાના કાળા વાદળો કાલાવડ રોડ હાઈવે પર આકાશમાં ઉંચે એક કિલોમીટર સુધી દેખાતા આસપાસના અન્ય કારખાનાના શ્રમિકોમાં પણ ફફડાટ વ્યાપી ગયો હતો. ઘટનાની જાણ થતા જ મેટોડા ફાયર સ્ટેશનની ટીમ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી.

આગની ગંભીરતાને જોતા રાજકોટ મહાનગરપાલિકા



(RMC)ના ફાયર વિભાગની વધારાની 4 ટીમો પણ મદદ માટે બોલાવવામાં આવી હતી. હાલ મેટોડા અને રાજકોટ મનપાની સંયુક્ત ટીમો દ્વારા સતત પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાના પ્રયાસો તેજ કરવામાં આવ્યા છે. પ્રાથમિક અંદાજ મુજબ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું મનાય છે, જોકે ચોક્કસ કારણ હજુ જાણી શકાયું નથી.

ફાયર વિભાગના જણાવ્યા મુજબ, આજે બપોરના 1.38 વાગ્યે રાજકોટ ફાયર સ્ટેશન કંટ્રોલ રૂમને મેટોડા GIDC ગેઈટ નંબર 1માં આવેલ EPP કંપની સામે રબરના ગોડાઉનમાં આગ લાગી હોવાની કોલ મળતા તાત્કાલિક ટીમ રવાના કરવામાં આવી હતી. જોકે દૂર-દૂરથી ધુમાડાના ગોટેગોટા જોઈ તાત્કાલિક અન્ય ટીમો પણ રવાના કરી રાજકોટથી કુલ 4 ટીમ અને મેટોડ ફાયર સ્ટેશનની ટીમ સાથે મળી સતત એક કલાકથી પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવવા પ્રયત્ન કરી રહી છે.પ્રાથમિક માહિતી મુજબ, આ વેસ્ટ ગોડાઉન હોવાથી અહીં પડેલ માલ બાળીને ખાખ થઈ ગયો છે. લગભગ દોઢથી બે કલાક સુધી આગ પર કાબૂ મેળવતા સમય લાગી શકે તેમ છે. રાહતની વાત એ છે કે, જે સમયે આગ લાગી ત્યારે ગોડાઉનમાં હાજર તમામ શ્રમિકો સમયસૂચકતા વાપરી બહાર નીકળી ગયા હતા, જેના કારણે અત્યાર સુધી કોઈ જાનહાનિના સમાચાર મળ્યા નથી.

કમળ

ગેરજની બેઠકમાં કોંગ્રેસે જીત મેળવી

# પોરબંદર તાલુકાની ૧૮ માંથી ૧૬ બેઠકમાં ભાજપનું કમળ ખીલી ઉઠયું

## કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા ના ગામની મોઢવાડા ની પ્રતિષ્ઠા ભરી બેઠકમાં આમ આદમી પાર્ટીએ જીત મેળવી

• ગોસા(ઘેડ) તા.૨૮

પોરબંદર તાલુકા પંચાયત ની ૨૬ એપ્રિલના ચૂંટણી યોજાઈ હતી જેમાં પોરબંદર તાલુકા પંચાયતની ૨૨ બેઠકમાંથી ચાર બેઠક ચુંટણી પહેલા જ ભાજપ તરફી ૧-અડવાણા બેઠક માં પુતીબેન આતીયા ભાઈ કારાવદરા,૭-ગોસાની બેઠકમાં લાખાભાઈ વાઘાભાઈ કોડિયાર ૨૦- રાતીયા બેઠકમાં સંતોકબેન ભુરાભાઈ અને ૨૧-રાણારોજી વાડા માં વાલીબેન કેશુભાઈ ઓડેદરા બિન હરીફ થઈ હતી. આથી ૧૮ બેઠકો ઉપર ચૂંટણી યોજાઈ હતી. જેમાં ૪૧ ઉમેદવારો ચૂંટણી રણ મેદાને હતા જેમાં ૧૫૫ મતદાન મથકો ઉપર ચૂંટણી યોજાઈ હતી. કુલ મતદારો ૧૦૮૪૮૭ હતા. જેમાં પુરુષ મતદારો ૫૬, ૩૭૫ અને સ્ત્રી મતદારો ૫૨,૧૧૨ હતા. જેમાંથી ૩૨૨૬૧ પુરુષ અને ૨૨૮૧૭ સ્ત્રી મળી ૫૫૦૭૮ મતદારોએ મતદાન કરતા ૫૦.૭૭% મતદાન નોંધાયુ છે

૨-બખરલા બેઠક

આ બેઠક સામાન્ય સ્ત્રી બેઠક હોય તેમાં આ બેઠક સામાન્ય સ્ત્રી હોય તેમાં સાજણબેન રાજા હુણ ભાજપ અને કોંગ્રેસના વનિતાબેન હરીશભાઈ બાલસ વચ્ચે ચૂંટણી યોજાઈ હતીભાજપ અને નીલમબેન હિતેશભાઈ ઓડેદરા કોંગ્રેસ ના ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો આ બેઠકમાં ૪૧૬૫ પુરુષ મતદારો ૩૭૩૨ સ્ત્રી મતદાર મળી ૭૮૯૭ કુલી મતદારો માંથી ૨૨૧૭ પુરુષ મતદાન અને ૧૪૮૩ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૭૦૦ થયેલ અને ૪૬.૮૫ ટકા મતદાન નોંધાયું હતું જેમાંથી કોંગ્રેસના ઉમેદવાર નીલમબેન હિતેશભાઈ ઓડેદરા ને ૧૦૯૨ મત અને ભાજપના ઉમેદવાર સાજણબેન રાજા હુણને ૨૪૭૮ મત મળતાં ૧૩૮૬ મત થી તેઓ વિજેતા જાહેર કરાયા છે

૩-બળેજ બેઠક

આ બેઠક અનુસૂચિત જાતિ સ્ત્રી બેઠક હોય તેમાં મીનાક્ષીબેન વિનોદભાઈ સાદીયા(ભાજપ), ભાનુબેન પરબતભાઈ સાદીયા કોંગ્રેસ ના ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો આ બેઠકમાં ૨૭૯૦ પુરુષ મતદારો ૨૬૫૨ સ્ત્રી મતદાર મળી કુલ ૫૫૪૨ મતદારો માંથી ૧૯૮૩ પુરુષ મતદાન અને ૧૫૬૩ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૫૪૬ થતા ૪૬.૮૫ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી ભાનુબેન પરબતભાઈ સાદીયા ને ૧૪૧૬ મત અને મીનાક્ષીબેન વિનોદભાઈ સાદીયા ને ૨૦૫૯ મત મળતાં ૬૪૩ મતથી મીનાક્ષીબેનનો વિજય થયા છે

૪-દેગામ બેઠક

આ બેઠક સામાન્ય સ્ત્રી બેઠક હોય તેમાં અનિતાબેન જીવાભાઈ સુંડાવદરા ભાજપ અને હેતલબેન ભરતભાઈ ઓડેદરા કોંગ્રેસ ના ઉમેદવાર વચ્ચે ચૂંટણી યોજાઈ હતી આ

આ બેઠકમાં ૩૬૫૩ પુરુષ મતદારો ૩૨૭૭ સ્ત્રી મતદાર મળી કુલ ૬૯૩૦ મતદારો માંથી ૨૦૫૦ પુરુષ મતદાન અને ૧૩૯૨ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૫૪૨ થતા ૪૯.૬૬ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી હેતલબેન ભરતભાઈ ઓડેદરા ને ૭૮૩ મત અને ભાજપના અનિતાબેન જીવાભાઈ સુંડાવદરા ૨૫૨૨ મત મળતાં તેઓ ૧૭૩૯ મતે થી વિજેતા થયેલ

૫-ફટાણા બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી બેઠક હોય તેમાં હીરાબેન રાજુજી ઓડેદરા ભાજપ અને કોંગ્રેસ ના ઉમેદવાર શાંતીબેન ભીખુભાઈ કુછડીયા વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો.આ બેઠકમાં ૩૩૮૩ પુરુષ મતદારો ૩૦૪૪ સ્ત્રી મતદાર મળી કુલ ૬૪૨૭ મતદારો માંથી ૧૪૩૧ પુરુષ મતદાન અને ૮૫૯ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૨૯૦ થતા ૩૫.૬૩ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી શાંતીબેન ભીખુભાઈ કુછડીયા ને ૪૧૫ મત અને ભાજપના ઉમેદવાર હીરાબેન રાજુજી ઓડેદરાને ૧૭૮૮ મત મળતાં તેઓ ૧૩૭૩ મતે થી વિજય બન્યા છે

૬-ગરેજ બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી બેઠક હોય તેમાં દેવીબેન અરશીભાઈ સોલંકી ભાજપ અને દેવીબેન દેવાભાઈ ગરેજા કોંગ્રેસ ના ઉમેદવાર વચ્ચે ચૂંટણી જંગ

ખેલાયો હતો.આ બેઠકમાં ૩૧૨૬ પુરુષ મતદારો ૨૮૬૮ સ્ત્રી મતદાર મળી કુલ ૫૯૯૪ મતદારો માંથી ૧૮૦૯ પુરુષ મતદાન અને ૧૩૫૦ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૧૫૯ થતા ૫૨.૭ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી ભાજપ ના દેવીબેન અરશી સોલંકી ને ૧૨૯૦ મત અને કોંગ્રેસના દેવીબેન દેવાભાઈ ગરેજાને ૧૭૬૮ તેઓ કોંગ્રેસના ઉમેદવાર ૪૭૮ મતે થી વિજેતા જાહેર થયા છે

.૮-કડછ બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ સ્ત્રી બેઠક હોય તેમાં નીશાબેન ભરતભાઈ કડછા ભાજપ અને કોંગ્રેસ વનીતાબેન એબાભાઈ વાઘ વચ્ચે ચૂંટણી જંગ ખેલાયો હતો આ બેઠકમાં ૩૩૪૫ પુરુષ મતદારો ૩૧૬૩ સ્ત્રી મતદાર મળી કુલ ૬૫૦૮ મતદારો માંથી ૧૮૫૮ પુરુષ મતદાન અને ૧૦૮૦ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૯૩૮ થતા ૪૫.૧૪ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના વનિતાબેન એભાભાઈ વાઘને ૧૩૪૫ મત અને ભાજપના નિશાબેન ભરતભાઈ કડછા ને ૧૫૩૬ મત મળતાં ૧૯૧ મતે થી તેઓને વિજેતા ઘોષિત કરેલ.

૯-ખાંભોદર બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય તેમાં ગગુબેન ઓઘડભાઈ ગોઢાણીયા ભાજપ અને કોંગ્રેસના રાણા ભાઈ ગોગનભાઈ ગોઢાણીયા વચ્ચે ચૂંટણી યોજાઈ હતી.

આ બેઠકમાં ૩૧૯૯ પુરુષ મતદારો ૩૦૦૯ સ્ત્રી મતદાર મળી કુલ ૬૨૦૮ મતદારો માંથી ૨૦૨૬ પુરુષ મતદાન અને ૧૪૨૧ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૪૪૭ થતા ૫૫.૫૨ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી રાણાભાઈ ગોગનભાઈ ગોઢાણીયાને ૩૮૫ મત અને ભાજપના ગગુબેન ઓઘડભાઈ ગોઢાણીયા ને ૨૩૧૯ મત મળતાં ૧૬૪૦ મતની સારી એવી લીડ થી બેઠક જીતી લીધી છે.

૧૦-કિંદરખેડા બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય તેમાં કેશુભાઈ મેણંદભાઈ ઓડેદરા ભાજપ અને કોંગ્રેસના કેશુભાઈ ગીગાભાઈ મોઢવાડિયા અને ભીખુ જીવા કુછડીયા આ ત્રણેય વચ્ચે ચૂંટણી યોજાઈ હતું

આ બેઠકમાં ૨૬૨૦ પુરુષ મતદારો ૨૫૧૯ સ્ત્રી મતદાર મળી કુલ ૫૧૩૯ મતદારો માંથી ૧૪૨૫ પુરુષ મતદાન અને ૯૭૯ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૪૦૪ થતા ૪૬.૭૭ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના કેશુભાઈ ગીગાભાઈ મોઢવાડિયા ને ૮૫૬ અને ભાજપના ઉમેદવાર કેશુભાઈ મેણંદભાઈ ઓડેદરા ને ૧૩૪૨ મત મળતાં ૪૮૬ મત થી ભાજપના ઉમેદવાર વિજેતા જાહેર થયેલા.

૧૧-કુછડી બેઠક

આ બેઠક સામાજિક શૈક્ષણિક રીતે પછાત વર્ગ હોય તેમાં રામભાઈ નાગાભાઈ કુછડીયા ભાજપ અને કોંગ્રેસના સરમણ સવદાસ કુછડીયા તેમજ ભીખુ જીવા કુછડીયા ત્રણેય વચ્ચે ચૂંટણી યોજાઈ હતી

આ બેઠકમાં ૨૮૫૦ પુરુષ મતદારો ૨૭૦૫ સ્ત્રી મતદાર મળી કુલ ૫૫૫૫ મતદારો માંથી ૧૭૪૧ પુરુષ મતદાન અને ૧૩૨૨ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૦૬૩ થતા ૫૫.૧૩ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી સરમણ સવદાસ કુછડીયા ને ૯૧૦ મત અને ભાજપ ના રામભાઈ નાગાભાઈ કુછડીયા ને ૧૮૦૯ મત મળતાં ૮૯૯ મતથી તેઓ વિજેતા જાહેર કરેલા.

૧૨-માધવપુર-૧ બેઠક

આ બેઠક સામાન્ય સ્ત્રી હોય તેમાં લલીતાબેન પ્રવીણભાઈ માવદીયા ભાજપ અને કોંગ્રેસના કિંજલ હિરેન મોકરીયા ચૂંટણી મેદાનમાં હતા

આ બેઠકમાં ૨૭૫૦ પુરુષ મતદારો ૨૫૩૧ સ્ત્રી મતદાર મળી કુલ ૫૨૮૧ મતદારો માંથી ૧૭૧૧ પુરુષ મતદાન અને ૧૩૨૪ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૦૩૫ થતા ૫૭.૪૭ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના કિંજલ હિરેન મોકરીયા ને ૧૨૩૮ મત અને ભાજપના લલીતાબેન પ્રવીણભાઈ માવદીયા ને ૧૭૨૫ મત મળતાં ૪૮૭ મતથી તેઓ ને વિજેતા જાહેર થયેલ.

૧૩-માધવપુર-૨ બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં કરસન ભાઈ કાનાભાઈ વાજા ભાજપ અને કોંગ્રેસના ભીમાભાઈ ભીખુભાઈ ઘરસંડા વચ્ચે ચૂંટણી થઈ હતી.આ બેઠકમાં ૨૮૪૮ પુરુષ મતદારો ૨૬૦૧ સ્ત્રી મતદાર મળી કુલ ૫૪૪૯ મતદારો માંથી ૧૬૪૯ પુરુષ મતદાન અને ૧૨૭૧ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૯૨૦ થતા ૫૩.૫૮ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના ભીમાભાઈ ભીખુભાઈ ઘરસંડા ને ૮૨૧ મત અને ભાજપના કરસનભાઈ કાનાભાઈ ગરેજાને ૨૦૫૩ મત મળતાં તેઓ ૧૨૩૨ મતથી વિજય બન્યા છે

૧૪-માધવપુર-૩ બેઠક

આ બેઠક સામાન્ય સ્ત્રી હોય તેમાં ચોથીબેન રામશીભાઈ ડાભી ભાજપ અને કોંગ્રેસના વનિતાબેન હરીશભાઈ બાલસ વચ્ચે ચૂંટણી યોજાઈ હતી

આ બેઠકમાં ૨૫૪૮ પુરુષ મતદારો ૨૨૭૫ સ્ત્રી મતદાર મળી કુલ ૪૮૨૩ મતદારો માંથી ૧૬૪૬ પુરુષ મતદાન અને ૧૨૪૦ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૮૮૬ થતા ૫૯.૮૩ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના વનિતાબેન હરીશભાઈ બાલાસ ને ૧૨૩૬ મત અને ભાજપના ચોથીબેન રાજશીભાઈ ડાભી ને ૧૬૦૧ મત મળતાં તેઓને ૩૬૫ મતેથી વિજેતા ઘોષિત કરવામાં આવેલ

૧૫-મંડેર બેઠક

આ બેઠક માં ભાજપ ના રમેશ લખમણ બાલસ અને કોંગ્રેસના સંજયભાઈ હરદાસભાઈ બાલસ વચ્ચે ચૂંટણી યોજાઈ હતી

આ બેઠકમાં ૩૩૪૬ પુરુષ મતદારો ૩૦૭૨ સ્ત્રી મતદાર મળી કુલ ૬૪૧૮ મતદારો માંથી ૧૭૯૩ પુરુષ મતદાન અને ૧૨૧૦ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૦૦૩ થતા ૪૬.૭૯ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના સંજયભાઈ હરદાસભાઈ બાલસને ૧૩૮૮ મત અને ભાજપના રમેશ લખમણ બાલસને ૧૫૩૪ મત મળતાં તેઓ ૧૪૬ મતે થી વિજેતા બનેલ.

૧૬-મિયાણી બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં પ્રતાપભાઈ પરબત ભાઈ કેશવાલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર નવઘણ જેવા મોઢવાડિયા અને પરીક્ષિત જયંતિલાલ થાનકી આ ત્રણેય ચૂંટણી મેદાનમાં હતા

આ બેઠકમાં ૨૯૭૬ પુરુષ મતદારો ૨૯૧૬ સ્ત્રી મતદાર મળી કુલ ૫૮૯૨મતદારો માંથી ૧૮૭૧ પુરુષ મતદાન અને ૧૪૪૧ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૩૧૨ થતા ૫૬.૨૧ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી નવઘણ જીવા મોઢવાડિયા ને ૯૫૩ મત, પરીક્ષિત જયંતીલાલ થાનકી ને ૩૭૫ અને ભાજપના ઉમેદવાર પ્રતાપ પરબત કેશવાલાને ૧૯૫૦ મત મળતાં ભાજપના ઉમેદવાર ૯૯૭ મતેથી વિજેતા જાહેર થયા છે

૧૭-મોઢવાડા બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં લક્ષ્મણભાઈ ભુરાભાઈ મોઢવાડિયા ભાજપ અને આમ આદમી પાર્ટીના શાંતિબેન હિતેશભાઈ મોઢવાડિયા ચૂંટણી જંગમાં મેદાનમાં હતા

આ બેઠકમાં ૩૭૧૨ પુરુષ મતદારો ૩૪૮૭ સ્ત્રી મતદાર મળી કુલ ૭૧૯૯ મતદારો માંથી ૨૧૬૭ પુરુષ મતદાન અને ૧૫૯૭ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૩૭૬૪ થતા ૫૨.૨૮ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી ભાજપના ઉમેદવાર લખમણ ભૂરા મોઢવાડિયા ને ૧૮૨૪ મત અને આમ આદમી પાર્ટીના ઉમેદવાર શાંતિબેન હિતેશભાઈ મોઢવાડિયા ને ૧૮૬૭ મત મળતા ૪૩ મતથી આ પ્રતિષ્ઠા ભરી બેઠક આમ આદમી પાર્ટીએ મેળવી લીધી છે

૧૮-નાગકા બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં નાથાભાઈ કાનાભાઈ મોઢવાડિયા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર હિતેશકુમાર ભરત બાપોદરા વચ્ચે ચૂંટણી યોજાઈ હતી

આ બેઠકમાં ૨૭૬૧ પુરુષ મતદારો ૨૫૨૨ સ્ત્રી મતદાર મળી કુલ ૫૨૮૩ મતદારો માંથી ૧૫૧૨ પુરુષ મતદાન અને ૯૧૩ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૪૨૫ થતા ૪૫.૯ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કોંગ્રેસના ઉમેદવાર હિતેશકુમાર ભરત બાપોદરા ને ૭૬૫ મત અને ભાજપના ઉમેદવાર નાથા કાનાભાઈ મોઢવાડિયાને ૧૫૬૬ મત મળતાં ભાજપના ઉમેદવારને ૮૯૧ મતેથી વિજેતા ઘોષિત કરેલ.

૧૯-ઓડદર બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં નાથાભાઈ કાનાભાઈ મોઢવાડિયા ભાજપ

આ બેઠકમાં ૩૦૮૯ પુરુષ મતદારો ૨૭૦૯ સ્ત્રી મતદાર મળી કુલ ૫૭૯૮ મતદારો માંથી ૧૬૫૦ પુરુષ મતદાન અને ૧૧૭૬ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૮૨૬ થતા ૪૮.૭૪ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી કિશન વિનોદ આંત્રોલીયા ને ૨૦૫ અને પુંજા લીલા ઓડેદરા ને ૫૯૩ મત તેમજ ભાજપના ઉમેદવાર ભીખુભાઈ માલદેભાઈ ઓડેદરા ને ૧૯૭૮ મત મળતાં માર્જીન આ બેઠક તેઓએ મેળવી લીધી છે

૨૨-વિસાવાડા બેઠક

આ બેઠક બિન અનામત સામાન્ય હોય તેમાં વસુંધરા માલદે લીંબોલા ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર ભીખુ જીવા પાંડાવદરા વચ્ચે ચૂંટણી યોજાઈ હતી

આ બેઠકમાં ૩૧૧૪ પુરુષ મતદારો ૩૦૩૦ સ્ત્રી મતદાર મળી કુલ ૬૧૪૪ મતદારો માંથી ૧૬૫૪ પુરુષ મતદાન અને ૧૧૬૫ સ્ત્રી મતદાન થતા કુલ મતદાન ૨૮૧૯ થતા ૪૫.૮૮ ટકા મતદાન નોંધાયેલું હતું જેમાંથી ભીખુ જીવા પાંડાવદરા ને ૯૯૧ અને ભાજપના ઉમેદવાર વસુંધરા માલદે લીંબોલાને ૧૭૧૫ મત મળતાં ભાજપના ઉમેદવાર ને ૭૨૪ મતથી વિજેતા જાહેર થયા છે

આમ પોરબંદર તાલુકામાં સમગ્ર વિસ્તારમાં ભાજપનું કમળ ખીલી ઉઠેલ છે

રિપોર્ટરઃ- વિરમભાઈ કે. આગઠ

# ગોંડલ પંચાયત ચૂંટણીમાં ભાજપને બહુમતી, આમ આદમી પાર્ટીની એન્ટ્રી

## તાલુકા પંચાયતમાં ભાજપનું શાસન, AAPએ 4 બેઠકો જીતી

• ગોંડલ

ગોંડલની સેન્ટ મેરી સ્કૂલ ખાતે રાજકોટ જિલ્લા પંચાયતની 5 અને ગોંડલ તાલુકા પંચાયતની 22 બેઠકો માટેની મતગણતરી આજે શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ હતી. આ મતગણતરીમાં ગોંડલ તાલુકા પંચાયતમાં ભાજપે સ્પષ્ટ બહુમતી મેળવી છે, જ્યારે આમ આદમી પાર્ટીએ પણ નોંધપાત્ર દેખાવ કરીને 4 બેઠકો જીતી છે.મતગણતરી પ્રક્રિયા દરમિયાન વહીવટી તંત્રના માઈક્રોપ્લાનિંગ અને પોલીસના ચુસ્ત બંદોબસ્તને કારણે સમગ્ર પ્રક્રિયા સુચારુ રીતે પાર પડી હતી. રાજકોટ રેન્જ IG નિર્લિપ્ત રાય અને જિલ્લા SP વિજયસિંહ ગુર્જરની સીધી સૂચના હેઠળ ગુંદાળા ચોકડીથી સેન્ટ મેરી સ્કૂલ સુધી સુરક્ષાનો લોખંડી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પ્રોબેશનલ IPS પ્રખરકુમારની આગેવાનીમાં 1 DYSP, 5 PI, 7 PSI અને 200થી વધુ જવાનો તૈનાત હતા. પોલીસ જવાનો બોડી વોર્ન કેમેરાથી સજ્જ હતા અને તમામ સંવેદનશીલ સ્થળોએ બેરીગેટિંગ કરવામાં આવ્યું હતું. ઉમેદવારો અને એજન્ટોને સઘન



ચેકિંગ અને સ્કેનિંગ બાદ જ પ્રવેશ અપાયો હતો, જ્યારે મોબાઈલ અને પાન-મસાલા જેવી વસ્તુઓ અંદર લઈ જવા પર કડક મનાઈ ફરમાવી હતી. રાજકોટ જિલ્લા પંચાયતની 5 બેઠકો પૈકી ભાજપે 4 બેઠકો પર વિજય મેળવ્યો છે, જ્યારે 1 બેઠક આમ આદમી પાર્ટીના ફાળે ગઈ છે. ભાજપના વિજેતા ઉમેદવારોમાં જયશ્રીબેન ચોવટીયા (દેરડી), સામંતભાઈ બાંભવા (કોલીથડ), લાલજીભાઈ તળાવીયા (શિવરાજગઢ) અને જલ્પાબેન મકવાણા (ચરખડી) નો સમાવેશ થાય છે. મોવિયા બેઠક પર આમ આદમી પાર્ટીના આરતીબેન જેતાણીનો વિજય થયો હતો, જ્યાં તેમણે ભાજપના રાજુભાઈ ડાંગરને હરાવ્યા હતા.ગોંડલ તાલુકા પંચાયતની 22 બેઠકોમાંથી 18 બેઠકો મેળવીને ભારતીય જનતા પાર્ટીએ સ્પષ્ટ બહુમતી મેળવી છે. ભાજપના વિજેતા ઉમેદવારોમાં રીટાબેન ભાવેશભાઈ રાંક (આંબરડી), પુષ્પાબેન દિવ્યેશભાઈ લીલા (ચરખડી), વર્ષાબેન દિલીપભાઈ સોજીત્રા (દડવા), મંજુલાબેન મનીષભાઈ પીપળીયા (દાળિયા - બિનહરીફ), વૈશાલીબેન મહેશભાઈ ગોળ (દેરડી), કોમલબેન દિવ્યેશભાઈ સોલંકી (દેવચડી), ભાવેશભાઈ સગરામભાઈ શિયાળ (ગોમટા), દક્ષાબેન નટવરભાઈ સોલંકી (ગુંદાળા), અંજલીબેન ગૌતમભાઈ ઠુંમર (કમઢીયા), ઘનશ્યામભાઈ રઘુવીરભાઈ દેવમુરારી (કેશવાળા), ભુપતભાઈ જસમતભાઈ ડાભી (કોલીથડ), પરેશભાઈ શિવાભાઈ આસોદરીયા (મોટી ખીલોરી), અંકિતાબેન ભાર્ગવભાઈ આંદીપરા (મોવિયા-2), ભરતભાઈ લાલજીભાઈ ઢોલરિયા (નવાગામ), રંજનબા સહદેવસિંહ જાડેજા (શેમળા), મનોજભાઈ ધીરજલાલ વોરા (શિવરાજગઢ), ભગવતસિંહ મુળુરાજસિંહ વાઘેલા (શ્રીનાથગઢ) અને રાહુલભાઈ અરજણભાઈ ખુમાણ (ત્રાકુડા) નો સમાવેશ થાય છે.

નિષ્કર્ષઃ વિકાસ એટલે શું?

બનાસકાંઠાઃ ઈતિહાસના પાને રાજીવ ગાંધીના માનવતાવાદી અભિગમની અમર ગાથા

# વિકાસ માત્ર પ્રોજેક્ટ્સમાં નહીં, લોકોની પીડા સમજવામાં છેઃ રાજીવ ગાંધીની એ ઐતિહાસિક મુલાકાતોનો ચિતાર

## ત્વરિત નિર્ણયઃ રાજીવ ગાંધીએ આ વાત સાંભળી અને સ્થળ પર જ આદેશ આપ્યા

• બનાસકાંઠા

તાજેતરમાં પ્રધાનમંત્રી દ્વારા બનાસકાંઠામાં કોંગ્રેસના શાસનકાળ દરમિયાન વિકાસના અભાવ અંગે જે પ્રહારો કરવામાં આવ્યા, તે ચર્ચાનો વિષય બન્યા છે. રાજકીય નિવેદનબાજી પોતાની જગ્યાએ હોઈ શકે, પરંતુ ઈતિહાસના પાનાં ફેરવતા એક અલગ જ ચિત્ર ઉપસે છે. બનાસકાંઠાની તરસતી ધરતી અને અહીંના લોકો પ્રત્યે પૂર્વ પ્રધાનમંત્રી રાજીવ ગાંધીનું જે જોડાણ હતું, તે આજે પણ અનેક વડીલોની આંખોમાં જીવંત છે.

૧૯૮૭નો એ ભયાનક દુષ્કાળ અને એક સંવેદનશીલ નેતા

વર્ષ ૧૯૮૭માં જ્યારે બનાસકાંઠામાં આસમાનમાંથી આફત વરસી રહી હતી–એ આફત હતી 'દુષ્કાળ'. પાણીના ટીપે-ટીપા માટે લોકો વલખાં મારતા હતા અને પશુઓ ઘાસચારા વગર દમ તોડી રહ્યા હતા. આ કપરા સમયે તત્કાલીન પ્રધાનમંત્રી રાજીવ ગાંધી માત્ર દિલ્હી બેસી રહ્યા નહોતા. તેમણે ૨ જૂન ૧૯૮૭ અને ૨૨ સપ્ટેમ્બર ૧૯૮૭ના



રોજ બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારોની મુલાકાત લીધી હતી.

પ્રોટોકોલ તોડીને જનતાની વચ્ચેઃ જીપ હંકારતા રાજીવ ગાંધી

રાજીવ ગાંધીની એ મુલાકાતો માત્ર સરકારી આંકડા મેળવવા પૂરતી નહોતી. દિયોદર, વાવ, થરાદ અને રાધનપુર જેવા વિસ્તારોમાં તેઓ ઘણીવાર સુરક્ષાના પ્રોટોકોલ બાજુ પર મૂકી પોતે જ જીપ હંકારી ગામડાઓમાં પહોંચી જતા.

* સણાવ ગામનો એ કિસ્સોઃ સણાવ ગામે રાજીવ ગાંધી અધિકારીઓ કે પત્રકારોના મોટા કાફલા વગર, માત્ર એક કેમેરા ટીમ સાથે પહોંચી ગયા હતા. જ્યારે અધિકારીઓ તેમને શોધી રહ્યા હતા, ત્યારે દેશનો વડાપ્રધાન સામાન્ય ગ્રામજનો વચ્ચે બેસી તેમની તકલીફો સાંભળી રહ્યો હતો.

ઝઝામ ગામઃ ૧૫ કિમી દૂર પાકિસ્તાન અને ૨૪ કલાકમાં મળેલી જીવનરેખા

સાંતલપુર તાલુકાના સરહદી ગામ 'ઝઝામ'ની ઘટના આજે પણ વિકાસના ઈતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલી છે. પાકિસ્તાન બોર્ડરથી માત્ર ૧૫ કિમી દૂર આ ગામમાં આરોગ્યની સુવિધા નહોતી. લોકોએ રજૂઆત કરી કે બીમારીના સમયે ડોક્ટરને બોલાવવા માટે કોઈ જ સાધન નથી.

» ત્વરિત નિર્ણયઃ રાજીવ ગાંધીએ આ વાત સાંભળી અને સ્થળ પર જ આદેશ આપ્યા. જોતજોતામાં ૨૨ કિમી લાંબી લાઈન નાંખવાની કામગીરી શરૂ થઈ અને માત્ર ૧૮૦ રૂપિયાના વાર્ષિક ભાડા પર ગામને ૨૪ કલાક કાર્યરત ટેલિફોન મળ્યો. આ માત્ર ટેકનોલોજી નહોતી, પણ સરહદી લોકો માટે જીવનરેખા હતી.

» મુખ્યમંત્રીને સ્થળ પર જ સૂચનાઓ તેમના પ્રવાસમાં પાલડી, લુવાણા, બોરૂ, સુઈગામ અને મલુપુર જેવા ગામોનો સમાવેશ થતો હતો. આ મુલાકાતો દરમિયાન તેઓ લોકોની માંગણીઓ સાંભળી તત્કાલીન મુખ્યમંત્રી અમરસિંહ ચૌધરીને તરત જ નિરાકરણ લાવવા સૂચના આપતા. શાસન જ્યારે સંવેદના સાથે જોડાય છે, ત્યારે કેવા પરિણામો મળે છે તેનું આ શ્રેષ્ઠ ઉદાહરણ હતું.

નિષ્કર્ષઃ વિકાસ એટલે શું?વિકાસ એટલે માત્ર મોટા રસ્તાઓ કે બિલ્ડીંગો જ નહીં, પરંતુ મુશ્કેલીના સમયે લોકોની વચ્ચે જઈને તેમના આંસુ લૂછવા અને પાયાની જરૂરિયાતો પૂરી કરવી. બનાસકાંઠામાં કોંગ્રેસે કશું જ કર્યું નથી એવો દાવો એ રાજીવ ગાંધીના એ પરસેવા અને લોકો સાથેના આત્મીય જોડાણનું અપમાન સમાન લાગે છે. ઈતિહાસ ગવાહ છે કે જ્યારે બનાસકાંઠા તરસ્યું હતું, ત્યારે દિલ્હીથી ચાલીને એક નેતા અહીંની ધૂળ ફાંટવા આવ્યો હતો.

આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad - 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI

## ડાયરાના વાયરા : રંગ જમાવે ડાયરાબાનુ

આહાહા... સૌરાષ્ટ્રના મોટા મનના માનવીયુંની મહેમાનગતીની ઝાંખી કરાવતું આ કેવું સુંદર લોકગીત છે! આવું મેં કોઈને નહીં પણ પથુકાકાને પૂછ્યું. સવાલ સાંભળી કાકા જરાક મૂછમાં હસીને બોલ્યા, 'મને તો આ લોજિંગ-બોર્ડિંગનું ગાણું લાગે છે, ઉતારા કરતા જાવ... ભોજન કરતા જાવ...' મેં કાકાનો જવાબ સાંભળીને કહ્યું, 'કાકા, આ લોકગીતમાં સૌરાષ્ટ્રની પ્રજાનો ભાવ જોવાનો છે, લોજિંગ-બોર્ડિંગનું ભાડું નહીં, સમજાયું કે નહીં?'પથુકાકા બોલ્યા, 'અમે તો તારી આ (હો)બાળાકાકીએ સિનિયર સિટીઝનની કલબમાં લોકગીત લલકાર્યું કે: પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી... ગીત પૂરૂં થયું ત્યારે એક ટીખળી મેમ્બરે પૂછ્યું કે બાળાબેન, ઠેઠ પાવાગઢ ગયા તો સાથે માત્ર પાવલી લઈને જ કેમ ગયા? કાકીએ તડાક કરતો જવાબ દીધો કે પાવલી લઈને એટલે તમારા આ કાકાને લઈને ગઈ'તી, સમજ્યા? અમારામાં ધણીનું નામ ન લેવાયને એટલે મેં ગાયું કે, પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી...' મેં કાકાને પૂછ્યું, 'તમે નક્કી ક્યાંક ડાયરામાં આ ટુચકો સાંભળીને તમારા અને કાકીના નામે ચડાવી દીધો લાગે છે, સાચું કે નહીં?' કાકા બોલ્યા, 'હા ભાઈ હા... ડાયરામાં આ ટુચકો સાંભળેલો. બસ, હવે તારા જીવને શાંતિ? એક જમાનામાં ગામેગામ ડાયરા યોજાતા એ વખતે તો ડાયરાના કલાકારો નજીવો ચાર્જ લઈને આખી રાત ગળું છૂટ્ટું મેલીને ગાતા. ડાયરામાં મહિલા લોકગાયિકાઓ એટલે ડાયરીઓ પણ ખૂબ રંગ જમાવતી. આ કલાકારો નજીવો ચાર્જ લઈને ગાતાં. જ્યારે હવે તો ડાયરાવાળા અને હાસ્ય કલાકારો લાખો રૂપિયા ઢીલા કરો ત્યારે ગાવા અને હસાવવા તૈયાર થાય છે. ડાયરાવાળાના ચાર્જ સાંભળીને ભલભલાને ડાયરિયા થઈ જાય ડાયરિયા...' મેં કાકાને કહ્યું, 'હમણાં જ એક જાણીતા હાસ્યકલાકાર અને હાસ્યલેખક મિત્રે મજેદાર અનુભવ કહ્યો. ઉત્તર ગુજરાતના કોઈ શહેરમાંથી એમને સાહિત્યની પ્રવૃત્તિ કરતી સંસ્થાના મોભીનો ફોન આવ્યો કે અમે અમારા શહેરમાં તમારો હાસ્ય-રમૂજનો કાર્યક્રમ ગોઠવવા માગીએ છીએ. તમારી પૂરેપૂરી આગતાસ્વાગતા કરવામાં આવશે, સન્માનવામાં આવશે અને આ કાર્યક્રમથી તમને ખૂબ નામના મળશે. હાસ્યલેખક અને હાસ્યકલાકારે મોભીને મોઢે ચોપડાવી કે મારૂં નામ જાણીતું છે એટલે તો તમે મારો કોન્ટેકટ કર્યો. હવે બીજી વાત પછી, પહેલા એ ાત કહો કે પેમેન્ટ શું આપશે? પેમેન્ટની વાત સાંભળીને મોભી જરા મોળા પડી ગયા છતાં ખોંખારો ખાઈને બોલ્યા કે અમે તો સાહિત્યની સેવા કરીએ છીએ. એટલે જો કોઈ કલાકાર કે લેખકની અત્યંત નબળી સ્થિતિ હોય તો આવવા-જવાનું ગાડીભાડું આપીએ છીએ, બાકી તમારા જેવા જાણીતા હાસ્યકાર આવેને તો અમે બે ટંક પેટ ભરીને જમાડીએ છીએ અને રાત્રે ઉતારાની સગવડ કરી આપીએ છીએ. બાકી તો મારા સાહેબ, પૈસા તો હાથનો મેલ કહેવાય મેલ, શું ક્યો છો? હાસ્યકારે હસીને જવાબ આપ્યો- પૈસો હાથનો મેલ ભલે રહ્યો, એ મેલ કાઢીને તમતમારે આપી દેજોને? અમે બધા 'મેલખાઉં' પ્રોફેશનલ કલાકારો જ છીએ. હાહાહા...'પથુકાકા આ કિસ્સો સાંભળીને બોલી ઉઠયા, 'ચાર્જ કર્યા વિના મોબાઈલ પણ નથી ચાલતો ત્યાં ચાર્જ વગર માણસ ક્યાંથી ચાલે? હું એટલો નસીબદાર છું કે કે અનેક કલાકારોને જોયા છે, માણ્યા છે, જાણ્યા છે.' થોડા વખત પહેલાં રાજકોટ જવાનું થયું. રાજકોટમાં મને જોઈને બહુ નવાઈ લાગી કે ઠેકઠેકાણે લાઈવ ઢોકળાના સ્ટોલ જોવા મળ્યા. મેં અમારા યજમાનને પૂછ્યું કે લાઈવ પ્રોગ્રામ ઘણા જોયા, પણ આ લાઈવ ઢોકળા એટલે શું? યજમાને કહ્યું,'કૂકરમાંથી વરાળ નીકળતા ઢોકળા કાઢીને પીરસે એને કહે લાઈવ ઢોકળા.' બીજે દિવસ યજમાનની નાતના ફંકશનમાં લઈ ગયા. નાતના કલાકારોને અને છદ્મકલાકારોને સન્માનવાનો સમારંભ હતો. એક ટેબલ પર હારબંધ ટ્રોફીઓ ગોઠવેલી હતી. પ્રમુખશ્રી માઈક સામે આવીને એક પછી એક નામ બોલતા ગયા અને કલાકારોને ટ્રોફી આપતા ગયા. પહેલુ નામ બોલાયું - ગાયક ગિરધરજી સધ્ધરજી, પછી વાયોલિનવાદક રોહિત રંગીલાજી, તબલાવાદન અને ટેબલ પર હાથ પછાડી ટેબલાવાદન કરતા ટપુભા તબલચી વગેરે વગેરે... પ્રમુખશ્રી છેલ્લું નામ બોલ્યા અને પરચિય આપ્યો, 'હવે હુ જેનું નામ લઉં છું તેને સહુ ગાયકીને લીધે નહીં ખાઈકીને લીધે ઓળખે છે, એ છે ખમણ-સમ્રાટ ખીમજી ખમણ ઢોકળાવાળા...'

# ભારતમાં ભૂગર્ભજળના દોહનથી પૃથ્વી ધરી પર નમી જવાની શક્યતા

## પૃથ્વી ઉપર દર વર્ષે જેટલું ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે તેમાંથી ૨૫ ટકા કરતા વધારે પાણી ભારતમાં ખેંચાય છે




**1993થી 2010 વચ્ચે જે સ્તરે ભૂગર્ભજળ ખેંચવામાં આવ્યું હતું તેના પગલે પૃથ્વીના ઉત્તર ધ્રુવની દિશામાં ફેરફાર આવ્યો હતો. જાણકારોના મતે આ 17 વર્ષમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન દ્વારા અંદાજે ૫૪ ટ્રિલિયન લીટર પાણી ભૂગર્ભમાંથી ખેંચવામાં આવ્યું હતું. તેના કારણે પૃથ્વીની ધરી અંદાજે 78 સે.મી. પૂર્વ તરફ ખસી ગઈ છે : ભારત દ્વારા દર વર્ષે 250 થી 260 ક્યૂબિક કિલોમીટર જેટલું ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે જે ચીન અને અમેરિકાના સંયુક્ત ઉપયોગ કરતા વધારે છે. જે ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે તેમાંથી 90 ટકા પાણી તો ખેતીમાં સિંચાઈ તરીકે કામમાં લેવામાં આવે છે. પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને તમિલનાડુમાં સૌથી વધારે ભૂગર્ભજળ ખેંચવામાં અને વાપરવામાં આવે છે.**

દેશમાં ગરમીનું પ્રમાણ વધી રહ્યું છે. તેના કારણે તળાવો અને નદીઓ સુકાવા લાગ્યા છે. આગામી મહિનામાં તો સ્થિતિ વધારે કફોડી થઈ શકે તેમ છે. આ સમયે એક એવો અહેવાલ સામે આવ્યો છે જેણે સમગ્ર વિશ્વમાં ચિંતા જન્માવી છે. ભારતમાં પાણીના સ્ત્રોત માટે ભૂગર્ભજળનો સૌથી વધારે ઉપયોગ કરવામાં આવે છે. એવું માનવામાં આવે છે કે, ભારતમાં જે પ્રમાણમાં ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે તેટલું તો વિશ્વમાં કોઈપણ દેશ દ્વારા થઈ રહ્યું નથી. એવું કહેવામાં આવી રહ્યું છે કે, ભારતમાં જે સ્તરે ભૂગર્ભજળનું દોહન કરવામાં આવ્યું છે તેના કારણે પૃથ્વી પોતાની ધરી ઉપર નમી રહી છે. તેના કારણે તેનું સંતુલન ખરાબ થઈ રહ્યું છે. માત્ર પૃથ્વી ત્રાંસી થવાનો જ નહીં પણ વધારે પડતા ભૂગર્ભજળના ઉપયોગને પગલે ભવિષ્યમાં પાણીની મોટાપાયે તંગી સર્જાવાનો ભય રહેલો છે. જાણકારો માને છે કે, ભારતમાં જરૂર કરતા અતિશય વધારે પ્રમાણમાં ભૂગર્ભજળનું દોહન કરવામાં આવી રહ્યું છે. દુનિયામાં જેટલું ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે તેમાંથી ૨૫ ટકા કરતા વધારે પાણી માત્ર ભારતમાં ખેંચવામાં આવે છે. તેના કારણે જ પૃથ્વી પોતાની ધરી ઉપરથી ખસી જવાનો અને નમી જવાનો ભય સર્જાયો છે. તે ધીમે ધીમે અસંતુલિત થઈ રહી છે. જો આ જ રીતે પાણી ખેંચવાનું કામ ચાલતું રહ્યું તો ભવિષ્યમાં ઘણી મોટી સમસ્યા સર્જાઈ શકે છે. જાણકારો માને છે કે, ચીન અને અમેરિકા જેવા દેશોમાં પણ ભારતની સરખામણીએ ઓછા પ્રમાણમાં ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે અને તેનો ઉપયોગ કરવામાં આવે છે. આ સંજોગોમાં ભવિષ્યમાં મોટું સંકટ આવી શકે તેવા એંધાણ છે. તેનાથી સમગ્ર માનવજાતને સમસ્યા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે, જ્યારે જમીનની અંદરથી પાણી ખેંચવામાં આવે છે ત્યારે જમીનની અંદર રહેલું પ્રવાહીનું સંતુલન બગડે છે. પૃથ્વી ત્યારબાદ કોઈપણ રીતે આ પાણીને ફરીથી ત્યાં સુધી પહોંચાડીને સ્થિતિ સમતલ કરવાનો પ્રયાસ કરે છે. બીજી ગંભીર બાબત એવી છે કે, જમીનમાંથી જે પાણી ખેંચવામાં આવે છે તે કોઈપણ રીતે સમુદ્ર સુધી તો પહોંચી જ જાય છે અને તેના કારણે પૃથ્વી ઉપર રહેલું પ્રવાહીનું સંતુલન ફરીથી ડામડોળ થઈ જાય છે. પૃથ્વી એક ગોળા જેવી છે. તેની અંદર રહેલા પ્રવાહીનું વિતરણ બદલાતું રહે છે અને તેના કારણે તેના પરિભ્રમણની સ્થિતિ, તેના અક્ષ પણ ફરતા રહે છે અને ખસતા રહે છે. તેને પોલર મોશન કહેવામાં આવે છે. ચિંતાજનક વાત એ છે કે, દુનિયામાં સૌથી વધારે ભૂગર્ભજળનો ઉપયોગ ભારત દ્વારા કરવામાં આવે છે. ત્યારબાદ ચીન અને અમેરિકા ભૂગર્ભજળ ખેંચવામાં બીજા ક્રમે આવે છે. ત્રણ મોટા દેશો દ્વારા અતિશય રીતે પાણી ખેંચવામાં આવતા પૃથ્વી





ઉપર આ જોખમ સર્જાયું છે. પૃથ્વીનું સંતુલન સતત ખરાબ થઈ રહ્યું છે. નાસા અને અન્ય સંસ્થાઓ તથા એજન્સીઓના જણાવ્યા પ્રમાણે ૧૯૯૩થી ૨૦૧૦ વચ્ચે જે સ્તરે ભૂગર્ભજળ ખેંચવામાં આવ્યું હતું તેના પગલે પૃથ્વીના ઉત્તર ધરુવનની દિશામાં ફેરફાર આવ્યો હતો. જાણકારોના મતે આ ૧૭ વર્ષમાં ભારત, પાકિસ્તાન, બાંગ્લાદેશ અને ચીન દ્વારા અંદાજે ૫૪ ટ્રિલિયન લીટર પાણી ભૂગર્ભમાંથી ખેંચવામાં આવ્યું હતું. તેના કારણે પૃથ્વીની ધરી અંદાજે ૭૮ સે.મી. પૂર્વ તરફ ખસી ગઈ છે. બીજી ચિંતાજનક બાબત એવી છે કે, અહેવાલોના મતે ભારત દ્વારા સૌથી વધારે ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે. દુનિયાભરમાં દર વર્ષે જેટલું ભુગર્ભજળ ખેંચવામાં આવે છે તેમાંથી ૨૫ ટકા કરતા વધારે પાણી તો ભારત દ્વારા ખેંચવામાં આવે છે. દુનિયાના અન્ય તમામ દેશોની સરખામણીએ આ સૌથી વધારે છે. ભારત દ્વારા દર વર્ષે ૨૫૦ થી ૨૬૦ ક્યૂબિક કિલોમીટર જેટલું ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે જે ચીન અને અમેરિકાના સંયુક્ત ઉપયોગ કરતા વધારે છે. ભૂગર્ભજળનો ઉપયોગ કરનારા ટોચના દુનિયાના દસ દેશોમાં ભારત પહેલા ક્રમે આવે છે. ત્યારબાદ ચીન ૧૧૨ ક્યૂબિક કિલોમીટર સાથે બીજા ક્રમે અને અમેરિકા ૧૧૧ ક્યૂબિક કિલોમીટર દ્વારા ત્રીજા ક્રમે આવે છે.તાજેતરમાં સંસદમાં જ આ અંગે અહેવાલ રજૂ કરીને ચેતવણી ઉચ્ચારવામાં આવી હતી. અહેવાલમાં જણાવાયું હતું કે, ભારતમાં જમીનમાંથી વધારે પાણી ખેંચવાનું સૌથી મોટું કારણ ખેતી છે. જે ભૂગર્ભજળ ખેંચવામાં આવે છે તેમાંથી ૯૦ ટકા પાણી તો ખેતીમાં સિંચાઈ તરીકે કામમાં લેવામાં આવે છે. અનાજ, શેરડી, ઘઉં જેવા પાકને વધારે પાણીની જરૂર પડતી હોય છે. ભારતમાં હજી પણ ખેતી માટે સિંચાઈની વ્યવસ્થાનો અભાવછે.અનેકઅંતરિયાળગામડામાંપાણીનીવ્યવસ્થા પહોંચી નથી ત્યાં આ રીતે બોર દ્વારા અને ટયૂબવેલ દ્વારા પાણી ખેંચવામાં આવે છે. આ સિવાય ખેડૂતોને મફત અને સસ્તી વીજળી મળતી હોવાથી તેઓ ટયૂબવેલ વધારે પ્રમાણમાં ચલાવીને પાણી ખેંચે છે. તેના કારણે જ પાણીની જરૂર કરતા વધારે પાણી ખેંચાઈ જાય છે.ભારતમાં જ નજર કરવામાં આવે તો પંજાબ, હરિયાણા, રાજસ્થાન, ઉત્તર પ્રદેશ અને તમિલનાડુમાં સૌથી વધારે ભૂગર્ભજળ ખેંચવામાં અને વાપરવામાં આવે છે. આ સિવાય દિલ્હી, બેંગ્લુરૂ, હૈદરાબાદ જેવા શહેરોમાં ભૂગર્ભજળનું સ્તર ઝડપથી ઓછું થઈ રહ્યું છે. પંજાબ અને હરિયાણામાં પણ ભૂગર્ભજળના અતિશય ઉપયોગના કારણે પાણીના સ્તરમાં પ્રતિવર્ષ ૦.૫-૧ મીટર જેટલો ઘટાડો થઈ રહ્યો છે. ૨૧ જેટલા શહેરોમાં આગામી વર્ષમાં પાણીનું સ્તર અતિશય નીચે જવાની શક્યતાઓ સેવાઈ રહી છે.ખાસ વાત એવી છે કે, દેશમાં પંજાબ અને હરિયાણામાં સૌથી વધારે ભૂગર્ભજળનો ઉપયોગ થાય છે. અહીંયા અનાજ અને તેને સંલગ્ન પાક લેવાના હોવાથી પાણીનો અતિશય ઉપયોગ થાય છે. તેના કારણે તેઓ મોટાભાગે ભૂગર્ભજળ ઉપર જ આધાર રાખે છે. ૧૯૬૦ના દાયકામાં શરૂ થયેલી હરિતક્રાંતિને પગલે પંજાબ અને હરિયાણામાં ઘઉં અને ચોખા જેવા પાક સૌથી વધુ પ્રમાણમાં લેવાય છે. અહીંયા પાણીની જરૂર વધારે પડે છે, તે ઉપરાંત વીજળી મફત અથવા સસ્તા ભાવે મળે છે. તેના કારણે ખેડૂતો દ્વારા સિંચાઈ માટે સતત ભૂગર્ભજળનો ઉપયોગ કરવામાં આવ છે. ઘઉં, મકાઈ અને અન્ય અનાજ એવા પાક છે જેમાં પાણીનું પ્રમાણ વધારે જોઈએ છે અને તેના કારણે તેઓ સતત પાણીનો ઉપયોગ કરતા રહે છે અને જળસ્તર ઘટતું રહે છે. આ વિસ્તારોમાં જરૂર કરતા અતિશય ઓછી માત્રામાં જળસ્તર આવી ગયું છે. જાણકારો માને છે કે, આપણે ત્યાં પાણીનો જે પૂરવઠો પૂરો પાડવામાં આવે છે .

# રૂ. 289 કરોડમાં 25 એકરનું કેમ્પસ, વિદ્યાર્થીઓ ફક્ત પંદર

નવી દિલ્હી : ગ્રેટર નોઈડા ખાતે આવેલી 'પંડિત દિન દયાળ ઉપાધ્યાય પુરાતત્ત્વ સંસ્થાન'ને એ કારણે બનાવવામાં આવી હતી કે, પુરાતત્ત્વ ક્ષેત્રે ભારતનું સૌથી અગત્યનું રિસર્ચ અને ટ્રેનિંગ સેન્ટર બની રહે. ૨૫ એકરમાં ફેલાયેલા અને રૂ.૨૮૯ કરોડના ખર્ચે બનેલા આ ભવ્ય કેમ્પસનું ઉદઘાટન ૨૦૧૯માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કર્યું હતું. જો કે, આજે હકીકત કંઈક જુદી જ છે. કેમ્પસમાં દૂર દૂર સુધી માણસ તો ઠીક જનાવર પણ નજર આવતા નથી. ગ્રીનરી જોઈને એવુ લાગતું નથી કે, કેમ્પસ જીવંત છે. વડા પ્રધાન મોદીએ જ્યારે આ સંસ્થાનું ઉદઘાટન કર્યું હતું ત્યારે મોટી અપેક્ષા હતી. ૨૦૧૬ની ૨૮મી ઓક્ટોબરે તત્કાલિન ગૃહમંત્રી રાજનાથ સિંહે ભૂમિ પૂજન કર્યું હતું. કેમ્પસની બહાર લાગેલા બોર્ડમાંથી કેટલાક અક્ષરો ખરી પડયા છે. કેમ્પસમાં પ્રવેશ મેળવવો પણ લગભગ અશક્ય છે, બાંધવામાં આવેલુ મકાન ખુબ વિશાળ છે અને પાંચ માળનું છે. પરંતુ અહીં કોઈ કામ કરતું દેખાતું નથી. લગભગ બધા ઓરડાઓ બંધ હાલતમાં છે. સુંદર ઈમારત હોવા છતાં તેનો કોઈ ઉપયોગ થતો નથી. આમ આદમી



પાર્ટીના સાત ધારાસભ્યો ભાજપ સાથે જોડાઈ ગયા પછી એક સાંસદ એવા છે કે જેમણે આમ આદમી પાર્ટી સાથે હંમેશા વફાદાર રહેવાના સોગંધ લીધા છે. હવે પંજાબમાંથી બચેલા રાજ્ય સભાના એક માત્ર સાંસદ બાબા બલબીરસિંહ સિચેવાલે કહ્યું છે કે, પક્ષ છોડીને ગયેલા કેટલાલ સાંસદોએ ભૂતકાળમાં તેમની સાથે વાતચીત કરતી વખતે પક્ષ બદલવા માટે કોઈ વાત કરી ન હતી. સિચેવાલે કહ્યું હતું કે, 'એમનામાં હિંમત ન હતી કે, મને બીજા પક્ષમાં જોડાવાની ઓફર આપી શકે. મને પક્ષની અંદર કે બહાર સત્તા ગુમાવવાનો કોઈ ડર નથી. મેં કોઈ પણ પદ માટે માંગણી કરી ન હતી. પક્ષ પલ્ટો કરનારા મોટા ભાગના સાંસદોની નિમણૂક દિલ્હીથી થઈ હતી જ્યારે મને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને પસંદ કર્યો છે. પર્યાવરણ સબંધી મારી નિષ્ઠાને કારણે મેં રાજ્ય સભાના સાંસદ બનવાનો પ્રસ્તાવ નકાર્યો હતો. જો કે, છેવટે મેં, પ્રસ્તાવનો સ્વીકાર કર્યો હતો.'આમ આદમી પાર્ટીએ રાઘવ ચઢ્ઢા સહિત તમામ બળવાખોર સાંસદોને અયોગ્ય જાહેર કરવા માટે રાજ્યસભા અધ્યક્ષને પત્ર લખ્યો હતો. જો કે, રાજ્યસભા સચિવાલયે તેમની માંગણી ફગાવી દીધી છે. આ બાબતે કેન્દ્ર સરકારે પ્રતિક્રિયા આપી છે. કેન્દ્રીય સંસદીય મંત્રી કિરેન રિજજુએ સોશિયલ મિડીયા એક્સ પર એક પોસ્ટ મુકી છે પોસ્ટમાં એમણે લખ્યુ છે કે, 'રાજ્યસભાના અધ્યક્ષ સી.પી. રાધાકૃષ્ણને આમ આદમી પાર્ટીના તમામ સાંસદો ભાજપમાં જોડાયા તેનો સ્વિકાર કર્યો છે. રિજજુએ બળવાખોર સાંસદોના વખાણ કર્યા હતા, તેમણે કહ્યું કે, આ સાત સાંસદો પર અમારૂ ધ્યાન પહેલેથી હતું. આ સાંસદોએ કહી અપશબ્દોનો ઉપયોગ કર્યો ન હતો કે, ગેરશિસ્ત આચર્યું ન હતું.' રિજજુના આ નિવેદન પરથી લાગે છે કે, આપના બળવાખોર સાંસદો સાથે ભાજપના નેતાઓ પહેલેથી જ સંપર્કમાં હોવા જોઈએ. ભાજપ સાથેની સાંઠગાંઠ હોવાને કારણે આ સાંસદોનું વલણ રાજ્યસભામાં ભાજપ પ્રત્યે હંમેશા કૂણું રહ્યું હોઈ શકે છે. મહારાષ્ટ્ર સરકારે થોડા દિવસો પહેલા રાજ્યમાં રિક્ષા, ટેક્સી અને બીજા પબ્લીક ટ્રાન્સપોર્ટના ડ્રાયવરોને પરમીટ અને લાઈસન્સ મેળવવા માટે મરાઠી ભાષા બોલતા ફરજીયાત આવડવુ જોઈએ એવો પ્રસ્તાવ મુક્યો હતો. આ બાબતે સરકારમાં જ બે જૂથ પડી ગયા છે એક જૂથ આ જોગવાઈનું સમર્થન કરે છે જ્યારે બીજુ જૂથ વિરોધ કરે છે. શિવસેના (એકનાથ શિંદે)ના નેતા સંજય નિરૂપમે આ બાબતે બિન મરાઠીઓને વધુ સમય આપવા માંગણી કરી છે. મહારાષ્ટ્ર નવનિર્માણ સેના હંમેશની જેમ આ બાબતે આક્રમક છે તેમની દાદાગીરી છે કે, મહારાષ્ટ્રમાં જો કામ કરવું હશે તો, ડ્રાયવરોને મરાઠી ભાષા આવડવી જોઈએ. મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે આ બાબતે નરો વા કુંજરો વાનું વલણ રાખ્યુ છે. એમનું કહેવુ છે કે, મહારાષ્ટ્રમાં મરાઠી ભાષાનો આગ્રહ રાખવામાં કંઈ ખોટુ નથી જો કે, એ બાબતે વિવાદ થવો જોઈએ નહીં. રિક્ષા કે ટેક્ષી ડ્રાયવરોને મરાઠી આવડતું ન હોય તો અમે તેમને મરાઠી શીખવીશું આ બાબતે હિંસા થવી જોઈએ નહીં. ભારતીય ક્રિકેટ ટીમના ભૂતપુર્વ બોલર અને રાજ્યસભાના સાંસદ હરભજન સિંહની ઝેડ પ્લસની સુરક્ષા પંજાબ સરકારે પાછી ખેંચી લીધી છે. હરભજન સિંહના પી.એ.એ આ માહિતી આપી હતી. હરભજન સિંહને આમ આદમી પાર્ટીએ પંજાબથી રાજ્યસભામાં મોકલ્યા હતા. અગાઉ રાઘવ ચઢ્ઢાએ પણ જ્યારે આપ વિરૂધ્ધ નિવેદનો આપ્યા હતા.

## અગનગોળા વચ્ચે પણ ગિગ વર્કરોએ અવિરત કામ કરતાં રહેવું પડે છે

આકાશમાંથી અગનગોળા વરસી રહ્યા છે. બપોરનો સમય કરફ્યૂ સમાન બની ગયો છે. આવી પરિસ્થિતિમાં જેમણે અનિવાર્યપણે બહાર જવું પડે તેવા લોકો જ રસ્તા પર દેખાતા હોય છે. રોડના ટ્રાફિક સિગ્નલ પર એક મિનિટ રોકાવાનું આવે તો ટુ-વ્હીલર્સ ચલાવનારાઓ આકરા તાપનો ભોગ બને છે. આવા સમયે ગિગ વર્કર્સ પોતાના કામ માટે દોડધામ કરતા જોવા મળે છે. તેમને ગરમી નડતી નથી એવું નથી, પણ તેઓ ટાઢ-તાપ કે વરસાદને ગણકાર્યા વિના પોતાની ફરજ બજાવતા રહે છે. ગિગ વકર્સની વ્યાખ્યા ખાસ્સી વ્યાપક છે. ગિગ વર્કર્સ એટલે, ટૂંકમાં કહીએ તો, કુરીયર બોય, ઝોમેટો-સ્વિગી-એમેઝોન-બ્લિન્કિટ વગેરે સર્વિસીસના ડિલીવરી બોય, ઓલા-ઉબરની ટેક્ષી-ઓટો ચલાવનારા ડ્રાઈવરો વગેરે. તેમની ઈમર્જન્સી સેવા નથી હોતી, પણ તેઓ સતત પોતાની કંપની માટે કામ કરતા રહે છે. ઓફિસોમાં બેસીને કામ કરનારાઓ કરતાં તેમનો પગાર ઓછો હોવા છે, પણ કંપનીને ચાલતી રાખવામાં તેમનો સિંહફાળો હોય છે. ગિગ વર્કરની અલગ દુનિયા છે. રાત્રે અઢી વાગે ઘરે પણ ફૂડ ડિલીવર કરનારાઓ તમારે આંગણે આવી જાય છે. આજકાલ જ્યારે કાળઝાળ ગરમી છે ત્યારે ગિગ વર્કર ભરબપોરે પોતાને ફાળવેલી ડિલીવરી પૂરી કરતાં હોય છે. સતત ફરવું તેમની જોબનો એક ભાગ છે. ધોમધખતા તાપમાં પણ તેઓ પોતાનું કામ ચૂકતો નથી. કેટલીક સોસાયટીઓમાં બપોરે ૧૨થી ૪ કુરિયરવાળા માટે નો-એન્ટ્રી હોય છે, તેથી અહીં રહેનારાઓને કુરિયર પહોંચાડવા માટે નવેસરથી જવું પડે છે. વહેલી સવારથી જ ગિગ વર્ક કરનારા કામે લાગી જાય છે. કાળઝાળ ગરમીમાં ડિલીવરીનું કામ કરનારા પ્રત્યે આમ આદમી સહાનુભૂતિ બતાવતા હોય છે, પરંતુ તેમની કંપની કે સરકાર તેમનો બહુ ખ્યાલ નથી રાખતી. બહુ ઓછા લોકોને ખબર હશે કે કુરિયર મોડું ડિલીવર થાય તો ડિલીવરી બોયના પગારમાંથી કેટલીક રકમ કપાઈ જાય છે. એવી જ રીતે ફૂડ ડિલીવરી પણ સમયસર જ કરવી પડે છે. ૧૦ મિનિટમાં ડિલીવરીના કોન્સેપ્ટ વિરોધ એટલા માટે થયો હતો કે ડિલીવરી મેન સમય સાચવવા માટે વ્હીકલ ઝડપથી ચલાવતા હોય છે જે જોખમી બની શકે છે. ગિગ વર્કર માટે એરકંડિશનર એટલે ઝાડનો છાંયો. સખત ગરમીમાં ગિગ વર્કર કુદરતી એસીનો સહારો શોધતો હોય છે. જેમની પાસે જોબનો કોઈ વિકલ્પ નથી તેમના માટે ગિગ વર્કર તરીકે ચાલુ રહેવા સિવાય કોઈ છૂટકો હોતો નથી. ઈન્ડિયન ફેડરેશન ઓફ એપ-બેઝડ ટ્રાન્સપોર્ટ વર્કર્સે શ્રમ અને રોજગાર મંત્રાલયને લખ્યું છે કે હીટ વેવ સામે અમને પણ રક્ષણ મળવું જોઈએ. તેમણે કૂલિંગ બ્રેકની માંગ કરી છે. જ્યારે હવામાન ખાતું ઓરેન્જ એલર્ટ કે રેડ એલર્ટની જાહેરાત કરે ત્યારે ગિગ વર્કર્સની હાડમારીઓનું પણ ધ્યાન રાખવું જોઈએ. ફેડરેશને જાપાન, દ. કોરીયા, સિંગાપુર, ફ્રાન્સ વગેરે દેશોનો ઉલ્લેખ કરીને ત્યાં ગિગ વર્કરોને મળતી સવલતોની જેમ ભારતમાં પણ તેનો અમલ કરવા કહ્યું છે. ભારતમાં હાલ ૭૭ લાખ જેટલા ગિગ વર્કર્સ છે. ૨૦૨૯-૩૦માં આ આંક ૨.૩૫ કરોડ પર પહોંચવાનો અંદાજ છે.ગિગ વર્કર્સના ફેડરેશને સરકારને લખ્યું છે કે અમને ગરમીથી રક્ષણ આપવું જરૂરી છે. એક સૂચન એવું પણ કરાયું છે કે ગરમીના આક્રમણ વખતે ગિગ વર્કરની તબિયત અચાનક ખરાબ થાય તો હીટ ડિસ્ટ્રેસ બટન જેવી વ્યવસ્થા ઊભી કરવી જોઈએ.

## રાજકારણના કાદવમાં ઊગેલું ભાજપી કમળ હવે ગંધાવા માંડયું છે

સત્તાનાં સોગઠાં કેવી કેવી બાજી ખેલે છે એ હવે સ્પષ્ટ થવા લાગ્યું છે. ભાજપનો અસલી ચહેરો હવે મહોરામાંથી બહાર આવી ગયો છે. ઈડી (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ)ના ભયથી થરથર ધ્રૂજતા જુદા જુદા પક્ષના ભ્રષ્ટ નેતાઓ પોતાની ખાલ બચાવવા કેસરિયો ખેસ ઓઢતા થયા ત્યારે ભાજપનો ધરતીથી એક વેંત ઊંચો ચાલતો રથ ભોંયભેગો થઈ ગયેલો. કમ સે કમ આ ભાજપ અટલ બિહારી વાજપેયીનો તો રહ્યો નથી. સિદ્ધાંતો કે નીતિમત્તાની શરમ હવે રહી નથી. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત આ ભાજપને કેટલી હદે સ્વીકારે છે એ તો સંઘના નેતાઓ જાણે. ગઈ કાલ સુધી અરવિંદ કેજરીવાલના વફાદાર મનાતા એક બે નહીં, સાત સાત સાંસદો એટલે કે આપના બે તૃતિયાંશ સાંસદોએ પોતાના પગ તળે રેલો આવે એ પહેલાં કેસરિયો રંગ ચહેરા પર લગાડી લીધો. એને ભલે ઓપરેશન લોટસ નામ આપ્યું હોય, આ કમળ હવે મુરઝાવા માંડયું છે. કાદવમાં રહેલી દુર્ગંધ હવે કમળમાં આવવાની શરૂ થઈ ગઈ છે. ૨૦૧૪માં જ્યારે પહેલીવાર કેન્દ્રમાં નરેન્દ્ર મોદીની સરકાર રચાઈ ત્યારે ઘણા લોકોને એક પ્રકારની ધરપત થયેલી કે હવે સ્વચ્છ અને ડાઘ વગરના નેતાઓની સરકાર મળી છે. દેશ અને દુનિયામાં ચારેકોર એક પ્રકારની તાજગી અનુભવાઈ હતી. ધીમે ધીમે ભાજપે રાજકારણમાં ખેલાતા આટાપાટા (ખરેખર તો કાવાદાવા) રમવાના શરૂ કર્યા. માત્ર કોંગ્રેસ મુક્ત ભારત બનાવવાની મૂળ યોજના ખોરંભે પડી ગઈ. વિપક્ષ વિહોણું ભારત બનાવવું હોય એવાં પગલાં લેવાના શરૂ થઈ ગયા. અત્રે ૧૯૮૦ના દાયકાના વડા પ્રધાન ઈંદિરા ગાંધી યાદ આવે છે. મોરારજી દેસાઈની જનતા સરકારને પછાડયા બાદની ચૂંટણીમાં ફરી સત્તા પર આવ્યા ત્યારે ઈંદિરાએ નવ નવ રાજ્યોમાં આયારામ-ગયારામનો વિકૃત ખેલ નાખ્યો હતો. ગવર્નરોની બદલી અને સરકારોને ઊથલાવવાની ગંદી ચાલ ખેલી હતી. હરિયાણાના ભજનલાલે તો આખેઆખી સરકાર સહિત પાટલી બદલી હતી. ભાજપ હવે એવો ખેલ ખેલતો થયો છે. પવિત્રતાનો પાલવ ખભા પરથી સરકી ગયો છે. હજુ બે દિવસ પહેલાં જ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ખખડાવેલું કે તમે પશ્ચિમ બંગાળમાં તમારી સત્તાનો દુરુપયોગ કરી રહ્યા છો. આ જ સુપ્રીમ કોર્ટે એક સમયે પશ્ચિમ બંગાળના મુખ્ય પ્રધાન મમતા બેનરજીને પણ ખખડાવેલા. હવે એજ સુપ્રીમ કોર્ટે ચૂંટણી પંચને ખખડાવ્યું છે. એનો અર્થ સીધોસાદો એટલો જ છે કે શાસક પક્ષ (ભાજપ એમ વાંચો) હવે સત્તાના મદમાં સ્વચ્છંદી બની રહ્યો છે. કોઈ વ્યક્તિ કે પક્ષ આપણો વિરોધ કરે એવો રહેવો ન જોઈએ એવી ભાજપની નીતિમત્તા થઈ ગઈ છે. આપિયા, ખાપિયા, હાથિયા (અર્થાત્ કોંગ્રેસીઓ), ધાપિયા (મોટી મોટી ડંફાસો મારનારા) - ગઈ કાલ સુધી ખુદ ભાજપે જેમને ભ્રષ્ટ અને પ્રજાવિમુખ ગણાવેલા એ બધા હવે કેસરિયો ખેસ પહેરીને પવિત્ર થવા માંડયા છે. રામ તેરી ગંગા મૈલી હો ગયી પાપીયોં કે પાપ ધોતે ધોતે... કવિએ લખેલું. ભારતીય રાજકારણની ગંગા પણ હવે ગંધાતી ગટર બની રહી છે. કોઈ કહેતાં કોઈ પક્ષ કે નેતાને મતદારોનો ડર રહ્યો નથી. મતદારની જરૂર પાંચ વર્ષે એકવાર પડવાની છે. એ સમયે સામ, દામ, દંડ કે ભેદથી એને મનાવી લેશું. અત્યારે આપણે આપણી રીતે બાજી રમો એવી માનસિકતા પોલિટિશ્યનોની થઈ ગઈ છે. નીતિ, સેવા, સમર્પિતતા, પ્રમાણિકતા વગેરે શબ્દો હવે માત્ર ડિક્શનરી કે જોડણીકોશમાં રહી ગયા. જો જીતા વો હી સિકંદર... તમે ગમે તે કરો, ચૂંટણી જીતી બતાવો. એકવાર ચૂંટણી જીત્યા એટલે તમારાં તમામ કાળાં કરતૂતો બગલાની પાંખ જેવા સફેદ થઈ જવાના.

### આશુ રેડ્ડીએ કહ્યું- ખોટા સમાચાર ફેલાવશો તો કાર્યવાહી કરીશ

# સાઉથ એક્ટ્રેસ પર લાગ્યા છેતરપિંડીના આરોપો:દાવો- NRI સાથે લગ્નના નામે 9.35 કરોડની છેતરપિંડી

**તાજેતરમાં ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયરે હૈદરાબાદમાં એક્ટ્રેસ સહિત 3 લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયર વર્ષ 2018માં પોતાના પરિવારને મળવા હૈદરાબાદ આવ્યો હતો**

સાઉથની લોકપ્રિય એક્ટ્રેસ અને બિગ બોસ તેલુગુની પૂર્વ કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી આશુ રેડ્ડી વિરુદ્ધ તાજેતરમાં હૈદરાબાદમાં છેતરપિંડીના આરોપમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપ છે કે એક્ટ્રેસે એક NRI પાસેથી 9.35 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે. ચર્ચામાં આવ્યા પછી, હવે એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે તે અફવા ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરશે. આશુ રેડ્ડીએ તાજેતરમાં સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું, “મારી પરવાનગી વિના જે પણ સમાચાર કે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે, તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સન્માન જાળવો.”

તાજેતરમાં ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયરે હૈદરાબાદમાં એક્ટ્રેસ સહિત 3 લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયર વર્ષ 2018માં પોતાના પરિવારને મળવા હૈદરાબાદ આવ્યો હતો. અહીં એક સામાન્ય મિત્રએ તેની મુલાકાત એક્ટ્રેસ આશુ રેડ્ડી સાથે કરાવી. આશુએ જણાવ્યું હતું કે તે અમેરિકામાં અભ્યાસ કરી રહી છે.

જલ્દી જ બંનેની મિત્રતા થઈ ગઈ, જ્યારે ધર્મેન્દ્ર છૂટાછેડા લીધેલા હતા. બંનેની વાત લગ્ન સુધી પહોંચી ગઈ. આશુએ તેની સાથે લગ્નનું વચન આપ્યું અને કહ્યું કે- તેને છૂટાછેડા લીધેલા હોવાથી કોઈ વાંધો નથી. થોડા સમય પછી, આશુએ એજ્યુકેશન લોન ચૂકવવાના બહાને ધર્મેન્દ્ર પાસેથી પૈસા લીધા અને પછી ફ્લેટ, સોનું અને કાર સહિત ઘણી મોંઘી વસ્તુઓ ખરીદવા માટે પૈસા લીધા.

ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં એક પોલીસકર્મીના હવાલેથી લખવામાં આવ્યું છે કે, એક્ટ્રેસે ધર્મેન્દ્ર પાસેથી વર્ષો સુધી પૈસા લીધા, પરંતુ પછી 2020માં લગ્નની વાત પર થોડા સમય માટે રોકાઈ જવા કહ્યું. 2020માં બંને પરિવારોએ લગ્ન માટે મુલાકાત કરવાની હતી, પરંતુ ત્યારે એક્ટ્રેસે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો. જ્યારે ધર્મેન્દ્રએ લગ્ન તૂટવા પર પૈસા પાછા માંગ્યા, તો એક્ટ્રેસે રકમ પરત કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો.

રિપોર્ટ અનુસાર, એક્ટ્રેસે 70 લાખ પાછા આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે પણ પાછા ન આપ્યા. બાદમાં એક્ટ્રેસના પરિવારે દાવો કર્યો કે એક્ટ્રેસ ડિપ્રેશનમાં છે અને ધર્મેન્દ્ર સાથે જ લગ્ન કરવા માંગે છે. ફરિયાદીએ સંબંધને વધુ એક તક આપી, પરંતુ પછી જુલાઈ 2025માં ફરીથી લગ્નના વચનથી



ફરી ગઈ.ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જે સમયે 2025માં એક્ટ્રેસે લગ્નનું બહાનું આપ્યું હતું, ત્યારે પણ તે કોઈ બીજા સાથે રિલેશનશિપમાં હતી અને તેની પાસેથી પણ પૈસા લઈ રહી હતી.આશુ રેડ્ડી, બિગ બોસ તેલુગુ 3નો ભાગ રહી ચૂકી છે, જેનાથી તેને ઘણી લોકપ્રિયતા મળી હતી. ઉપરાંત તે સાઉથની ચલ મોહન રંગા (2018), ફોકસ (2022) જેવી ફિલ્મોમાં પણ જોવા મળી છે. સાઉથની લોકપ્રિય એક્ટ્રેસ અને બિગ બોસ તેલુગુની પૂર્વ કન્ટેસ્ટન્ટ રહી ચૂકેલી આશુ રેડ્ડી વિરુદ્ધ તાજેતરમાં હૈદરાબાદમાં છેતરપિંડીના આરોપમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપ છે કે એક્ટ્રેસે એક NRI પાસેથી 9.35 કરોડ રૂપિયાની છેતરપિંડી કરી છે. ચર્ચામાં આવ્યા પછી, હવે એક્ટ્રેસ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને જણાવ્યું છે કે તે અફવા ફેલાવનારાઓ સામે કાર્યવાહી કરશે. આશુ રેડ્ડીએ તાજેતરમાં સત્તાવાર સોશિયલ મીડિયા એકાઉન્ટ પર લખ્યું, “મારી પરવાનગી વિના જે પણ સમાચાર કે ખોટી માહિતી ફેલાવવામાં આવી રહી છે, તેની સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. સન્માન જાળવો.”તાજેતરમાં ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયરે હૈદરાબાદમાં એક્ટ્રેસ સહિત 3 લોકો વિરુદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ધર્મેન્દ્ર નામના NRI સોફ્ટવેર એન્જિનિયર વર્ષ 2018માં પોતાના પરિવારને મળવા હૈદરાબાદ આવ્યો હતો. અહીં એક સામાન્ય મિત્રએ તેની મુલાકાત એક્ટ્રેસ આશુ રેડ્ડી સાથે કરાવી. આશુએ જણાવ્યું હતું કે તે અમેરિકામાં અભ્યાસ કરી રહી છે.જલ્દી જ બંનેની મિત્રતા થઈ ગઈ, જ્યારે ધર્મેન્દ્ર છૂટાછેડા લીધેલા હતા. બંનેની વાત લગ્ન સુધી પહોંચી ગઈ. આશુએ તેની સાથે લગ્નનું વચન આપ્યું અને કહ્યું કે- તેને છૂટાછેડા લીધેલા હોવાથી કોઈ વાંધો નથી. થોડા સમય પછી, આશુએ એજ્યુકેશન લોન ચૂકવવાના બહાને ધર્મેન્દ્ર પાસેથી પૈસા લીધા અને પછી ફ્લેટ, સોનું અને કાર સહિત ઘણી મોંઘી વસ્તુઓ ખરીદવા માટે પૈસા લીધા.ટાઈમ્સ ઓફ ઈન્ડિયાના રિપોર્ટમાં એક પોલીસકર્મીના હવાલેથી લખવામાં આવ્યું છે કે, એક્ટ્રેસે ધર્મેન્દ્ર પાસેથી વર્ષો સુધી પૈસા લીધા, પરંતુ પછી 2020માં લગ્નની વાત પર થોડા સમય માટે રોકાઈ જવા કહ્યું. 2020માં બંને પરિવારોએ લગ્ન માટે મુલાકાત કરવાની હતી, પરંતુ ત્યારે એક્ટ્રેસે લગ્ન કરવાનો ઈનકાર કરી દીધો. જ્યારે ધર્મેન્દ્રએ લગ્ન તૂટવા પર પૈસા પાછા માંગ્યા, તો એક્ટ્રેસે રકમ પરત કરવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો.રિપોર્ટ અનુસાર, એક્ટ્રેસે 70 લાખ પાછા આપવાનું વચન આપ્યું હતું, પરંતુ તે પણ પાછા ન આપ્યા. બાદમાં એક્ટ્રેસના પરિવારે દાવો કર્યો કે એક્ટ્રેસ ડિપ્રેશનમાં છે અને ધર્મેન્દ્ર સાથે જ લગ્ન કરવા માંગે છે. ફરિયાદીએ સંબંધને વધુ એક તક આપી, પરંતુ પછી જુલાઈ 2025માં ફરીથી લગ્નના વચનથી ફરી ગઈ.ફરિયાદમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે જે સમયે 2025માં એક્ટ્રેસે લગ્નનું બહાનું આપ્યું હતું, ત્યારે પણ તે કોઈ બીજા સાથે રિલેશનશિપમાં હતી અને તેની પાસેથી પણ પૈસા લઈ રહી હતી. આશુ રેડ્ડી, બિગ બોસ તેલુગુ 3નો ભાગ રહી ચૂકી છે, જેનાથી તેને ઘણી લોકપ્રિયતા મળી હતી. ઉપરાંત તે સાઉથની ચલ મોહન રંગા (2018), ફોકસ (2022) જેવી ફિલ્મોમાં પણ જોવા મળી છે.

### રાધિકા મર્ચન્ટનો ફેશન સેન્સ હંમેશા ક્લાસિક અને એલિગન્ટ હોય છે

# 18 લાખની સ્કર્ટ, 1.6 લાખના સેન્ડલ...:અંબાણીની નાની વહુ રાધિકા મર્ચન્ટનો લક્ઝરી લુક છવાયો



રાધિકા મર્ચન્ટનો ફેશન સેન્સ હંમેશા ક્લાસિક અને એલિગન્ટ હોય છે. તાજેતરમાં જ્યારે પોપ સિંગર રિહાના એન્ટિલિયા પહોંચી ત્યારે રાધિકાનો ખૂબ જ સિમ્પલ-સોબર લુક સામે આવ્યો. ફોટોઝમાં તે બેજ અને વ્હાઈટ કલરના ખૂબ જ સુંદર કો-ઓર્ડ સેટમાં જોવા મળી રહી હતી. પરંતુ તેના સાદગીભર્યા લુકની કિંમત પણ લાખોમાં હતી. રાધિકાએ લક્ઝરી ઈટાલિયન ફેશન હાઉસ 'મિયુ મિયુ'નો આઉટફિટ પહેર્યો હતો. તેનો આ લુક ઉનાળાની સીઝન મુજબ ખૂબ જ સારો લાગી રહ્યો હતો. આ આઉટફિટમાં તેણે ન્યુટ્રલ કલર્સ સાથે પોતાની નેચરલ સુંદરતાને ફ્લોન્ટ કરી હતી.સ્કર્ટ સાથે રાધિકાએ સફેદ રંગની એમ્બ્રોઇડરીવાળી સાઇડ-ટાઇ શર્ટ પહેરી હતી, જેના પર પણ જીણવટભર્યા ફ્લોરલ મોટિફ્સ બનેલા છે. સાઇડ ટાઇ-અપ ડિટેલ્સવાળો આ ટોપ તેના લુકને મોડર્ન અને કૂલ વાઈબ આપી રહ્યો છે. રાધિકાનો સ્કર્ટ સાદા ફેબ્રિકમાંથી બનેલો ન હતો. તેને પ્રીમિયમ કોટન સૅટિન ફેબ્રિકમાંથી બનાવવામાં આવ્યો હતો, જેના પર હાથથી નાજુક ફૂલોનું ભરતકામ કરવામાં આવ્યું હતું. તેમાં સજાવેલા ક્રિસ્ટલ્સ અને બીડ્સ તેને એક લક્ઝરી અને સ્પાર્કલિંગ ટચ આપી રહ્યા હતા.MiuMiuની ઓફિશિયલ વેબસાઈટ પર રાધિકાના આ એમ્બ્રોઈડર-કોટન સૅટિન મિડી સ્કર્ટ (Embroidered cotton satin midi-skirt)ની કિંમત AED 71,000 છે જે ભારતીય રૂપિયામાં લગભગ 18.21 લાખ રૂપિયા થાય છે.લક્ઝરી સેન્ડલની કિંમત SAR 6,700 એટલે કે ભારતીય રૂપિયામાં લગભગ 1.68 લાખ રૂપિયા થાય છે.(ફોટો: MiuMiu)રાધિકાએ પોતાના આ મોંઘા લુકને ખૂબ જ સિમ્પલ રાખ્યો હતો. ખુલ્લા વાળ, કાનમાં સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને ન્યૂડ મેકઅપ રાખ્યો હતો. રાધિકા મર્ચન્ટનો ફેશન સેન્સ હંમેશા ક્લાસિક અને એલિગન્ટ હોય છે. તાજેતરમાં જ્યારે પોપ સિંગર રિહાના એન્ટિલિયા પહોંચી ત્યારે રાધિકાનો ખૂબ જ સિમ્પલ-સોબર લુક સામે આવ્યો. ફોટોઝમાં તે બેજ અને વ્હાઈટ કલરના ખૂબ જ સુંદર કો-ઓર્ડ સેટમાં જોવા મળી રહી હતી. પરંતુ તેના સાદગીભર્યા લુકની કિંમત પણ લાખોમાં હતી. રાધિકાએ લક્ઝરી ઈટાલિયન ફેશન હાઉસ 'મિયુ મિયુ'નો આઉટફિટ પહેર્યો હતો. તેનો આ લુક ઉનાળાની સીઝન મુજબ ખૂબ જ સારો લાગી રહ્યો હતો. આ આઉટફિટમાં તેણે ન્યુટ્રલ કલર્સ સાથે પોતાની નેચરલ સુંદરતાને ફ્લોન્ટ કરી હતી.સ્કર્ટ સાથે રાધિકાએ સફેદ રંગની એમ્બ્રોઇડરીવાળી સાઇડ-ટાઇ શર્ટ પહેરી હતી, જેના પર પણ જીણવટભર્યા ફ્લોરલ મોટિફ્સ બનેલા છે. સાઇડ ટાઇ-અપ ડિટેલ્સવાળો આ ટોપ તેના લુકને મોડર્ન અને કૂલ વાઈબ આપી રહ્યો છે. રાધિકાનો સ્કર્ટ સાદા ફેબ્રિકમાંથી બનેલો ન હતો. તેને પ્રીમિયમ કોટન સૅટિન ફેબ્રિકમાંથી બનાવવામાં આવ્યો હતો, જેના પર હાથથી નાજુક ફૂલોનું ભરતકામ કરવામાં આવ્યું હતું. તેમાં સજાવેલા ક્રિસ્ટલ્સ અને બીડ્સ તેને એક લક્ઝરી અને સ્પાર્કલિંગ ટચ આપી રહ્યા હતા.MiuMiuની ઓફિશિયલ વેબસાઈટ પર રાધિકાના આ એમ્બ્રોઈડર-કોટન સૅટિન મિડી સ્કર્ટ (Embroidered cotton satin midi-skirt)ની કિંમત AED 71,000 છે જે ભારતીય રૂપિયામાં લગભગ 18.21 લાખ રૂપિયા થાય છે.લુકને પૂર્ણ કરવા માટે રાધિકાએ મેચિંગ સેન્ડલ પહેર્યા હતા. આ પણ મિયુ મિયુ બ્રાન્ડના 'એમ્બ્રોઈડર્ડ ડ્રિલ સેન્ડલ' છે. તેમની સૅટિન ફિનિશ અને ફ્લોરલ ડિઝાઈન તેમના એકંદર આઉટફિટ સાથે સંપૂર્ણપણે મેચ થઈ રહી હતી.(Photo: MiuMiu) સેન્ડલની કિંમત પણ ઘણી વધારેMiuMiuની ઓફિશિયલ વેબસાઈટ મુજબ, લક્ઝરી સેન્ડલની કિંમત SAR 6,700 એટલે કે ભારતીય રૂપિયામાં લગભગ 1.68 લાખ રૂપિયા થાય છે.(ફોટો: MiuMiu)રાધિકાએ પોતાના આ મોંઘા લુકને ખૂબ જ સિમ્પલ રાખ્યો હતો. ખુલ્લા વાળ, કાનમાં સ્ટેટમેન્ટ ઈયરિંગ્સ અને ન્યૂડ મેકઅપ રાખ્યો હતો.

### 15 મેના રોજ રિલીઝ થશે આયુષ્માનની નવી ફિલ્મ

# 35 કરોડમાં વેચાયા 'પતિ પત્ની ઔર વો 2' ના બ્રોડકાસ્ટ રાઈટ્સ, 2019ની હિટ ફિલ્મની સિક્વલ

આયુષ્માન ખુરાનાની નવી કોમેડી ફિલ્મ 'પતિ પત્ની ઔર વો 2' ટૂંક સમયમાં દર્શકો સમક્ષ આવવાની છે. આ ફિલ્મમાં તેમની સાથે સારા અલી ખાન, રકુલ પ્રીત સિંહ અને વામિકા ગબ્બી મુખ્ય ભૂમિકાઓમાં જોવા મળશે. ફિલ્મનું નિર્દેશન મુદસ્સર અઝીઝે કર્યું છે. તાજેતરમાં જ ફિલ્મનું ટીઝર રિલીઝ કરવામાં આવ્યું હતું, ત્યારબાદ તેનું એક ગીત પણ સામે આવ્યું. આ ફિલ્મ સંબંધો વચ્ચે ઊભી થતી હાસ્યજનક પરિસ્થિતિઓને દર્શાવે છે, જે દર્શકોનું ભરપૂર મનોરંજન કરશે. અહેવાલો અનુસાર, 'આ ફિલ્મના વિશ્વભરમાં પ્રદર્શનના રાઈટ્સ ઝી સ્ટુડિયોઝે લગભગ 35 કરોડ રૂપિયામાં ખરીદ્યા છે. તેમાંથી ભારતમાં પ્રદર્શનના રાઈટ્સ 27 કરોડ રૂપિયા અને વિદેશમાં પ્રદર્શનના રાઈટ્સ 8 કરોડ રૂપિયામાં નક્કી થયા છે.એવું કહેવામાં આવી રહ્યું છે કે ફિલ્મને મોટા પાયે રિલીઝ કરવામાં આવશે. 15 મેના રોજ આ ફિલ્મ એકલી સિનેમાઘરોમાં આવશે, જેનાથી તેને દર્શકોનો સારો પ્રતિસાદ મળી શકે છે. આ એક પારિવારિક મનોરંજન ફિલ્મ છે અને સિનેમાઘરોના માલિકો પણ તેને લઈને ઉત્સાહિત છે. એવું માનવામાં આવે છે કે ભારતમાં લગભગ 65 કરોડ રૂપિયાનો વ્યવસાય થતાં જ ડિસ્ટ્રીબ્યુટર્સનો ખર્ચ નીકળી જશે.

ટીઝરમાં આયુષ્માન ખુરાના 'પ્રજાપતિ પાંડે'ના પાત્રમાં જોવા મળશે. આ વખતે તેમના જીવનમાં મૂંઝવણનું સ્તર ઘણું વધારે છે. આયુષ્માન એક કે બે નહીં, પરંતુ ત્રણ મહિલાઓ વચ્ચે ફસાસે. ફિલ્મમાં વિજય રાજ એક પોલીસકર્મીની ભૂમિકામાં છે.આ ફિલ્મ 2019માં આવેલી 'પતિ પત્ની ઔર વો' ફ્રેન્ચાઈઝીનો



બીજો ભાગ છે. છેલ્લા ભાગમાં કાર્તિક આર્યન, ભૂમિ પેડનેકર અને અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં હતા, જેને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. આ વખતે મેકર્સે આખી સ્ટાર કાસ્ટ બદલી નાખી છે. ટીઝરમાં આયુષ્માન ખુરાના 'પ્રજાપતિ પાંડે'ના પાત્રમાં જોવા મળશે. આ વખતે તેમના જીવનમાં મૂંઝવણનું સ્તર ઘણું વધારે છે. આયુષ્માન એક કે બે નહીં, પરંતુ ત્રણ મહિલાઓ વચ્ચે ફસાસે. ફિલ્મમાં વિજય રાજ એક પોલીસકર્મીની ભૂમિકામાં છે.આ ફિલ્મ 2019માં આવેલી 'પતિ પત્ની ઔર વો' ફ્રેન્ચાઈઝીનો બીજો ભાગ છે. છેલ્લા ભાગમાં કાર્તિક આર્યન, ભૂમિ પેડનેકર અને અનન્યા પાંડે મુખ્ય ભૂમિકામાં હતા, જેને દર્શકોએ ખૂબ પસંદ કરી હતી. આ વખતે મેકર્સે આખી સ્ટાર કાસ્ટ બદલી નાખી છે.

### 'જવાન 2'ની શરૂઆતનું કામ પૂરું થઈ ગયું છે

# શાહરુખ ખાનની 'જવાન 2' ની તૈયારી:'કિંગ' પછી શૂટિંગ શરૂ થશે, સાઉથના મોટા એક્ટરને વિલન બનાવવાની તૈયારી



શાહરુખ ખાન પોતાની ફિલ્મ 'કિંગ'નું શૂટિંગ પૂરું કર્યા પછી 'જવાન'ની સિક્વલ પર કામ શરૂ કરશે. 'જવાન 2'ની શરૂઆતનું કામ પૂરું થઈ ગયું છે. ફિલ્મની સ્ક્રિપ્ટ છેલ્લા ઘણા મહિનાઓથી લખાઈ રહી હતી, જેને હવે ફાઈનલ કરી દેવામાં આવી છે. 'જવાન 2'નો આઈડિયા ઘણા સમયથી પાઈપલાઈનમાં હતો. ઈન્ડિયા ટુડેના રિપોર્ટ અનુસાર, ફિલ્મની સ્ક્રિપ્ટ હવે સંપૂર્ણપણે તૈયાર છે. 'જવાન'માં વિજય સેતુપતિએ વિલનનો દમદાર રોલ ભજવ્યો હતો, જેને દર્શકોએ ખૂબ પસંદ કર્યો હતો. હવે સિક્વલ માટે મેકર્સ કોઈ મોટા સાઉથ સુપરસ્ટારને વિલન તરીકે સાઈન કરવાની યોજના બનાવી રહ્યા છે. ફિલ્મની કાસ્ટિંગને લઈને ટૂંક સમયમાં મોટા ખુલાસા થઈ શકે છેઆ સિક્વલ દ્વારા શાહરુખ ખાન અને ડિરેક્ટર એટલી ફરી એકવાર સાથે કામ કરશે. 'જવાન' સાથે એટલીએ હિન્દી સિનેમામાં પોતાની એક અલગ ઓળખ બનાવી હતી. માહિતી અનુસાર, ફિલ્મનું શૂટિંગ આવતા વર્ષે એટલે કે 2027માં શરૂ થઈ શકે છે. શાહરુખ આ વખતે 'જવાન'ના યુનિવર્સને વધુ મોટું બનાવવા માંગે છે. તેઓ ઈચ્છે છે કે ફિલ્મનો સ્કેલ અને માસ અપીલ પહેલા કરતા ક્યાંય વધારે હોય. જોકે, મેકર્સ તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.વર્ષ 2023માં રિલીઝ થયેલી 'જવાન'એ બોક્સ ઓફિસ પર કમાણીના ઘણા રેકોર્ડ તોડી નાખ્યા હતા. ફિલ્મે દુનિયાભરમાં 1,100 કરોડ રૂપિયાથી વધુનું ગ્રોસ કલેક્શન કર્યું હતું. આ ભારતની સૌથી વધુ કમાણી કરનારી ફિલ્મોમાંની એક છે. ફિલ્મમાં નયનતારા અને વિજય સેતુપતિ લીડ રોલમાં હતા, જ્યારે દીપિકા પાદુકોણે એક ખાસ ભૂમિકા ભજવી હતી. ફિલ્મના એક્શન અને ગીતોએ દેશભરના સિનેમાઘરોમાં જબરદસ્ત માહોલ બનાવી દીધો હતો.

### 'મને થોડીવાર સૂવા દો'

# આશા ભોસલેના પૌત્રએ દાદી સાથેની અંતિમ વાતચીત જણાવી, કહ્યું- 'તેમણે નિધનના એક દિવસ પહેલાં જ નાટક જોયું હતું'

દિગ્ગજ સિંગર આશા ભોસલે તેમના નિધનથી એક દિવસ પહેલા મુંબઈમાં ત્રણ કલાકનું મરાઠી નાટક જોવા ગયાં હતાં. ત્યાં તેઓ સ્ટેજ પર પણ ગયાં હતાં અને નાટક જોવા આવેલા લોકોને ઠપકો આપતા કલાને જીવંત રાખવાની વાત કરી હતી. આ વાત આશા ભોસલેના પૌત્ર ચિન્ટુ ભોસલેએ સ્ક્રીનને આપેલા ઈન્ટરવ્યુમાં જણાવી હતી. આશા ભોસલેનું 12 એપ્રિલે 92 વર્ષની વયે નિધન થયું હતું. તેમના પરિવારમાં દીકરો આનંદ ભોસલે અને પૌત્ર-પૌત્રી ઝનાઈ ભોસલે અને ચિન્ટુ ભોસલે છે.ચિન્ટુએ આશા ભોસલેની અંતિમ ક્ષણોને યાદ કરતા જણાવ્યું કે, મૃત્યુના 3-4 દિવસ પહેલા તેમની છેલ્લી વાતચીત થઈ હતી. તે સાંજે તેમણે ઈરાન-અમેરિકા-ઈઝરાયેલ યુદ્ધ પર વાત કરી હતી અને સાથે કેરી ખાધી હતી.તેમણે આગળ કહ્યું, 'તેઓ ખૂબ શાંતિથી ગયાં. ઊંઘમાં જ તેમનું નિધન થયું. તેમને કોઈ પીડા નહોતી. અમે કહ્યું હતું કે અમે હોસ્પિટલ આવીશું, પરંતુ તેમણે કહ્યું હતું, 'મને થોડીવાર સૂવા દો.' તેમણે પોતાની શરતો પર એવી જ રીતે દુનિયા છોડી, જે રીતે તેમણે આખી જિંદગી જીવી હતી.'ચૈતન્ય ભોસલેને પ્રેમથી ચિન્ટુ કહેવામાં આવે છે, તેઓ એક સંગીતકાર, ગાયક અને કન્ટેન્ટ ક્રિએટર છે. તેઓ આશા ભોસલેના દિવંગત પુત્ર હેમંત ભોસલેના પુત્ર છે.પરિવાર વિશે વાત કરતા ચિન્ટુએ કહ્યું કે બધા આ દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, ઝનાઈ આ ઘટનાથી સંપૂર્ણપણે ભાંગી પડી છે, કારણ કે તે આશા ભોસલેની ખૂબ નજીક હતી. બંનેએ સાથે ઘણા શો કર્યા હતા.ચિન્ટુએ કહ્યું કે, પરિવાર દુઃખમાં પણ આશા ભોસલેના જીવનની ઉજવણી કરી રહ્યો છે. બધા લોકો સાથે બેસે છે, ડિનર કરે છે, વાતો કરે છે અને હસે છે. તેમણે કહ્યું કે આ જ રીત છે જેનાથી તેઓ આ દુઃખને સંભાળી રહ્યા છે.. ઊંઘમાં જ તેમનું નિધન થયું. તેમને કોઈ પીડા નહોતી. અમે કહ્યું હતું કે અમે હોસ્પિટલ આવીશું, પરંતુ તેમણે કહ્યું હતું, 'મને થોડીવાર સૂવા દો.' તેમણે પોતાની શરતો પર એવી જ રીતે દુનિયા છોડી, જે રીતે તેમણે આખી જિંદગી જીવી હતી.'ચૈતન્ય ભોસલેને પ્રેમથી ચિન્ટુ કહેવામાં આવે છે, તેઓ એક સંગીતકાર, ગાયક અને કન્ટેન્ટ ક્રિએટર છે. તેઓ આશા ભોસલેના દિવંગત પુત્ર હેમંત ભોસલેના પુત્ર છે.પરિવાર વિશે વાત કરતા ચિન્ટુએ કહ્યું કે બધા આ દુઃખમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે જણાવ્યું કે, ઝનાઈ આ ઘટનાથી સંપૂર્ણપણે ભાંગી પડી છે, કારણ કે તે આશા ભોસલેની ખૂબ નજીક હતી. બંનેએ સાથે ઘણા શો કર્યા હતા.ચિન્ટુએ કહ્યું કે, પરિવાર દુઃખમાં પણ આશા ભોસલેના જીવનની ઉજવણી કરી રહ્યો છે. બધા લોકો સાથે બેસે છે, ડિનર કરે છે, વાતો કરે છે અને હસે છે. તેમણે કહ્યું કે આ જ રીત છે જેનાથી તેઓ આ દુઃખને સંભાળી રહ્યા છે.

